દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 256 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 October 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૩૦ ઑક્ટોબર ૨૦૨૫, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૭ ૮ ૯ ૧૦ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




રવિ ૨ નવેમ્બર, દાદર, મુંબઈ ▶ સવારે ૧૦ વાગે, કિર્તે ભંડારી હોલ, દાદર, મુંબઈ
સર્વ જ્ઞાતિય મેળાવડો ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
તરત સંપર્ક કરો 1800 267 7991 ▶ બધા કાર્યક્રમો માટે : પૂર્વ નોંધણી જરૂરી! ફક્ત કુંવારા ઉમેદવારો માટે. વધુ ૨૫ થી ૩૨ વર્ષ, વર ૨૬ થી૩૬ વર્ષ
▶ ૧,૩૦,૦૦૦+ સુખી લગ્નો
▶ ૧૦૦૦+ ઈવેન્ટ્સ
▶ ૫૦+ વર્ષો નો અનુભવ
▶ ૧૦૦% વૈયક્તિક સહાય
Download Anuroop App
App Store
Google play
અનુરૂપ જોડીદાર એટલે યોગ્ય જોડીદાર
ગુજરાતી અને મરાઠી ભાવિ વર-કન્યાઓ માટે
॥ અનુરૂપ ॥
www.anuroopwiwaha.com
સંપર્ક : 1800 267 7991
• મુંબઈ કાર્યાલય : દાદર (પ), 400028
• ગુજરાત કાર્યાલય : માંજલપુર, વડોદરા 390011
• અમદાવાદ કાર્યાલય : પાલડી, અમદાવાદ 380024
• મુખ્ય કાર્યાલય : કર્વે રોડ, પુણે 411004
BLOOM/25/73
(દહેજ નહીં)


# અમેરિકા ભારત સાથે વેપાર કરાર કરશેઃ ટ્રમ્પ


SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


▶ 'ભારત-પાક યુદ્ધ રોકવા મેં વેપારને લગતી ધમકી આપી હતી' ▶ 'ઑપરેશન સિંદૂરમાં સાત નવાં વિમાન તોડી પડાયાં હતાં' ▶ 'મોદી દૃઢ મનવાળી, પિતાતુલ્ય, સોહામણી વ્યક્તિ'

ટોક્યો / સૉલઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે દાવો કર્યો હતો કે અમેરિકા અને ભારત સૂચિત વેપાર કરાર માટે મંત્રણા કરી રહ્યા છે અને ટૂંક સમયમાં દ્વિપક્ષી વેપાર કરાર કરાશે.

ટ્રમ્પે દક્ષિણ કોરિયાના ગિએઓંગજુમાં એશિયા - પેસિફિક ઇકૉનૉમિક કૉઑપરેશનના સીઇઓની સમિટને સંબોધતા જણાવ્યું હતું કે મને ભારતના વડા પ્રધાન મોદી પ્રત્યે પ્રેમ અને માન છે. અમારા વચ્ચે બહુ સારા સંબંધ છે.

ટ્રમ્પે ભારત સાથેના સૂચિત વેપાર-કરારને લગતી વધુ વિગત નહોતી આપી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે મોદી દૃઢ મનવાળી, પિતાતુલ્ય, સોહામણી વ્યક્તિ છે. મેં જ ભારત - પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું હતું. મેં અણુશસ્ત્રો ધરાવતા આ બે પાડોશી દેશ વચ્ચે યુદ્ધ અટકાવવા વેપારને લગતી ધમકી આપી હતી. 'ઑપરેશન સિંદૂર'માં સાત (જુઓ પાનું ૨) ▶▶



## મોદી મત મેળવવા ડાન્સ પણ કરી શકેઃ રાહુલ બેફામ

મુઝફ્ફરપુર/દરભંગા : કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર બેરોકટોક પ્રહારો કરતાં આક્ષેપ કર્યો હતો કે મોદી મત મેળવવા કંઈ પણ કરી શકે અને જરૂર પડે તો ડાન્સ પણ કરી શકે. રાહુલે આક્ષેપ કર્યો હતો કે ભાજપ રીમોટ કંટ્રોલ વડે બિહારમાં નીતીશ કુમારની સરકાર ચલાવી રહી છે.

રાહુલે મુઝફ્ફરપુર અને દરભંગામાં બે રૅલી કરીને રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં (જુઓ પાનું ૨) ▶▶

## મુર્મૂએ પાકિસ્તાનને ખોટું પાડ્યું, આબરૂ કાઢી

### 'ઑપરેશન સિંદૂર'માં સ્ક્વૉડ્રન લીડર શિવાંગી સિંહને પકડ્યાનો ઈસ્લામાબાદે દાવો કરેલો હવે મુર્મૂએ તેમની સાથે રાફેલમાં ઉડ્ડયન કરીને ફોટો પડાવ્યો

અંબાલાઃ પાકિસ્તાને મે મહિનામાં ભારતના રાફેલ વિમાનનાં જે પાઇલટ - સ્ક્વૉડ્રન લીડર શિવાંગી સિંહને પકડ્યા હોવાનો દાવો કર્યો હતો, તેમની સાથે જ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ અંબાલા ઍરબેઝ ખાતેથી બુધવારે રાફેલ યુદ્ધવિમાનમાં ઉડ્ડયન કર્યું હતું અને તેમની સાથે ફોટો પડાવીને ઇસ્લામાબાદના દાવાને ખોટો સાબિત કર્યો હતો.

ભારતે મેમાં પાકિસ્તાનમાંની ત્રાસવાદીઓની છાવણીઓ પર હુમલો કર્યો હતો. ઇસ્લામાબાદ અને પાકિસ્તાનના પ્રસારમાધ્યમોમાં (જુઓ પાનું ૨) ▶▶






## ભારત વિશ્વ માટે દીવાદાંડીઃ મોદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતને વૈશ્વિક તણાવ, વ્યાપારી વિક્ષેપો અને બદલાઈ રહેલી પુરવઠાની શૃંખલાઓ વચ્ચે આખા વિશ્વ માટે ભારતને સ્થિર દીવાદાંડી તરીકે રજૂ કર્યું હતું.

ભારત વ્યૂહાત્મક સ્વાયત્તતા, શાંતિ અને (જુઓ પાનું ૨) ▶▶




## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સરકારમાં પગાર વધવાની સાથે એકાઉન્ટિબિલિટી પણ નક્કી થવી જોઈએ

નરેન્દ્ર મોદી સરકારે અંતે સરકારી કર્મચારીઓ માટેના આઠમા પગાર પંચને રચનાને સત્તાવાર અને વિધિવત મંજૂરી આપી દીધી. મોદી સરકારે આઠમા પગાર પંચની રચનાની જાહેરાત જાન્યુઆરી ૨૦૨૫ માં કરી હતી પણ કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી સહિતની ઔપચારિકતાઓ બાકી હતી. આ ઔપચારિકતા પૂરી કરીને સરકારે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઈના પ્રમુખપદે ૮ સભ્યોના પગાર પંચની રચનાને લીલી ઝંડી આપી દીધી છે. આ પગાર પંચ ૧૮ મહિનામાં ભલામણો સાથેનો રિપોર્ટ સરકારને સોંપશે. સરકાર આ ભલામણો સ્વીકારીને ક્યારથી તેનો અમલ શરૂ કરવો એ નક્કી કરશે પણ પગારવધારાનો અમલ પાછલી અસરથી થશે. મતલબ કે, અમલ ગમે ત્યારે શરૂ થાય પગાર વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી લાગુ થઈ જશે.

વાસ્તવિક અમલ અને સૈદ્ધાંતિક અમલ વચ્ચે જે પણ ગાળો હશે એ દરમિયાનનું એરિયર્સ એટલે કે પગાર તફાવત કઈ રીતે આપવો તેનો નિર્ણય સરકાર કરશે પણ મોટા ભાગે એકાદ વરસની અંદર એરિયર્સ મળી જતાં હોય છે એ જોતાં ૨૦૨૮ની શરૂઆત થાય ત્યાં સુધીમાં મોટા ભાગે એરિયર્સ મળી જવાં જોઈએ પણ ૨૦૨૯માં લોકસભાની ચૂંટણીમાં લાભ લેવા માટે આ નિર્ણય એકાદ વરસ પાછો ઠેલાઈ શકે છે. મતલબ કે, ૨૦૨૯ના જાન્યુઆરી સુધીમાં પાકે પાયે નવું પગાર ધોરણ પણ અમલી બની જશે અને કર્મચારીઓને પગાર તફાવત પણ મળી જશે.

લોકસભાની ૨૦૨૯ની ચૂંટણી પહેલાં સરકારી કર્મચારીઓને ઘી-કેળાં થઈ જશે તેમાં મીનમેખ નથી કેમ કે ભાજપને ૨૦૨૪નો અનુભવ પાકો છે. મોદી સરકાર ૨૦૧૯ની ચૂંટણી જીત્યા પછી સરકારી કર્મચારીઓ માટે હવે પછી નવું કોઈ પગાર પંચ નથી જ લાવવું એવું વલણ અપનાવીને બેઠી હતી. કર્મચારીઓના પગારના કારણે સરકારના માથે બહુ બોજ આવે છે તેથી નવું પગાર પંચ લાવવામાં નહીં જ આવે એવાં નિવેદનો મોદી સરકારના મંત્રીઓ છડેચોક આપતા હતા. ભાજપના નેતાઓને એમ જ હતું કે, હિંદુત્વનો ઉન્માદ પેદા કરીને બહુ સરળતાથી ચૂંટણી જીતી લેવાય છે પછી કર્મચારીઓને પગાર વધારો આપવાની શું જરૂર ?

ભાજપના વલણથી નારાજ સરકારી કર્મચારીઓએ ભાજપ વિરોધી મતદાન કર્યું અને લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં ૨૪૦ બેઠકો મળી પછી ભાજપના નેતાઓની સાન ઠેકાણે આવી ગઈ. ચૂંટણીનાં પરિણામોના વરસમાં તો મોદી સરકારે સરકારી કર્મચારીઓને ખુશ કરવા નવા પગાર પંચની રચનાની જાહેરાત કરવી પડી અને ૨૦૨૬થી તેનો અમલ કરવાની ચોખવટ પણ કરી નાખી કે જેથી સરકારી કર્મચારીઓને એવું ના લાગે કે, સરકાર ગાજર લટકાવીને ઉલ્લુ બનાવી રહી છે. સરકારી કર્મચારીઓનો ભરોસો પાછો જીતવા ને વધારે તો તેમના વોટ માટે હવે ભાજપ સરકાર કોઈ ચાન્સ નહીં લે. આ કારણે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં આઠમા પગાર પંચનો અમલ નક્કી છે.

આઠમા પગાર પંચના અમલથી આશરે ૫૦ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૯ લાખ પેન્શનરોને સીધો ફાયદો થશે કેમ કે તેમના પગાર વધી જશે. આ પગાર વધારો કેટલો હશે તેનો આધાર પગાર પંચની ભલામણો અને સરકાર આ ભલામણો સંપૂર્ણપણે સ્વીકારે છે કે નહીં તેના પર છે પણ અત્યારે આશા છે કે, પગાર લગભગ ડબલ થઈ જશે. નવા પગાર પંચનો અમલ થાય ત્યારે મોંઘવારી ભથ્થું શૂન્ય થઈ જતું હોય છે અને ફિટમેન્ટ ફેક્ટર નક્કી કરાય છે. ફિટમેન્ટ ફેક્ટર જે નક્કી થાય એટલા ગણો બેઝિક પગાર થઈ જાય.

ફિટમેન્ટ ફેક્ટર મોંઘવારી આધારિત હોય છે. સાતમા પગાર પંચમાં ફિટમેન્ટ ફેક્ટર ૨.૫૭ હતો તેથી કર્મચારીઓના બેઝિક પગાર લગભગ અઢી ગણા થઈ ગયેલા પણ મોંઘવારી ભથ્થું ૭૦ ટકાની ઉપર પહોંચી ગયેલું ને એ બંધ થઈ ગયેલું તેથી પગાર લગભગ દોઢ ગણો વધેલો. આ વખતે ફિટમેન્ટ ૨.૮૬ હશે એવી આશા છે તેથી બેઝિક પગાર ૨.૮૬ ગણા થશે. કુલ પગારમાં મોંઘવારી ભથ્થું, હાઉસ રેન્ટ એલાઉન્સ (એચઆરએ), ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, સિટી કન્વેયન્સ સહિતનાં ભથ્થાં પણ સામેલ હોય છે તેથી બીજાં ભથ્થાં પણ બદલાશે, સામે હાલનું ૫૫ ટકા ડીએ બાદ થઈ જશે તેથી પગાર લગભગ બમણો થઈ જશે એવી આશા છે.

મોદી સરકાર આંકડાની માયાજાળ રચીને ફુગાવો કાબૂમાં હોવાનું ચિત્ર ઊભું કરે છે પણ વાસ્તવમાં મોંઘવારી બેહદ વધી છે. જીવનજરૂરિયાતની ચીજોના ભાવ તો ધીરે ધીરે સામાન્ય માણસની પહોંચની બહાર જ નીકળતા જાય છે. હમણાં મોદી સરકારે જીએસટીમાં ઘટાડાનો મોટો નિર્ણય લીધો. આ નિર્ણય સરહાનિય છે તેમાં કોઈ શંકા નથી. તેના કારણે સામાન્ય લોકોને બહુ રાહત થઈ ગઈ હોવાનો જબરદસ્ત પ્રચાર કરાયો પણ ખરેખર રાહત થઈ કે કેમ તેમાં શંકા છે કેમ કે ઘણા કેસોમાં જૂનો માલ પડ્યો હોવાના બહાને કરઘટાડાની રાહત ના અપાઈ ને બાકીના કેસોમાં ભાવવધારો કરીને લોકોને લૂંટી લેવાયા.

આ રાહત થોડા ઘણા અંશે થઈ હોય તો પણ તેના કારણે મોંઘવારીની અસર સરભર નથી જ થવાની એ જોતાં સરકારી કર્મચારી હોય કે બીજા પગારદારો હોય, બધાં માટે પગાર વધારો જરૂરી છે. આ સંજોગોમાં સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને રાહત થાય તેનાથી આપણે ખુશ થવું જોઈએ અને આ પગાર વધારો શક્ય એટલો જલદી અમલી બને એવી આશા પણ રાખવી જોઈએ પણ સાથે સાથે સરકારી તંત્ર વધારે એકાઉન્ટેબલ બને અને વધારે કાર્યક્ષમ બને એવી પણ આશા છે.

મોદી સરકારે સરકારી તંત્રમાં બેઠેલા લોકોની એકાઉન્ટેબિલિટી એટલે કે જવાબદેહિતા પણ નક્કી કરવી જરૂરી છે. આપણે ત્યાં સરકારી નોકરી કરનારા લોકોએ શું કામ કરવાનું એ નક્કી હોય છે, તેના માટે દર મહિને તેમને પગાર મળે એ પણ નક્કી હોય છે ને એ પગાર ના મળે તો સરકાર નિષ્ફળ ગઈ છે એવો કકળાટ થઈ જાય પણ સરકારી કર્મચારી કામ ના કરે તો તેને કશું થતું નથી. સરકારી કર્મચારીઓની એકાઉન્ટેબિલિટી એટલે કે જવાબદેહિતા નક્કી નથી તેથી સરકારી નોકરિયાત કશું કામ ના કરે તો પણ તેનું કોઈ કશું ઉખાડી શકતું નથી. સરકારી કર્મચારી કામ ના કરે ને લોકોને વણજોઈતા ધક્કા ખવડાવે તો પણ કશું થતું નથી. કોઈ તેનું કશું તોડી શકતું જ નથી.

આપણા આખા સરકારી તંત્રમાં આ સ્થિતિ બધા સ્તરે છે. કર્મચારી હોય કે અધિકારી, એ કંઈ ના કરે તો પણ તેનું કોઈ કશું બગાડી શકતું નથી. આ સ્થિતિ બદલીને દરેક સરકારી કર્મચારીની જવાબદેહિતા નક્કી કરવાની છે. ખાનગી ક્ષેત્રમાં કર્મચારીએ પરફોર્મ કરવું પડે છે એ રીતે સરકારી ક્ષેત્રમાં પણ કર્મચારી કે અધિકારીએ પરફોર્મ કરવું જ પડે એવો કાયદો સરકારે લાવવો જોઈએ. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, ગુરુવાર, તા. ૩૦-૧૦-૨૦૨૫, દુર્ગાષ્ટમી ગોપાષ્ટમી, કુષ્માંડ નવમી

- ભારતીય દિનાંક ૮, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૫મો જમાદિલ અવ્વલ સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૮-૩૩ સુધી, પછી ઘનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતીઃ સાંજે ક. ૧૭-૩૯,
- ઓટઃ બપોરે ક. ૧૨-૪૬, મધ્યરાત્રે ક. ૦૦-૦૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક શુક્લ – અષ્ટમી. દુર્ગાષ્ટમી ગોપાષ્ટમી, કુષ્માંડ નવમી, અક્ષય નવમી, સત્યુગાદિ, ત્રિવેન્દ્ર આર્ટ (કેરાલા), સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં, વાહન દેડકો.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા, દેવી ભાગવત, ચંડીપાઠ, હવન, ચંદ્ર-ગુરુ-મંગળ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વાહન સવારી, દુકાન, વેપાર, વિદ્યારંભ, હજામત, માલ લેવો, પ્રયાણ શુભ, નામકરણ, બાળકને અન્નપ્રાશન, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, ધજા કળશ પતાકા ચઢાવવી.
- આચમનઃ બુધ-હર્ષલ પ્રતિયુતિ સ્વતંત્ર બુદ્ધિવાળા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ લાગણીવાળા
- ખગોળ જ્યોતિષઃ બુધ-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૩૧) ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# નહોતી ખબર કે રૂહમાં ખુશ્બૂ હોય છે, મરી ગયા પછી શરીર ગંધાય છે

સમયે જબરદસ્ત કરવટ બદલી છે.

દુનિયાનો કોઈ પણ દેશ, સમાજ લઈ લો!

બીજાના સુખે સુખી થવાની પ્રણાલી ભૂતકાળ બની ગઈ છે. 'મારું મારા બાપનું, તારામાં મારો અડધો ભાગ' જાણે નિયમ બની ગયો છે. પરિણામે ગરીબોની, હાલબેહાલ લોકોની સંખ્યા ન કલ્પી શકાય તેટલી વધી રહી છે. એમાં પશ્ચિમના કહેવાતા પ્રગતિકર્તા દેશો પણ બાકાત રહેવા પામ્યા નથી. કાગડા બધે કાળા જ.

– ઉકરડા પર બેસતા કાગડા મોરના પંખ લગાવી પોતાને મોર સમજી રહ્યા છે.

* દંભ, * દેખાવ, * વિલાસિતા જેવા

* અવગુણ એટલા બધાં વધતાં જઈ રહ્યા છે કે આર્થિક રીતે મોંઘા જીવનધોરણને નિભાવી રાખવા માટે ખોટા – અપ્રમાણિક માર્ગો યુવા પેઢી અપનાવતી થઈ ગઈ છે. આ વાતાવરણની દૂષિત અસર દરેક ઘર – કુટુંબમાં ફેલાવા લાગી છે, એટલે વડીલોને, વાલીઓને, માવિત્રોને અરે, સમાજના મોવડીઓને પણ જોઈએ કે સ્વચ્છ વાતાવરણ સ્થાપવા કયા માર્ગો, કે જે ઈસ્લામી સંસ્કૃતિને ઉજાગર કરતા હોય તે અપનાવવામાં આવે! સમય આવી ગયો છે કે આની શરૂઆત ઘરથી કરવામાં આવે. મા-બાપ, પરિવારજનો કરકસર અને સાદગીભર્યું જીવન અપનાવશે તો ભાવિ પેઢી પણ સ્વચ્છ મનોવૃત્તિવાળી થશે.

દીને ઈસ્લામે તેની ઉમ્મત (અનુયાયી)ને કરકસર અને સાદાઈથી જીવન બસર કરવાની આજ્ઞા આપી છે અને પયગંબરો, વલિ ઓલિયાઓ, રાજ્યકર્તા વગેરેનાં સુકૃત્યોને જાણીએ છીએ ત્યારે પ્રેરણા પ્રાપ્ત થયા વિના રહેતી નથી. આ સંદર્ભમાં ખલીફા (શાસનકર્તા) હઝરત અબુબકર રદ્દિયતઆલા અને અન્હો (અર્થઃ અલ્લાહતઆલા આપના પર રાજી રહે)નો એક પ્રસંગ બોધ આપનારો બની રહેવા પામશે.

આપ હઝરત ઈસ્લામી શાસનના ખલીફા હોવા છતાં પોતાના અંગત ખર્ચ માટે રાજ્યના ખજાનામાંથી માત્ર બે દિહરમ (તે સમયના નાણાં) લેતા હતા. એથી અત્યંત કષ્ટ વેઠતાં આપનાં પત્નીએ કંટાળી જઈને કહ્યું, 'રોજે રોજ તો જાડા અને લુખાં રોટલાં ખાતાં કંટાળો આવે છે. કોઈક દિવસ મીઠું ખાવા મળે એવી વ્યવસ્થા કરો...!'

હઝરત અબુબકર (રદ્દિ. અન્હો)એ બીબીને સમજ પાડી કે, 'કરકસર કરીને એ પોતે જ મીઠી વાનગીનો બંદોબસ્ત કરી શકે છે!'

આથી બીબીએ થોડું થોડું બચાવીને એક દિવસ મીઠી વાનગી બનાવી અને ગર્વપૂર્વક હઝરત અબુબકર (રદ્દિ. અન્હો)ને પીરસી.

આપે મિષ્ટાન આરોગતા કહ્યું, 'આનો અર્થ તો એ થયો કે બે દિરહમ કરતાં પણ ઓછા ખર્ચથી આપણે ઘર ચલાવી શકીએ છીએ!'

– અને કહેવાની જરૂર નથી કે ખલીફા હઝરત અબુબકર (રદ્દિ. અન્હો)એ રાજ્યના ખજાનામાંથી બે દિરહમને બદલે દોઢ દિરહમ જ લેવાની શરૂઆત કરી.

આજે સમય બદલાયો છે. સંજોગ પહેલા જેવા રહ્યાં નથી. આમ છતાં જોઈતાં સુધારા પણ જરૂરી તો છેજ. આ સુધારાની શરૂઆત આપણાં ઘરથી જ થવી જોઈએ.

* ઘરથી જ સુધારાની, આદર્શની શરૂઆત થતાં એની અસર સમાજને પહોંચશે.
* સમાજનો પ્રભાવ દેશ પર પડશે.
* પહેલ કરવા માટે કોઈની પ્રતીક્ષા કરવાની જરૂર નથી.
* આરંભ અને અમલ ઘરઆંગણેથી થવો જોઈએ.
* આ પહેલની અસર પહેલાં પડોશમાં થશે.
* સુધારાની અસરકારકતાનો વ્યાપ એટલો બધો વધતો જશે કે કુટુંબ, સમાજ અને દેશ માટે તે ફાયદેમંદ સાબિત થશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

– વ્હાલા વાચક મિત્રો! એક નિર્વિવાદ સચ્ચાઈને સમજી લેવી ઘટે કે, સમય ઝડપથી કરવટ (પડખું) બદલી રહ્યા છે. * સમાજના હોદ્દેદારો, મુલ્લા – મૌલવીઓ, ટ્રસ્ટીઓ સામે, દેશના નેતાઓ અને હુકૂમતજાદાઓ સામે ફરિયાદ કરવા કે કરતાં રહેવાના દિવસો હવે ભૂતકાળ બની રહ્યાં છે. આપણે આપણા દિલ પર હાથ મૂકી, ઘડીભર વિચારી લેવું જોઈએ કે આ પરિસ્થિતિ ઊભી કરવા માટે ક્યાંક આપણે તો દોષી નથી ને? અપરાધી ઠરતા નથી ને?

* આપણા પગ નીચેના રેલાની વાત પ્રથમ જુઓ.
* જીવનમાં પૈસો જ કાંઈ આદર્શ નથી.
* ગમે તે ભોગે મેળવેલ પૈસાએ જિંદગી દુઃખી બનાવી છે.
* વધુ પડતાં પૈસા આવવાથી માથા પર એકબોજ આવી ગયા હોવાનો અહેસાસ થાય છે.
* ભૌતિક સુખે રાતની નિંદ અને દિવસનો ચેન છીનવી લીધો છે.
* હાજતમંદોની એક ટંક ભોજનના પણ વાંધા છે.
* જરૂરતમંદોની આર્થિક સ્થિતિ એટલી બધી બેહાલ બની ગઈ છે, કે કુદરત પોતાની નારાજગી બતાવી રહી છે. કુદરત ઈન્સાન જાતથી રૂઠી ગઈ છે.
* પૈસાની લાલસા એવી છે કે એમાંથી જીવનની સરિતાના મીઠાં ફળ સૂકાઈ જાય છે અને સૂકાય નહીં તો ખારાં તો થઈ જ જાય છે.
* પૈસા જેવું શોષણખોર આ દુનિયામાં કોઈ ન હોય ને પરિશ્રમ, ઈમાનદારીથી મેળવેલ પૈસો સચ્ચાઈના માર્ગે ખર્ચ કરો, અલ્લાહના માર્ગમાં તેણે આપેલી અમાનત (હાજતમંદોને) એવી રીતે આપો, કામધંધે લગાડો કે કાલે તેઓ પણ સ્વાવલંબી બની બીજાને મદદ કરતા થઈ જાય.

'સાથી હાથ બઢાના,
એક અકેલા થક જાયે
તો મિલકર બોજ ઉઠાના' પંક્તિને જીવંત કરવાનો હકીકત – વાસ્તવિક જામો પહેરાવવાનો સામય આવી ગયો છે.

**પ્રેરણાસ્ત્રોતઃ**

ઈસ્લામના આખરી પયગંબર હઝરત મુહંમ્મદ સાહેબ ખુત્બા, ધાર્મિક પ્રવચનમાં હિદાયત, ધર્મની સાચી સમજ (બોધ, ઉપદેશ, નસિહત)માં વખતો વખત ફરમાવતા હતા કે 'અય અલ્લાહના બંદાઓ! પરહેઝગારી (સંયમ) ઈખ્તિયાર (ધારણ) કરો. અલ્લાહની સમીપ રહેવાની એ એક મજબૂત રસ્સી છે તથા મૌતને તેના આવ્યા અગાઉ યાદ રાખો કારણ કે તે યકીની (નિશ્ચિત) છે, અગર તમે તેનાથી ભાગો અથવા કોઈ ગુફામાં છુપાઈ જાઓ તો પણ...!

'મોમિન બંદાની મિસાલ (ઉદાહરણ) એક મુસાફીર જેવી છે જે થોડા જ સમયમાં સફર પૂરી કરી નાખે છે માટે તૌબા (પ્રાયશ્ચિત્ત) કરી લો, તે ગુનાહની, જે આગળ થઈ ચૂક્યા છે અને અલ્લાહ તમારા પર કરમ અને કૃપા – મહેરબાની કરવાવાળો છે. તમારા થોડા અમલને (આચરણને) કબૂલ રાખશે તથા ઘણા બધા ગુનાહોને માફ કરશે, પરંતુ એ શર્તે કે એક વખત જે ગુનાહની સાચી તૌબા કરી લીધા પછી ફરીથી તેનું આચરણ હરગીઝ થવું જોઈએ નહીં અને તોજ અલ્લાહ દરેક બદી તથા બુરાઈને છુપાવી દેશે અને તમને એવી જન્નત (સ્વર્ગ)માં દાખલ કરશે કે જેની નીચે નહેર વહે છે!'

અલ્લાહતઆલાએ તેના મહેબૂબને ઉદ્દેશીને ફરમાવ્યું છે કે – 'અય રસૂલ! તમે મારા બંદાઓને કહો કે જેણે તેના નફસ (મનેચ્છા) પર ઈસરાફ અર્થાત્ જબરદસ્તી કરી હોય તેણે અલ્લાહની રહમત (દયા)થી નિરાશ થવાની જરૂર નથી, બેશક! તમારો અલ્લાહ ગુનાહોને બક્ષવાવાળો (ક્ષમા પ્રદાન કરનારો) છે કારણ કે તેની સિફત (વિશેષતા) જ ગફરૂર રહીમ (દયા કરનાર ઈશ્વર) છે...!

આ લખનારે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા છે, કે દુનિયાનું જીવન કાયમ નથી, મૃત્યુ નિશ્ચિત છે અને મૌતનો ડર નથી પરંતુ ચિંતા ફક્ત એ વાતની છે કે માથે જવાબદારી ઘણી છે, દીકરી હજુ પરણાવવાની છે, દીકરો નાનો છે, પત્નીની તબિયત નાદુરસ્ત રહે છે વગેરે વગેરે... આમ મૌતના ડરને નવા વાઘા પહેરાવીને, સંજોગો આગળ મૂકી પોતે જો હયાત ન રહે તો આ કાર્ય કઈ રીતે પાર પડે? તો અહીં પ્રશ્ન એ પૂછવાનું મન થાય છે કે શું સંતાનો અને પત્નીનો ખુદા નથી? શું પોતે જ સરપ્રસ્ત છે? આ તેનો નર્યો ભ્રમ છે. ખરું પૂછો તો મૌતનો જ તેને ભય છે. બહાના કાઢી પોતાની જાતને તે છેતરી રહ્યો છે.

મૃત્યુ એક આનંદપ્રદ – સુખદ અનુભવ છે એવું માનવાને પ્રેરતી પવિત્ર કુરાનની એક આયત (શ્લોક)માં અલ્લાહતઆલા ફરમાવે છે કે – 'કુલ્લો નફસીન ઝાએકતુલ મવ્ત...!' અર્થાત્ઃ દરેક જીવ મૌતની મજા માણશે!

પરહેઝગાર આલીમો અર્થાત્ સંયમ પાળનારા જાણકાર, વિદ્વાનોના કિસ્સા ત્વારીખે ઈસ્લામમાં તથા આજના જમાનામાં પણ જોવા – જાણવા મળે છે. આવા જ્ઞાની સૂફી – સંતો મૃત્યુને આનંદમય સમજે છે. દુનિયાની પેલે પાર જે જીવન છે તેજ ખરું અને સુખી જીવન છે એટલે તેઓ મૌતને અવસર સમજી બેબાકળા બની જતા નથી. આ પંક્તિ મુજબ 'નહોતી ખબર રૂહમાં' ખુશ્બૂ હોય છે, મરી ગયા પછી શરીર ગંધાય છે...!'

**સાપ્તાહિક સંદેશઃ**

સારા કાર્ય આરંભનારને તેનું પુણ્ય આલોક અને પરલોક (મૃત્યુ પછીનું જીવન) બંનેમાં મળશે.

– હઝરત ઈમામ હુસૈન (અલૈયહિ સલ્લામ) ■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકા ભારત સાથે વેપાર

નવા વિમાન તોડી પડાયાં હતાં. પાકિસ્તાનના લશ્કરના વડા ફિલ્ડ માર્શલ અસિમ મુનિર 'મહાન લડવૈયા' અને 'મહાન વ્યક્તિ' છે.

તેમણે દાવો કર્યો હતો કે સાતથી દસ મે દરમિયાન હાથ ધરાયેલા ઑપરેશન સિંદૂરમાં સાત નવા સુંદર વિમાન તોડી પડાયાં હતાં.

ટ્રમ્પે દક્ષિણ કોરિયાના ગિએઓંગજુમાં એશિયા – પેસિફિક ઇકૉનૉમિક કૉઑપરેશનના સીઇઓની સમિટને સંબોધતા જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદી સોહામણી વ્યક્તિ છે. તમને તમારા પિતા પણ મોદી જેવા જ હોય એવી ઇચ્છા જરૂર થાય. તેઓ મારકણી નજર ધરાવે છે. તેઓ દઢ મન ધરાવતા હોવાથી તેમને સમજાવવા બહુ મુશ્કેલ છે.

એશિયાના ત્રણ દેશના પ્રવાસે નીકળેલા ટ્રમ્પે જાપાનથી દક્ષિણ કોરિયા આવ્યા બાદ જણાવ્યું હતું કે મારા મોદી સાથેના સંબંધ બહુ જ સારા છે. ભારત અને પાકિસ્તાન યુદ્ધ રોકવા મેં વેપારના મુદ્દાનો ઉપયોગ કર્યો હતો.

### ટ્રમ્પે સ્વીકાર્યું કે પ્રમુખપદની ત્રીજી મુદત માટે લડી નહીં શકાય

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે એ વાત કબૂલી હતી કે બંધારણીય વાસ્તવિકતાને લીધે મને અમેરિકાના પ્રમુખની ત્રીજી મુદત માટે લડવામાં રસ હોવા છતાં હું લડી શકું એમ નથી. આ અતિશય ખરાબ વાત છે. એર ફોર્સ વનમાં જાપાનથી કોરિયા જતા ટ્રમ્પે પત્રકારોને કહ્યું હતું કે જો તમે બંધારણ વાંચો તો એ સ્પષ્ટ છે કે મને ત્રીજી મુદત માટે લડવાની છૂટ નથી. આ અતિશય ખરાબ છે. હાઉસના સ્પીકર માઈક જોન્સને કહ્યું હતું કે ટ્રમ્પ માટે ત્રીજી મુદત વાઈટ હાઉસમાં રહેવું અશક્ય છે. જોન્સનના આ નિવેદનના એક દિવસ બાદ બુધવારે ટ્રમ્પે આ ટિપ્પણી કરી હતી. અગાઉ ટ્રમ્પ વારંવાર ત્રીજી મુદત માટે ઊભા રહેવા અને ન ઊભા રહેવાની વાત કરતા હતા. (એજન્સી)

### મોદી મત મેળવવા

પ્રચારના શ્રીગણેશ કર્યા હતા.

ઈન્ડિયા બ્લોકના મુખ્ય પ્રધાનપદના ચહેરા તેજસ્વી યાદવ સાથે સંયુક્ત રૅલી કરતા રાહુલે કહ્યું હતું કે તમે ટીવી પર એ ડ્રામા જોયો હશે કે મોદી છઠ્ઠ પૂજામાં યમુનામાં ડૂબકી મારવાના છે. નદીનું પાણી અતિશય ગંદું હોવાથી પાઈપ દ્વારા સ્વચ્છ પાણી છોડીને એક ખાબોચિયું તૈયાર કરવામાં આવ્યું હતું. આ વાત ઉઘાડી પડતાં અંતે ડૂબકી મારવાની યોજના પડતી મૂકાઈ હતી. (એજન્સી) ■

### મુર્મૂએ પાકિસ્તાનને ખોટું પાડ્યું

તે વખતે દાવો કરાયો હતો કે અમે ભારતના રાફેલ વિમાનનાં પાઇલટ – સ્ક્વૉડ્રન લીડર શિવાંગી સિંહને પકડ્યા છે.

વારાણસીમાં જન્મેલા સ્ક્વૉડ્રન લીડર શિવાંગી સિંહની સાથે રાષ્ટ્રપ્રમુખ મુર્મૂ ૨૯ ઑક્ટોબરે હરિયાણામાંના ભારતીય હવાઇ દળના મથક ખાતેથી બહુ-હેતુલક્ષી નવા રાફેલ યુદ્ધવિમાનમાં ઊડ્યા હતા. ■

### ભારત વિશ્વ માટે દીવાદાંડી

સર્વસમાવેશક વિકાસનું પ્રતીક છે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં 'ઇન્ડિયા મેરિટાઇમ વીક ૨૦૨૫' કાર્યક્રમમાં મેરિટાઇમ લીડર્સની પરિષદને સંબોધતા કહ્યું હતું. ભારતની જીવંત લોકશાહી અને વિશ્વસનીયતા એવી વસ્તુ છે જે ભારતને ખાસ બનાવે છે, એમ પણ મોદીએ કહ્યું હતું. જ્યારે વિશ્વમાં સમુદ્રો ઊથલપાથલનો સામનો કરતા હોય છે, ત્યારે દુનિયા સ્થિર દીવાદાંડીની શોધ કરે છે. ભારત ઘણી તાકાત સાથે આવી દીવાદાંડીની ભૂમિકા ભજવી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

'વૈશ્વિક તણાવ, વ્યાપારિક વિક્ષેપો અને બદલાતી પુરવઠા શૃંખલાઓ વચ્ચે ભારત વ્યૂહાત્મક સ્વાયત્તતા, શાંતિ અને સર્વસમાવેશી વિકાસનું પ્રતીક બની રહ્યું છે,' એમ પણ મોદીએ કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે દેશની દરિયાઈ અને વ્યાપારિક પહેલ એક વ્યાપક દ્રષ્ટિકોણનો ભાગ છે અને ભવિષ્યમાં વેપાર માર્ગોને ફરીથી વ્યાખ્યાયિત કરવાના ઉદાહરણ તરીકે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરનો ઉલ્લેખ કર્યો હતો. ભારતનું દરિયાઈ ક્ષેત્ર ખૂબ જ ઝડપથી અને ઊર્જાથી આગળ વધી રહ્યું છે, એમ મોદીએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે દેશના બંદરો હવે વિકાસશીલ વિશ્વમાં સૌથી કાર્યક્ષમ ગણાય છે. ■

# તાલિબાનોને ફરી ગુફા-ભેગા કરી દઈશું: પાકિસ્તાનની ધમકી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો શાંતિ મંત્રણા નિષ્ફળ ગયા બાદ વધુ વણસ્યા છે. બંને દેશોના સંબંધોમાં આવેલી કડવાશ વચ્ચે જો ભવિષ્યમાં તેમના દેશમાં કોઇ આતંકવાદી હુમલો થયો તો તેઓ અફઘાન તાલિબાનને નાબૂદ કરી દેશે અને પાછા ગુફા ભેગા કરી દઇશું, એમ પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે બુધવારે ધમકી આપી હતી.

ઇસ્તમ્બુલમાં ચાર દિવસીય શાંતિ મંત્રણામાં પાકિસ્તાનની મુખ્ય માગના સંબંધમાં કોઇ પરિણામ ન મળ્યાના તુરંત બાદ આસિફે સોશ્યલ મીડિયા પર આ ધમકી આપી હતી. તેની મુખ્ય માગ એ હતી કે તાલિબાન પાકિસ્તાનમાં આતંકવાદ માટે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ કરી રહેલા આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરે.

### પાકિસ્તાન-અફઘાનિસ્તાન શાંતિ મંત્રણા નિષ્ફળ

તૂર્કીના ઇસ્તમ્બુલમાં ચાર દિવસની વાટાઘાટો બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે શાંતિ મંત્રણા નિષ્ફળ ગઇ છે. આ જાણકારી પાકિસ્તાનના માહિતી પ્રધાને બુધવારે આપી હતી.

આ વાટાઘાટો દોહામાં પ્રથમ રાઉન્ડની વાતચીત બાદ થઇ છે. ■

# કૅનેડામાં ભારતીય મૂળના ઉદ્યોગપતિ દર્શનસિંહ સાહસીને ગોળીએ દીધા બિશ્નોઇ ગૅંગે

ઓટાવાઃ ભારતની કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગૅંગ વિદેશમાં આતંક ફેલાવી રહ્યી છે, તાજેતરમાં લોરેન્સ બિશ્નોઈ ગૅંગ એક સનસનાટી ભર્યો દાવો કર્યો છે. ગૅંગે કૅનેડામાં એબોટ્સફોર્ડ ભારતીય મૂળના સ્થિત ઉદ્યોગપતિની હત્યા અને એક પંજાબી ગાયકના ઘરે ગોળીબારની ઘટનાની જવાબદારી સ્વીકારી છે. અહેવાલ મુજબ ગત સોમવારે સવારે કૅનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના એબોટ્સફોર્ડમાં ૬૮ વર્ષીય ઉદ્યોગપતિ દર્શન સિંહ સાહસીની તેમના નિવાસસ્થાનની બહાર પાર્ક કરેલી કારમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. હવે લોરેન્સ બિશ્નોઈ ગૅંગે આ હત્યાની જવાબદારી સ્વીકારી છે. ■

# અવિસ્મરણીયઃ રાફેલમાં પ્રવાસને આ શબ્દમાં વર્ણવ્યો મુર્મૂએ

અંબાલા (હરિયાણા) : ભારતનાં રાષ્ટ્રાધ્યક્ષ દ્રૌપદી મુર્મૂએ ભારતીય હવાઈ દળના અંબાલાના મથકથી ફાઈટર જેટ રાફેલમાં ૩૦ મિનિટ મુસાફરી કરી હતી. તેમણે આ અનુભવને 'અવિસ્મરણીય' ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ યાત્રાથી મને ભારતનાં સંરક્ષણ દળોની ક્ષમતા બદલ ગર્વ થયો હતો. મુર્મુ ઈન્ડિયન એર ફોર્સના બે ફાઈટર જેટમાં મુસાફરી કરનારા પ્રથમ પ્રેસિડન્ટ બન્યાં હતાં. અગાઉ તેમણે આસામના તેજપુરમાં એપ્રિલ ૨૦૨૩માં સુખોઈ ૩૦ એમકેઆઈમાં મુસાફરી કરી હતી. (એજન્સી)



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના વરદ્હસ્તે એકતાનગરમાં ₹૧૨૧૯ કરોડથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## એકતાનગરને વધુ સુવિધાસભર બનાવતા પ્રકલ્પોનું લોકાર્પણ

- બિરસા મુંડા ભવનઃ આદિવાસી જનનાયકને શ્રદ્ધાંજલિ આપતા ભવનનું નિર્માણ (₹ 303 કરોડ)
- જી.એસ.ઈ.સી. અને એસ.એસ.એન.એન.લિ. ના કર્મચારીઓ માટે અદ્યતન આવાસની સુવિધા (₹ ૫૬ કરોડ )
- હૉસ્પિટાલિટી ડિસ્ટ્રીક્ટ( ફેઝ-૧): પ્રવાસીઓના આકર્ષણમાં વધારો થશે (₹ ૫૪ કરોડ)
- સાતપુડા પ્રોટેક્શન વૉલ અને રિવરફ્રન્ટ: એકતાનગરની સુંદરતામાં થશે વધારો (₹ ૨૦ કરોડ)
- નવી ૨૫ ઈ-બસ અને ઈ-બસ ચાર્જિંગ ડેપોના લોકાર્પણથી એકતાનગરના ગ્રીન ગ્રોથને નવો વેગ મળશે (₹ ૩૫ કરોડ)
- વામન વૃક્ષ વાટિકા(બોન્સાઈ ગાર્ડન): વિવિધ બોન્સાઈ વૃક્ષો બનશે આકર્ષણનું કેન્દ્ર (₹ ૧૮ કરોડ)

## વિરાસત અને વિકાસના સમન્વય સમાન પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

- રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા મ્યુઝિયમઃ દેશના રાજા-રજવાડાઓનો ઈતિહાસ-સંસ્કૃતિ-સમૃદ્ધ વારસો ઉજાગર થશે (₹ ૩૬૭ કરોડ)
- વીર બાલક ઉદ્યાનઃ વર્તમાન પેઢીને પૌરાણિક બાળવીરોની ગાથાઓથી માહિતગાર કરાશે (₹ ૯૦ કરોડ)
- સ્પોર્ટ્સ કૉમ્પલેક્સઃ એકતાનગરમાં પ્રવાસન સાથે રમત-ગમતની પ્રવૃત્તિઓને વેગ મળશે (₹ ૨૩ કરોડ)




વિઝિટર સેન્ટર



રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા મ્યુઝિયમ




શ્રેષ્ઠ ભારત ભવન ગાર્ડન



સ્પોર્ટ્સ કૉમ્પલેક્સ



સ્માર્ટ બસ-સ્ટેન્ડ



બિરસા મુંડા ભવન

**તારીખઃ** ૩૦.૧૦.૨૦૨૫, ગુરુવાર | **સમયઃ** બપોરે ૦૪.૦૦ વાગે
**સ્થળઃ** એકતાનગર, જિ. નર્મદા.

**હર ઘર સ્વદેશી,**
**ઘર-ઘર સ્વદેશી**

અખંડ ભારતનાં નિર્માતા સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ એટલે **‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’**
**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીયમુના**

પંઢરપુર, બેઠકજી, સીમલા, મનાલી, કુલ્લુ, વ્રજયાત્રા, શ્રીનાથજી, કચ્છ રણોત્સવ. 9892377559. (૧૫૩૯૦/એ)

**કુદરતના ખોળે ડુંગરની ટોચે પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતના સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથ દાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્ક: પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૨૦૯૮)**

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર વેસ્ટ**

3 બેડ 1150' તથા 3 બેડની જોડી (1150' +1150') મધુપાર્કની બાજુમાં પાર્કિંગ, જીમ, A/C લોબી રેડી OC સાથે ગંગર (ઓનલી ફોર ગુજરાતી) 8080524858. (બી-૧૬૬૭૨)

**શાંતાક્રુઝ વેસ્ટ**

4 બેડ 1800' ના બે ફ્લેટ નવામાં રેડી OC સાથે રામકિશન હોસ્પિટલની બાજુમાં ગંગર (ઓનલી ફોર ગુજરાતી) 8080524858. (બી-૧૬૬૭૧)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

રામ કૃષ્ણ મિશન પાસે- નવું બિલ્ડીંગ-૪ બેડરૂમ એરિયા ૧૮૨૫' કારપેટ+ સર્વન્ટ ટોઈલેટ, ૩ પાર્કિંગ, જીમ અને ઓ.સી. સાથે, તુરંત વેચવાનો. ફોનઃ- ''ઓનર'' 9820156133. (બી-૧૬૩૯૦)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**''સુદર્શન જ્યોતિષ''**

સમસ્યાઓનું સમાધાન. જન્માક્ષર ગૃહકલેશ વ્યાપારમાં લાભ, સંતાનથી પરેશાની, શત્રુબાધા, લગ્નમાં રુકાવટ, સૌતન-ત્રાસ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9737117093 વિક્રોલી (ઈસ્ટ). (બી-૧૬૬૩૯)

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# ભિવંડીમાં ખેતરમાં બળાત્કાર ગુજાર્યા બાદ વૃદ્ધાની હત્યાઃ શકમંદ ઝડપાયો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ખેતરમાં ગયેલી ૬૫ વર્ષની વૃદ્ધા પર બળાત્કાર ગુજારાયા બાદ તેની હત્યા કરવામાં આવી હતી. ભિવંડી તાલુકામાં મંગળવારે આ ઘટના બની હતી. વૃદ્ધાની હત્યા બદલ પોલીસે શકમંદને પકડી પાડ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ખેતરમાં વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યા બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. આથી ગણેશપુરી પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો.

હત્યા પાછળ લૂંટનો ઇરાદો નહોતો, કારણ કે વૃદ્ધાના શરીર પરના પાંચથી છ તોલાના દાગીના જેમના તેમ હતા. ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ રાહુલ ઝાલટેએ જણાવ્યું હતું કે આ પ્રકરણે ગુનો દાખલ કરીને શકમંદને પકડી પાડવામાં આવ્યો હોઇ તેની પૂછપરછ ચાલી રહી છે. (પીટીઆઇ)

# પ્રદૂષણ માટે જવાબદાર કન્સ્ટ્રકશન સાઈટ, રિડેવલપમેન્ટ પર નજર રાખજોઃ મહારાષ્ટ્ર પોલ્યુશન બોર્ડનો સુધરાઈને નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વર્તમાનમાં હવામાનમાં થઈ રહેલા ફેરફાર અને શિયાળાનું આગમન નજીક હોઈ મુંબઈમાં પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે માટે મુંબઈમાં ચાલી રહેલા રિડેવલપમેન્ટ, કન્સ્ટ્રકશન સાઈટ, આર.એમ, પ્લાન્ટ અને બેકરી પર નજર રાખવાનો નિર્દેશ મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડે મુંબઈ મહાનગરપાલિકાને આપ્યો છે. મુંબઈમાં છેલ્લા અનેક દિવસોથી હવાની ગુણવત્તા કથળી છે. એર ક્વોલિટી ઈન્ડેકસ સતત ઊંચો નોંધાઈ રહ્યો હતો ત્યારે આગામી દિવસોમાં શિયાળાના સમયમાં પ્રદૂષણનું પ્રમાણ વધવાની શક્યતા છે ત્યારે બુધવારે મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ સિદ્ધેશ કદમે મુંબઈ મહાનગરપાલિકા કમિશનર ભૂષણ ગગરાણી સાથે મુંબઈના વાતાવરણમાં રહેલા પ્રદૂષણને બાબતે બુધવારે પાલિકા મુખ્યાલયમાં ચર્ચા કરી હતી.

આ દરમ્યાન મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ સિદ્ધેશ કદમે મુંબઈ શહેરમાં ચાલી રહેલા બાંધકામ, બેકરી, આર.એમ.સી પ્લાન્ટ, ઈમારતના રિડેવલમેન્ટના કારણે નીકળનારા કાટમાળને કારણે વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તેનું ધ્યાન રાખવાનો અને તેને લગતી ઉપાય યોજના અમલમાં મૂકવાનો નિર્દેશ આપ્યો હતો.

# સિનિયર સિટીઝનની હત્યા પ્રકરણે પત્ની બે સાવકા પુત્રની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના મુરબાડ તાલુકામાં સિનિયર સિટીઝનનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યાનાં ત્રણ સપ્તાહ બાદ પોલીસે મૃતકની પત્ની અને બે સાવકા પુત્રની ધરપકડ કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ રાજેશ શાંતિલાલ ઠક્કર ઉર્ફે રાજુ ચાચા (૬૦) તરીકે થઈ હતી. આ કેસમાં થાણે ગ્રામીણ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ઠક્કરની બીજી પત્ની આશા લતીફ સૈયદ (૫૫), સાવકા પુત્રો નાવિદ લતીફ સૈયદ (૨૮) અને નઝિમ (૨૬)ને પકડી પાડ્યાં હતાં.

મુરબાડના દિવેપાડા વિસ્તારમાં છઠ્ઠી ઑક્ટોબરે ઠક્કરનો મૃતદેહ મળી આવ્યો હતો. રસ્સીથી ગળું દબાવી તેની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે ટોકાવડે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) અને ૨૩૮ હેઠળ ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી. થાણે ગ્રામીણના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. ડી. એસ. સ્વામી અને એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ અનમોલ મિત્તલના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. મૃતકની ઓળખ મેળવવા માટે પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ, ગુમ વ્યક્તિઓની ફરિયાદોની ચકાસણી કરી હતી. ફૂટેજને આધારે પોલીસે શંકાસ્પદ વાહનને ઓળખી કાઢ્યું હતું. આખરે મૃતકની ઓળખ કલ્યાણમાં રહેતા રાજેશ ઠક્કર તરીકે થઈ હતી.

## છેલ્લા પાનાનું ચાલુ

### શિર્ડી જતી

એસયુવીને અકસ્માત નડ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ રસ્તાનું સમારકામ ચાલી રહ્યું હતું અને મધરાતે ડ્રાઈવરને અંદાજો ન આવતાં તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. એસયુવી એટલી વેગમાં હતી કે ડિવાઈડર સાથે ટકરાયા પછી પુલના કઠેડા સાથે ઠોકાઈ હતી. પછી એસયુવી ઊંધી વળી ગઈ હતી.

બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માતમાં બે જણનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતાં, જ્યારે એકે સારવાર દરમિયાન છેલ્લા શ્વાસ લીધા હતા. જખમી ચારમાંથી એકને નજીવી ઇજા થઈ હતી. ચારેયને સારવાર માટે નાશિકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

### દાઉદના સાગરીત

દરમિયાન મુખ્ય સૂત્રધાર દાનિશ અને તેની પત્ની ડ્રગ સિન્ડિકેટ ચલાવતા હોવાનું જાણવા મળ્યું હતું. બંને જણ ફરાર હતાં અને તેમણે ધરપકડથી બચવા માટે અનેક રાજ્યોમાં પ્રવાસ કર્યો કર્યો હતો. દરમિયાન એનસીબીના અધિકારીઓએ યોગ્ય તપાસ બાદ બંનેને ગોવા સ્થિત હોલીડે રિસોર્ટમાંથી શોધી કાઢ્યાં હતાં.

ગોવાના એ રિસોર્ટમાંથી પચીસમી ઑક્ટોબરે બંનેને ઝડપી પાડવામાં આવ્યાં હતાં. પૂછપરછ બાદ બંનેની ધરપકડ કરવામાં આવી હતી. દાનિશ રેકોર્ડ પરનો આરોપી હોઇ તેની વિરુદ્ધ રાજસ્થાન પોલીસે અગાઉ એનડીપીએસ એક્ટ હેઠળ ત્રણ કેસ નોંધ્યા હતા. મુંબઈ પોલીસે પણ તેની વિરુદ્ધ સાત કેસ દાખલ કર્યા હતા. પોલીસે તેને તડીપાર પણ કર્યો હતો.

### સ્લો પોઈઝનથી

કરી હતી કે તેનાં સાસરિયાં દ્વારા બહારથી મગાવેલો જ નાસ્તો આપવામાં આવે છે. એ ખાતા પછી તે બેભાન થઈ જતી હતી. ૧૬ ઑક્ટોબરે નેહાનું સ્વાસ્થ્ય લથડતાં તેને કૂપર હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જ્યાં તેનું મૃત્યુ થયું હતું. સ્લો પોઈઝન આપીને સાસરિયાંએ નેહાને મારી નાખી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. પોલીસે ફરિયાદને આધારે ગુનો નોંધી સાસરેના છ સભ્યની ધરપકડ કરી હતી.

### મુલુંડમાં મંદિરે

પ્રકાશ કુંજ ઇમારતમાં બીજા માળે રહેતાં હતાં. તેઓ રોજ સવારે બિલેશ્વર મંદિરમાં પૂજા કરવા માટે જતાં હતાં.

ઉષાબહેન મંગળવારે સવારે ૧૦.૨૦ વાગ્યાની આસપાસ મંદિરે પૂજા કરવા માટે ઘરેથી નીકળ્યાં હતાં. ઉષાબહેનનો પુત્ર ધીરેન એ સમયે થાણેમાં હતો અને તેને તેના મિત્રએ ફોન કરીને જણાવ્યું હતું કે તમારી માતાને મુલુંડ પાંચ રસ્તા ખાતે અકસ્માત નડ્યો છે અને તેમને પોલીસની મદદથી અગ્રવાલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં છે. આથી ધીરેન તાત્કાલિક થાણેથી મુલુંડ આવ્યો હતો અને હોસ્પિટલમાં પહોંચ્યો હતો. ઉષાબહેનના ડાબા હાથ અને પગમાં ગંભીર ઇજા પહોંચી હતી અને કપાળ પર પણ ઇજા થઇ હતી. હોસ્પિટલના ડોક્ટરોએ સવારે ૧૦.૫૦ વાગ્યે ઉષાબહેનને તપાસીને મૃત જાહેર કર્યાં હતાં.

દરમિયાન અકસ્માતની જાણ થતાં પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને બસના ડ્રાઇવરને તાબામાં લઇને તેને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો. ઉષાબહેનના પુત્ર ધીરેનની ફરિયાદને આધારે ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### નેશનલ હાઈવે

બાળકોને હેરાન કરવામાં આવી રહ્યા હતા. ૧૦ કલાકથી વર્ધા, ચંદ્રપુર, હૈદરાબાદ અને સોલાપુર તરફનો ટ્રાફિક ખોરવાઈ ગયો છે રાત્રે પુણે જતી ખાનગી બસોને અમરાવતી રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

મિહાનના ખાપરી ફલાયઓવરથી જામઠા મેદાન અને જામઠાથી બુટીબોરી સુધી, બંને દિશામાં સેંકડો વાહનો ફસાયેલા હતા. આના કારણે ખાનગી વાહનો, પેસેન્જર વાહનો અને ટ્રકોના ચાલકો જામમાં ફસાઈ જવાથી દૂર સુધી કોઈ હોટલ ન હોવાથી, મહિલાઓ અને બાળકો ભૂખ અને તરસથી પીડાઈ રહ્યા હતા.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ગૃહ જિલ્લામાં વિરોધ કરી રહેલા ખેડૂતો દ્વારા ચાર હાઇવે બંધ કરી દેવામાં આવ્યા છે. વર્ધા-ચંદ્રપુરની સાથે, યવતમાળ, હૈદરાબાદ, અમરાવતી અને જબલપુર તરફ જતા મુખ્ય રસ્તાઓ પર વાહનોની કતારો જોવા મળી રહી છે.

બીજા દિવસે પણ ટ્રાફિક જામના કારણે આ રૂટ પરની હોસ્પિટલોને સૌથી વધુ મુશ્કેલી ભોગવવી પડી હતી.

વર્ધા રોડ પર આંદોલનને કારણે, હૈદરાબાદ, ચંદ્રપુર, હિંગણઘાટ તરફથી આવતા વાહનો ગિરાડ-ઉમરેડ થઈને નાગપુરમાં પ્રવેશ કરી રહ્યા હતા. કેટલાક વાહનો બોર અને હિંગણા થઈને પણ આવી રહ્યા હતા.

બાયપાસ રોડ પરથી નાગપુર તરફ આવતો ટ્રાફિક બંધ હોવાથી, કેટલાક વાહનચાલકો રામટેક બાયપાસ રોડનો ઉપયોગ કરીને હુડકેશ્વર, ઘોઘાલી અથવા દિઘોરીથી નાગપુર આવી રહ્યા હતા.

### સર્વેલન્સને નામે

આર્થિક વ્યવહારમાં થયો હોવાનું જણાવી કાનૂની કાર્યવાહીનો ભય દેખાડવામાં આવ્યો હતો.

ફરિયાદ અનુસાર સતત ત્રણ દિવસ સુધી ફરિયાદીને વીડિયો કૉલ સામે બેસી રહેવાની ફરજ પાડી હતી. ફરિયાદી અને તેમની પત્નીની ધરપકડ કરવામાં આવશે, એવું જણાવી આરોપીએ વિવિધ બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ફરિયાદીએ સૌપ્રથમ ૨૯.૫૦ લાખ રૂપિયા જેના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા તે યુવાન થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં રહે છે. પોલીસની ટીમે યુવાનને તાબામાં લીધા પછી તેણે આપેલી માહિતીને આધારે બીજા સાથીની ધરપકડ કરાઈ હતી. કમિશન લઈને આરોપીએ તેનું બૅન્ક ખાતું છેતરપિંડી માટે સાયબર ઠગોને આપ્યું હતું.

### ખેડૂતોના પ્રશ્નો

તેવા આંદોલનોથી દૂર રહેવા જણાવ્યું હતું.

ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડુએ નાગપુરમાં ટ્રેક્ટર રેલીનું નેતૃત્વ કર્યું હતું, જેમાં ખેડૂતો માટે સંપૂર્ણ લોન માફી અને અન્ય અનેક માગણીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, બુધવારે ફડણવીસ પુણેમાં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

બચ્ચુ કડુના નેતૃત્વમાં હજારો ખેડૂતો અને પીજેપીના કાર્યકરોનો સમાવેશ કરતી ટ્રેક્ટર રેલી સોમવારે અમરાવતી જિલ્લાના ચાંદુરબજારથી શરૂ થઈ હતી અને મંગળવારે સાંજે નાગપુર પહોંચતા પહેલાં વર્ધામાં રોકાઈ હતી.

બુધવારે બચ્ચુ કડુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર તેમની માગણીઓ પર નિર્ણય ન લે ત્યાં સુધી આંદોલન બંધ થશે નહીં અને જણાવ્યું હતું કે તેમને મુંબઈ બોલાવવાને બદલે મુખ્ય પ્રધાને તેમને ચર્ચા માટે નાગપુરમાં મળવું જોઈએ કેમ કે મુખ્ય પ્રધાન પોતે પણ નાગપુરના જ છે.

બુધવારે નાગપુર-વર્ધા રોડ પર ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો, જ્યાં જામથા ફલાયઓવર પાસે આંદોલન ચાલી રહ્યું હતું. આ ઉપરાંત રેલ રોકો આંદોલન પણ કરવામાં આવ્યું હતું અને કલાકો સુધી લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

### બોગસ અણુ વિજ્ઞાનીના

મુંબઈ ક્રાઇમ બ્રાન્ચને પૂછપરછમાં જણાવ્યું હતું કે તેના ભાઇનું જમશેદપુર ખાતે મૃત્યુ થયું હતું. જોકે પોલીસ ટીમે ઝારખંડમાં જઇને તપાસ કરતાં તેના ભાઇની દિલ્હી પોલીસ દ્વારા ધરપકડ કરાઇ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી આદિલ હુસેન વિદેશી ન્યૂક્લિયર સાયનિસ્ટના સંપર્કમાં હતો અને તેણા પાકિસ્તાન સહિત અનેક દેશોમાં પ્રવાસ કર્યો હતો. તેણે બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને સંવેદનશીલ સંસ્થાના ત્રણ આઇડી કાર્ડ મેળવ્યાં હતાં.

એડિશનલ પોલીસ કમિશનર (સ્પેશિયલ સેલ) પ્રમોદ કુશવાહે જણાવ્યું હતું કે આરોપી આદિલ જમશેદપુરના ટાટાનગરનો રહેવાસી છે. આદિલ અને તેના ભાઇ અખ્તર હુસેનીએ વિદેશી દેશોને સંવેદનશીલ માહિતી પૂરી પાડી હોવાની શંકા છે. તેમણે બનાવટી દસ્તાવેજોને આધારે અનેક ભારતીય પાસપોર્ટ મેળવ્યા હતા.

આ આખું નેટવર્ક જમશેદપુરથી ઑપરેટ થઇ રહ્યું હતું, જ્યાં બનાવટી દસ્તાવેજોને આધારે બોગસ આઇડી કાર્ડ અને પાસપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યા હતા, એમ પોલીસે કહ્યું હતું.

આદિલની તલાશી લેવામાં આવતાં તેની પાસેથી એક અસલી અને બે બોગસ પાસપોર્ટ મળ્યા હતા. તેની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે બીએઆરસીનો વિજ્ઞાની હોવાનો દાવો કરનારા અખ્તર હુસેની પાસેથી પણ ત્રણ આઇડી કાર્ડ મળી આવ્યા હતા. અખ્તરે હુસેનીએ ૨૦ વર્ષ સુધી પોતાની ઓળખ બદલી હતી. તેણે એલેકઝાન્ડરના નામે ત્રણ પાસપોર્ટ પણ બનાવડાવ્યા હતા.

### મુંબઈ પાલિકાના

ઉતરતા ક્રમમાં આરક્ષણ કાઢવામાં આવશે. ત્યારબાદ બાકીના સભ્યોમાંથી ૬૧ સભ્યોની લોટરી ઓબીસી શ્રેણી માટે કાઢવામાં આવશે. તેમાની મહિલા અને પુરુષના આરક્ષણ માટે ચિઠ્ઠી કાઢવામાં આવ્યા બાદ બાકીનામાંથી મહિલા માટે અનામત કાઢીને બાકીના તમામ વોર્ડ જનરલ કેટેગરીમાં આવશે.

પાલિકા તરફથી મતદાર યાદી વોર્ડ સ્તરે બનાવવાનું કામ પ્રગતી હોઈ મતદાર યાદીનો ડ્રાફ્ટ છ નવેમ્બર, ૨૦૨૫ના જાહેર કરીને વાંધા-સૂચનો મગાવવામાં આવશે.

ચૂંટણી પંચની સૂચના અનુસાર સંભવિત એસટી અને એસી વોર્ડ નીચે મુજબ છે

અનુસૂચિત જનજાતિ (એસટી)
વોર્ડ નંબર ૫૬ - ૧૨૧

અનુસૂચિત જાતિ (એસી) - ૨૬,૯૩,૧૧૮,૧૩૩,૧૪૦,૧૪૧,૧૪૬,૧૪૭,૧૫૧,૧૫૨,૧૫૫,૧૮૩,૧૮૬,૧૮૯, ૨૧૫

## હિન્દુ મરણ

આકોલા નિવાસી અનિલકુમાર જયંતિલાલ વોરાના ધર્મપત્ની મોલીના તે મહુવાવાળા સ્વ. ભૂપતભાઇ અમૃતલાલ સંઘવીના પુત્રી. સૌ. મેઘા, જીનલના માતુશ્રી. કુસુમબેન અનંતરાય વોરાના દેરાણી. તા. ૨૮-૧૦-૨૫ રોજ આકોલા મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ઠા. વિઠ્ઠલદાસ પ્રાગજી સુંદરજી ચોથાણી કચ્છ ગામ ભદ્રેશ્વરવાળાના ધર્મપત્ની ભાગીરથીબેન (ઉં. વ. ૯૧) તે સ્વ. પ્રેમાબેન તથા સ્વ. ઠા. લાલજી કુંવરજી પંડિતપૌત્રા કચ્છ દેશલપર (વાંઢાય મંજલ)ના જયેષ્ઠ પુત્રી. તે અ. સૌ. કલ્પનાબેન ભૂપેન્દ્રભાઇ ઠક્કર, શૈલેષ, સમીર તથા સુધીરના માતુશ્રી. તે અ. સૌ. તરૂણા, અ. સૌ. નીલા, સ્વ. શીતલ અને ભૂપેન્દ્રભાઇના સાસુજી. સ્વ. સુશીલાબેન રાઘવજી કોટક, સ્વ. ચીમનભાઇ, હીરાલાલ, રાજેશ તથા પ્રફુલ્લના મોટા બહેન મંગળવાર તા. ૨૮-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૦-૧૦-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, (ભાગેરથી હોલ), ડો. રાજેન્દ્રપ્રસાદ રોડ, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, બહેનોએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અકરી હાલ શિવાજી પાર્ક મુંબઇ, સ્વ. નિર્મળાબેન દિલીપભાઇ કક્કડ (ઠક્કર)ના સુપુત્રી અ. સૌ. મીનાબહેન (ઉં. વ. ૬૮) તે જયેશભાઇના પત્ની. સ્વ. શકુંતલાબેન તથા સ્વ. વિનોદરાય શ્યામલાલ ભગવતી (શાહ)ના પુત્રવધૂ તા. ૨૦-૧૦-૨૫ના તળેગાંવ (દાભાડે) પૂના ખાતે રામશરણ પામેલ છે. તે નાગપુરના ગં. સ્વ.પલ્લવીબહેન કિશોરભાઇ કોઠારી (કારીયા), જયોતીન્દ્ર તથા સ્વ. ચેતનના બહેન. સ્મીતાબહેન તથા સ્વ. પરેશના ભાભી. રસેશ તથા કુમારી વૈદેહીના માતા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

માતુશ્રી શયન તારાબેન જેઠમલભાઇ તન્ના (ઉં. વ. ૯૦) કચ્છ ગામ ઉગેડી હાલ નવી મુંબઇ સોમવાર, તા. ૨૭ ઓકટોબર ૨૦૨૫ના શ્રીજીચરણે સિધાવ્યા છે. તે યોગેશભાઇ અને ઉષાબહેન જગદીશભાઇ સચદે, સ્વ. આશાબેનના માતુશ્રી. તે દિપ્તીબેન તન્ના (સોમૈયા) અને જગદીશભાઇ લીલાધર સચદેના સાસુમા. ચિ. પાર્થના દાદીમા. સૌ. જસમિન કપિલભાઇ ગણાત્રા, સૌ. દિપાલી કપિલભાઇ સોતા અને સૌરભ જગદીશ સચદેના નાનીમા. કસ્તુરબેન કાંતિલાલ તન્નાના ભાભી. સ્વ. મોતીબાઇ મુલજીભાઇ ચરાડાના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૧૦-૨૫ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. કાલિદાસ મેરેજ હોલ, પુરુષોતમ ખેરાજ રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ**

સણોસરા નિવાસી હાલ મુંબઇ શશીકાંતભાઇ મોરારજીભાઇ વ્યાસ (ઉં. વ. ૮૮) તે ગં.સ્વ.જશુમતીબેનના પતિ. નીતીન, મનિષા, તૃપ્તિ, સમીરના પિતાશ્રી. જયશ્રી, પ્રતિક્ષા, પંકજ, બિમલના સસરાજી. સ્વ. ચંદ્રકાન્તભાઇ, સ્વ. પ્રતાપભાઇ અને સ્વ. લીલાવતીબેનના ભાઇ. સ્વ. ડાહ્યાલાલ પુરુષોતમ ઠાકરના જમાઇ. પ્રતીક, સિદ્ધના દાદાજી તા. ૨૭-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૩૧-૧૦-૨૫ના ૪થી ૬. ઠે. બીએપીએસ, સ્વામિનારાયણ મંદિર, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગીનગર બોરીવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

મુળગામ માળિયાહાટીના હાલ મુંબઇ ચિરાબજાર સ્વ. ઉષાબહેન રમણિકલાલ તન્નાના પુત્ર. પ્રદીપ રમણિકલાલ તન્ના (ઉં. વ. ૬૯) તે હંસાબેનના પતિ. દિશા તથા કૃપા એન્થોની (મહેશ) નાહરના પિતા. તે સ્વ. ઇંદુબેન ચંદ્રકાંત રુઘાણી. સ્વ. વિનોદભાઇ, કુમુદબેન તથા નીલાબેન મનોજભાઇ આડતિયાના ભાઇ. સ્વ. પ્રભુદાસભાઇ ભીમજી સાંગાણીના જમાઇ. ફાલ્ગુની મનીષ, દત્તાણી, રુપેશના કાકા. તા. ૨૮-૧૦-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૧૦-૨૫ ગુરુવારના ૫થી ૬.૩૦. ઠે. ઇન્ડિયન મર્ચંટ ચેમ્બર્સ (આઇએમસી) બિલ્ડિંગ, વાલચંદ હિરાચંદ હોલ, ૪થે માળે, ચર્ચગેટ સ્ટેશનની સામે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ચાતુર્વેદિય મચ્છુ કઠિયા મોઢ બ્રાહ્મણ**

મુળ કોયલી હાલ રાજકોટ સ્વ. ભરતભાઇ પ્રભુલાલ પંડયા તે પ્રભુલાલ પિતાંબર પંડયાના પુત્ર. તથા વિજયભાઇ પ્રભુલાલ પંડયાના નાનાભાઇ. ભાવીન ભરતભાઇ પંડયાના પિતાશ્રી. જીગર વિજયભાઇ પંડયાના કાકા. સ્વ. વ્રજલાલ ભવાનીશંકર ત્રિવેદીના જમાઇનું તા. ૨૭-૧૦-૨૫ સોમવારના અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પિયરપક્ષનું બેસણું તા. ૩૦-૧૦-૨૫, ગુરુવારે સાંજે ૪થી ૫. અમરનાથ મંદિર, હસનવાડી-૨ કોર્નર, પિપળીયા હોલથી આગળ, બોલબાલા માર્ગ, રાજકોટ.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

રાણપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. હીરાબેન તથા સ્વ. ધરમસિંહ પરસોતમ ચૌહાણના પુત્ર રાજેશ ચૌહાણ (ઉં.વ. ૫૯) તા. ૨૭/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. ભક્તિ તથા પાર્થના પિતા. અરુણાબેન ઘનશ્યામ પરમાર તથા અશોકભાઈના ભાઈ. સાસરાપક્ષે નરોડા અમદાવાદવાળા સ્વ. મુક્તાબેન તથા સ્વ. ભોગીલાલ શાંતિલાલ ગોહિલના જમાઈ. તેમની સર્વપક્ષનું બેસણું ૩૦/૧૦/૨૫ ગુરુવારના ૪ થી ૬. વાંઝાવાડી, ધનામલ સ્કૂલની સામે, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

જોલાપુરવાળા હાલ મલાડ, સ્વ. મહેતા કાન્તાબેન શામળદાસ ગોકળદાસ દાસના પુત્ર ભરત (ઉં.વ. ૬૯) તા. ૨૮/૧૦/૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે પૂર્વિબેનના પતિ. પ્રકાશ તથા ઇશિતાના પિતા. શિખા તથા કપિલ ભગવાનદાસ સંઘવીના સસરા. સ્વ. દુલારી તથા પારુલ રમેશકુમાર મહેતા, હર્ષા ભરતકુમાર પારેખના ભાઈ. સ્વ. નિર્મળાબેન કનૈયાલાલ મોનદાસ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૦/૧૦/૨૫ના ગુરુવાર ૪.૩૦ થી ૬.૩૦. ઠક્કર ભાટિયા હોલ ન. ૪, શંકરગલી, કાંદિવલી વેસ્ટ.

**મોઢ ત્રિવેદી બ્રાહ્મણ**

મૂળ ધ્રાંગધ્રા નિવાસી હાલ કાંદિવલી, નવીનચંદ્ર માયાશંકર દવે (ઉં.વ. ૮૧) તા. ૨૬-૧૦-૨૫ના કૈલાશવાસ થયેલ છે. તે ભારતીબેનના પતિ. હેમાંગ તથા સ્વ. જીગરના પિતા. શ્રીમતી નંદાના સસરા. કુ. રિશાના દાદા. સ્વ. હિમતલાલ વનમાળીદાસ દવે (ભાવનગર)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૦/૧૦/૨૫ને ગુરૂવારે ૪.૦૦ થી ૬.૦૦. લોહાણા મહાજન વાડી, બીજો માળો, સરદાર વલ્લભભાઈ પટેલ, એસ. વિ. રોડ, કાંદિવલી વેસ્ટ.

## પારસી મરણ

દૌલત રુસી પાલસેતિયા (ઉં. વ. ૭૬) તા. ૨૬-૧૦-૨૫ના રોજ ગુજરી ગયા છે. તે રુસી કેકોબાદ પાલસેતિયાનાં પત્ની. તે મરહુમ દિનશૉ સોહરાબજી બુહારીવાલા અને તે દિના દિનશૉ બુહારીવાલાનાં દીકરી. તે મર્ઝબાન અને ડાયનાના માતુશ્રી. તે ખુઝાન સ્કૂવાલાના સાસુ. તે મરહુમ ગોદરેજ, દારા, પરવેઝ, મરહુમ બેપ્સી, મરહુમ હોમાઇ, એલિસનાં બહેન. ઠે. એમ૪/૩૪, ત્રીજે માળે, મેરવાનજી કામા પાર્ક, કામા રોડ, અંધેરી (વેસ્ટ)મુંબઇ-૫૮.

## જૈન મરણ

**સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ દહીંસર સ્વ. વિજયભાઇ રમણીકલાલ ચિતલીયાના પત્ની પ્રીતીબેન (ઉ.વ.૬૦) તે એકતા, કૃપાના માતા. નિરવ, વિરલના સાસુ. ઉલ્લાસ (ઉમેશ) તથા હર્ષિદાબેન, (હિના) પ્રફુલભાઇ શેઠના ભાભી. વેરાવળ નિવાસી સ્વ. અરવિંદભાઇ શાહના દીકરી. રાજુભાઇ તથા મિતાબેનના બેન. તા. ૨૭-૧૦-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પ્રભાસ પાટણ વિશા ઓશવાળ જૈન**

સ્વ. પાનીબેન મોહનલાલ માણેકચંદ શાહના સુપુત્ર ભાઇશ્રી બિહારી (ઉં. વ. ૭૩) તે સ્વ. સુભદ્રાબેન હિંમતલાલ, અ. સૌ. લલિતાબેન વિજયભાઇ, કિશોરભાઇ, અ. સૌ. નીલાબેન નરેન્દ્રભાઇ તથા સુનીલભાઇ તથા અ. સૌ. જયોત્સનાબેનના દીયર. બેન શ્વેતાના કાકા. તા. ૨૭-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રતાપુરના કૌશલ સુરેશ વોરા (ઉં.વ. ૪૫) તા. ૨૮-૧૦ના અવસાન પામેલ છે. જ્યોતિ સુરેશના પુત્ર. કલ્પના પિતા. સમીરના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુદાન કરેલ છે) નિ. સુરેશભાઈ વોરા- ૧૦૩, દીપા બિલ્ડીંગ, લિબર્ટી ગાર્ડન રોડ નં. ૧, ડી.સી.બી. બેંકની સામે, મલાડ (વેસ્ટ).

લાકડીયા (ગજોડ)ના દિલીપ વણવીર ગડા (ઉ.વ. ૬૨) તા. ૨૭-૧૦-૨૫ના મુંબઈમાં અવસાન પામેલ છે. ભચીબેન વણીવરના પુત્ર. અમિષી (નન્ની)ના પતિ. પ્રજયના પિતા. મણી, નવીન, નિર્મળા, નીતા, પ્રીતિના ભાઈ. ગજોડના ચંદ્રાબેન ચુનીલાલના જમાઈ. પ્રા : યોગી સભાગૃહ, દાદર (સે.રે.), સ્ટેશનની સામે. ૩ થી ૪.૩૦.

વડાલાના અશ્વિસ્ત્ર જાદવજી લાલન (ઉં.વ. ૬૩) તા. ૨૭-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. મણીબેન જાદવજીના સુપુત્ર. ભાવનાના પતિ. પાર્થના પિતા. નિર્મલા, રેવંતી, અશોક, રાજેશ, વર્ષાના ભાઈ. હેમલતાબેન પોપટલાલ નાનજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવના લાલન, ૨૦૬, વિઠલ પ્રસાદ બિલ્ડીંગ, આઈ લોન્ડ્રીની બાજુમાં, ઓલ્ડ આયરે રોડ, ડોમ્બીવલી (ઈ.).

સાભરાઇના ઝવેરચંદ જીવરાજ ગડા (ઉં.વ. ૮૪) તા. ૨૭-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મુલબાઇ જીવરાજના પુત્ર. શાંતાબેનના પતિ. પ્રવિણ, હરેશ, હેમંત, મોહિનીના પિતા. દામજી, લક્ષ્મીચંદ, રાઘવજી, ધનબાઈ, ખેતબાઈ, ચંચલબાઈ, મણીબાઈના ભાઈ. ડુમરા માતુશ્રી લક્ષ્મીબેન નાગજીના જમાઇ. ત્વચા દાન કરેલ છે. પ્રા. ધ પેલેસ બેંકવેટ્સ, વિકાસ સેંટર, એન.એસ. રોડ, મુલુંડ (વે), ટા. ૩ થી ૪.૩૦. શ્રધ્ધાંજલી સભા ૪.૩૦ થી ૫.

લુણીના જવેરબેન કલ્યાણજી કરમશી છેડા (ઉં.વ. ૮૮) તા. ૨૮-૧૦-૨૫ મૃત્યુ પામ્યા છે. માતુશ્રી મકાબાઈ કરમશી દેવજીના પુત્રવધૂ. કલ્યાણજીના ધર્મપત્ની. હંસા, નિલેશ, જયેશના માતુશ્રી. ભોરારાના માતુશ્રી મોંઘીબાઈ દેવજી રવજીના સુપુત્રી. લાખાપરના દેવકાબેન લક્ષ્મીચંદ, લક્ષ્મીબેન ઉત્તમચંદ, ભુજપુરના શાંતાબેન મગનલાલના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. હંસા દિનેશ શાહ, ૨૦૧, અભિલાષ એનેક્સ, ૧૦ મો રોડ, ચેંબુર, મુંબઈ-૪૦૦૦૭૧.

ડુમરાના સાકરબેન (જયા) લક્ષ્મીચંદ શાહનંદ (ઉં.વ. ૯૧) તા. ૨૮-૧૦-૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઇ દેવજી લખમશીના પુત્રવધૂ. લક્ષ્મીચંદ (એલ. ડી. શાહ)ના ધર્મપત્ની. સુમનના માતુશ્રી. પુરબાઈ /કિશરબાઈ લાલજી જાદવજી ગોસરના સુપુત્રી. પ્રાર્થના. ગુરૂવાર, તા. ૩૦-૧૦-૨૫, યોગી હોલ, ગ્રા. ફ. દાદર (ઈ) સમયઃ ૨.૦૦ થી ૩.૩૦.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ વસઈ, અ. સૌ. મીનાબેન નિલેશભાઈ માટલીયા (ઉં.વ. ૬૬) તા. ૨૭/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. નિલેશભાઈ ભુપેન્દ્રભાઈ માટલીયાના ધર્મપત્ની. જડેશ્વર નિવાસી સ્વ. લલિતાબેન જયંતીલાલ સંઘવીના સુપુત્રી. સ્વ. પ્રતિમાબેન, હંસાબેન, સુરેખાબેન તથા સુનીતાબેનના બેન. રીનાબેન (રીમાબેન) રુપેશકુમાર સંઘવી તથા વિશાલના માતુશ્રી. કમલભાઈ - ભારતી, વિજયભાઈ - સ્વ. વૈશાલી, દેવેન્દ્રભાઈ - હિના તથા પિયુષભાઇ - સંગીતાના ભાભી. પ્રાર્થનાસભા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પ્રભાસ પાટણ વીસા ઓસવાળ જૈન**

બિહારીભાઈ શાહ (ઉં.વ. ૭૩) તા. ૨૭/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પાનીબેન મોહનલાલ માણેકચંદ શાહના પુત્ર. તે સ્વ. સુભદ્રાબેન હિંમતલાલ, અ. સૌ. લલિતાબેન વિજયભાઈ, કિશોરભાઈ, અ. સૌ. નિલાબેન નરેન્દ્રભાઈ તથા સુનિલભાઈના ભાઈ. અ. સૌ. જ્યોત્સનાબેનના દિયર. શ્વેતાબેનના કાકા. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**પરમ પૂજ્ય કાનજીસ્વામી દિગંબર જૈન**

લાખણકા નિવાસી ભાવનગર હાલ મલાડ, નગીનદાસ હરગોવિંદદાસ અજમેરા (ઉં.વ. ૯૦) તા. ૨૭-૧૦-૨૫ સોમવારે દેહ પરિવર્તન થયેલ છે. તે સ્વ. સરોજબેનના પતિ. સંજય, હેમંત, હિના દીપક શેઠ, જયશ્રી સંજય દોશી, રુપા નિશીત દોશીના પિતાશ્રી. અમીબેનના સસરા. સ્વ. કિશોરભાઈ, સ્વ. વસંતભાઈ, વિજયભાઈ, કીર્તિભાઇ, ચંદ્રીકાબેન સુરેખાબેનના મોટાભાઈ. ભગવાનદાસ હરગોવિંદદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૧-૧૦-૨૫ને શુક્રવારે ૧૦ થી ૧૨. સ્થળઃ કોશીશ હોલ, દફતરી રોડ, મલાડ ઇસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. વિનોદરાય ચુનીલાલ વોરાના ધર્મપત્ની શ્રીમતી વિમલાબેન વિનોદરાય વોરા (ઉં.વ. ૮૪) તા. ૨૮/૧૦/૨૫ મંગળવારના સ્વર્ગવાસ પામેલ છે. તે તૃપ્તિ હિતેશકુમાર શાહ તથા નેહા ધર્મેશકુમાર (ભાવેશકુમાર) કરવતના માતુશ્રી. ઇન્દિરાબેન વાડિલાલ દોશી, નરેન્દ્રભાઈ (નિરુભાઈ), નિલેશભાઈના ભાભી. કોકીલાબેન તથા જયશ્રીબેનના જેઠાણી. પીયરપક્ષે શ્રીમતી લિલાવતીબેન સાકરચંદ રાઘવજી શાહ (જેસર)ના દિકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૧૧૦૫, રોઝેલા, બિલ્ડિંગ નં. ૧૪૮, પટેલ ઝીરોક્ષ પાછળ, વલ્લભબાગ લેન એક્સટેંશન, સાઈબાબા મંદિર નજીક, ઘાટકોપર પૂર્વ.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

### 'વંદે માતરમ'ની ૧૫૦મી વર્ષગાંઠ

# રાજ્યની બધી શાળામાં આખું ગીત ગાવાનું ફરમાન

પુણેઃ દેશના રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ની રચના થઈ એને ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે રાજ્યની શાળાઓમાં ૩૧ ઓક્ટોબરથી ૭ નવેમ્બર દરમિયાન ગીતની બધી કડીઓ ગાવા માટે તેમજ ગીતનો ઇતિહાસ રજૂ કરતું પ્રદર્શન યોજવાની સૂચના આપવામાં આવી છે.

અન્ડર સેક્રેટરી ઓફ સ્કૂલ એજ્યુકેશન એ.આર. કુલકર્ણીએ પરિપત્ર દ્વારા શિક્ષણ કમિશનરને આ અંગે સૂચનાઓ આપી છે. વંદે માતરમ ગીતની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે શિક્ષણ વિભાગે થાણેમાં રાજમાતા જીજાબાઈ ટ્રસ્ટ તરફથી એક પત્ર જારી કર્યો હતો. આ પાર્શ્વભૂમિમાં શાળાઓમાં પ્રવૃત્તિઓ કરવા સૂચનાઓ આપવામાં આવી છે. દિવાળી વેકેશન બાદ ત્રીજી નવેમ્બરથી સ્ટેટ બોર્ડની શાળાઓ શરૂ થશે. સીબીએસઈ, આઈસીસીઈ જેવા અન્ય બોર્ડ સાથે જોડાયેલી શાળાઓ ખુલી ગઈ છે. એટલે બીજા શૈક્ષણિક સત્રની શરૂઆતમાં શાળાઓમાં પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડશે.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત ભારતના રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ની રચનાની તારીખ અનુસાર, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના દિવસે આવતી કારતક સુદ નોમના દિવસે અને ગ્રેગોરિયન કેલેન્ડર અનુસાર ૭ નવેમ્બર, ૨૦૨૫ના દિવસે રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. 'વંદે માતરમ'ની પ્રથમ બે પંક્તિ દરરોજ રાજ્યની શાળાઓમાં ગવાય છે. ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસર પર શિક્ષણ કમિશનરને લખેલા પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૩૧ ઓક્ટોબરથી ૭ નવેમ્બર, ૨૦૨૫ સુધી, રાજ્યની તમામ માધ્યમની અને સર્વ મેનેજમેન્ટ શાળાઓએ 'પૂર્ણ વંદે માતરમ' ગાવાનું રહેશે અને રાજ્યની તમામ શાળાઓને સૂચના આપવામાં આવે કે બધાનું ધ્યાન પડે એવી શાળાઓની જગ્યા પર ગીતનો ઇતિહાસ દર્શાવતી વિગતો પ્રદર્શિત કરે. ■

# છઠ પૂજામાં શાકભાજી વિક્રેતાઓ વતન ગયા હોવાથી ૩૦ ટકા માલ પડી રહ્યો

નવી મુંબઈઃ છેલ્લાં કેટલાક દિવસોમાં એપીએમસી માર્કેટમાં શાકભાજીની આવક વધવાથી ભાવમાં ઘટાડો થયો છે. છઠ પર્વના કારણે મોટાભાગના ઉત્તર ભારતીય રિટેલ વિક્રેતાઓ પોતપોતાના વતન ગયા હોવાથી શાકભાજીનું વેચાણ થયું નથી અને વેપારીઓનો માલ પડી રહ્યો છે. લગભગ ૨૫ થી ૩૦ ટકા શાકભાજી વેચાઈ રહી ન હોવાથી વેપારીઓની ચિંતા પણ વધી છે.

વાશી સ્થિત મુંબઈ એપીએમસી માર્કેટના શાકભાજી નવી મુંબઈ ઉપરાંત મુંબઈ, થાણે, પનવેલ અને અન્ય ઉપનગરોમાં પણ સપ્લાય કરવામાં આવે છે. છઠ પૂજાને કારણે શાકભાજીના વેચાણમાં અસર થઈ હોવાનું વેપારીઓ કહી રહ્યા છે, કારણ કે મુંબઈ-થાણેમાં છૂટક શાકભાજી વેચનારા મુખ્યત્વે ઉત્તર ભારતીયો છે અને છઠ પર્વ દરમિયાન આ વેપારીઓ પોતાને વતન ગયા હોવાથી બજારમાં મોટાભાગની શાકભાજી વેચાઈ નથી. આ કારણે બજારમાં ખરીદદારોની સંખ્યા પણ ઘટી અને શાકભાજીના ભાવમાં પણ ઘટાડો થયો.

મંગળવારે જથ્થાબંધ શાકભાજી માર્કેટમાં ભીંડાના ભાવ ૫૬-૬૦ રૂ. થી ઘટીને ૩૬-૪૦ રૂપિયા પ્રતિ કિલો થયા છે. જ્યારે ગુવાર ૭૦-૯૦ થી ઘટીને ૫૦-૭૦ રૂપિયા પ્રતિ કિલો, ટામેટાં ૧૦-૧૫ રૂપિયા પ્રતિ કિલો, ફ્લાવર - ૧૨ રૂપિયા પ્રતિ કિલો, ફણસી ૩૪-૪૪ રૂપિયા પ્રતિ કિલો, રીંગણા ૧૬-૨૨ રૂપિયા પ્રતિ કિલો, સિંગ ૫૦-૭૦ રૂપિયા પ્રતિ કિલો, મેથી ૧૬-૨૦ રૂપિયાની જૂડી, પાલક ૧૦-૧૮ રૂપિયા અને કોથમીર ૮-૧૦ રૂપિયા જૂડીના ભાવે વેચાયા છે.

આમ દિવાળી પછી શાકભાજીના ભાવ ઘટવાથી ગ્રાહકોને થોડી રાહત મળી છે, પરંતુ ખેડૂતોને નુકસાન થયુ છે. ■




# વહેલાસર નિદાન બચાવે જીવન

આપણે બધા જાણીએ છીએ કે આજે ભારતમાં સ્ત્રીઓમાં સ્તન કૅન્સર સૌથી સામાન્ય કૅન્સર છે. ભારતીય સ્ત્રીઓમાં થતા બધા કૅન્સરમાં સ્તન કૅન્સર ૧૪% છે. આ દેશમાં દર વર્ષે ૧ લાખથી વધુ મહિલાઓને સ્તન કૅન્સરનું નિદાન થઈ રહ્યું છે અને દર વર્ષે લગભગ ૯૦,૦૦૦ મહિલાઓ તેનાથી મૃત્યુ પામે છે. સ્તન કૅન્સર ટાળવું સંપૂર્ણપણે અશક્ય હોઈ શકે છે, પરંતુ જીવનશૈલીના કેટલાક નિર્ણયો જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે. સ્તન કૅન્સરના જોખમને ઘટાડવામાં મદદ કરી શકે તેવા પરિબળોમાં સ્વસ્થ વજન જાળવવું, નિયમિત શારીરિક પ્રવૃત્તિ, ધૂમ્રપાન કે દારૂનું સેવન ન કરવું, સ્વસ્થ આહાર લેવો અને તમારા બાળકોને સ્તનપાન કરાવવું સામેલ છે. જો સ્તન કૅન્સરનો કૌટુંબિક ઇતિહાસ હોય તો વારસાગત સ્તન કૅન્સરનું થોડુંક જોખમ પણ હોય છે. વધુમાં, સારી સ્તન આરોગ્ય યોજના રાખવાથી કૅન્સર કોઈપણ લક્ષણો ઉત્પન્ન કરે તે પહેલાં તેને શોધી કાઢવામાં મદદ મળી શકે છે. ડોક્ટર દ્વારા ક્લિનિકલ સ્તન તપાસ, વાર્ષિક મેમોગ્રામ અને સ્તન સ્વ-પરીક્ષા - આ બધું વહેલાસર નિદાનમાં મદદ કરી શકે છે અને સફળ સારવારની શક્યતા વધારે છે.



ડૉ. શ્રવણ એસ. શેટ્ટી
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજિસ્ટ

દર વર્ષે ઑક્ટોબરમાં વિશ્વભરમાં સ્તન કૅન્સર જાગરૂકતા મહિનો ઉજવવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય રોગના જોખમી પરિબળો, ચિહ્નો અને લક્ષણો વિશે જાગરૂકતા લાવવાનો અને કૅન્સરનું વહેલું નિદાન કરવામાં મદદ કરવાનો છે. તાજેતરના અભ્યાસો મુજબ, પશ્ચિમી દેશોની તુલનામાં ભારતીય મહિલાઓનો મોટો હિસ્સો નાની ઉંમરે કૅન્સરથી પીડાય છે. આ સારવારના પરિણામો સુધારવા અને જીવન બચાવવા માટે વહેલા નિદાન અને સારવારને મહત્ત્વપૂર્ણ બનાવે છે. સ્તન કૅન્સરના ઊંચા વ્યાપનું એક મુખ્ય કારણ સ્ત્રીઓમાં રોગ વિશે જાગરૂકતાનો અભાવ છે.

આ ઉપરાંત, ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં, સ્તન કૅન્સર વિશે કેટલીક કલંક અને ગેરમાન્યતાઓ યોગ્ય અને સમયસર સારવાર માટે અડચણ ઊભી કરે છે. સ્ત્રીઓને શિક્ષિત કરીને અને જાગૃતિ લાવીને, આપણે તેમને શીખવી શકીએ છીએ કે જોખમી પરિબળો, લક્ષણો, નિયમિત સ્વ-તપાસનું મહત્ત્વ, વાર્ષિક મેમોગ્રામ અને દંતકથાઓને ખોટી સાબિત કરવા વિશે શિખવાડી શકીએ છીએ. સ્તન સ્વ-તપાસ મહિલાઓને તેમના સ્તન સ્વાસ્થ્યની જવાબદારી લેવા સક્ષમ બનાવે છે અને તેને મજબૂત બનાવે છે. સ્વ-તપાસ સરળ, ખર્ચ-અસરકારક અને ઘરની ગોપનીયતામાં કરી શકાય છે. જો મહિલાઓને સ્તન સ્વ-પરીક્ષાની યોગ્ય પદ્ધતિ શીખવવામાં આવે તો તેઓ સરળતાથી તેમના સ્તનોમાં થતા ફેરફારો ઓળખી શકે છે અને તબીબી સહાય લઈ શકે છે, જ્યારે સ્વ-તપાસ મહત્ત્વપૂર્ણ છે, તે નિયમિત ક્લિનિકલ સ્તન તપાસ અને મેમોગ્રામને રીપ્લેસ નથી કરવાનું એટલે કે નિયમિત ક્લિનિકલ સ્તન તપાસ પણ કરાવવી જોઈએ. તેના પ્રારંભિક તબક્કામાં સ્તન કૅન્સરને શોધવામાં વધુ અસરકારક છે. ડોક્ટર સ્વ-તપાસ દરમિયાન ચૂકી ગયેલા કોઈપણ સૂક્ષ્મ તફાવતોને ઓળખી શકશે. બ્રેસ્ટ ઇમેર્જિંગ સોસાયટી, ભારત વાર્ષિક મેમોગ્રાફી-આધારિત સ્ક્રીનિંગ શરૂ કરવા માટે ૪૦ વર્ષ વયની સલાહ આપે છે.

કૅન્સરને વહેલા પકડવાથી સફળ સારવારની શક્યતાઓ નોંધપાત્ર રીતે વધે છે અને બચવાની શક્યતાઓ વધે છે. સ્તન કૅન્સર પર મહિલાઓને સશક્તિકરણ કરવાથી ગભરાટ અને અજ્ઞાનતાથી જાગરૂકતા અને પ્રેરણા તરફ બદલાઈ શકે છે.

આ વર્ષની થીમ ''દરેક વાર્તા અનન્ય છે, દરેક સફર મહત્ત્વપૂર્ણ છે'' છે. દરેક વ્યક્તિનો સ્તન કૅન્સરનો અનુભવ અલગ હોય છે - નિદાન અને સારવારથી લઈને રીકવરી અને બચી જવા સુધી. તે દરેક તબક્કે સંભાળ, જાગરૂકતા અને સહાય પૂરી પાડવાના મહત્ત્વ પર ભાર મૂકે છે.

આપણા જીવનની બધી મહત્ત્વપૂર્ણ સ્ત્રીઓ જેમ કે માતાઓ, બહેનો, પત્નીઓ, કાકીઓ અને નજીકના મિત્રોને પણ માસિક સ્તન સ્વ-તપાસ કરવા અને નિયમિત મેમોગ્રાફી સ્ક્રીનિંગ કરાવવાનું યાદ અપાવવાની જરૂર છે.


એપોઈન્ટમેન્ટ માટે કૃપા કરીને સંપર્ક કરોઃ 9029930293

ડૉ. શ્રવણ એસ. શેટ્ટી (કંસલટન્ટ સર્જીકલ ઓન્કોલોજીસ્ટ)

- ACI કંબાલા હીલ હૉસ્પિટલ, મુંબઈ
- બ્રીચકેન્ડી હૉસ્પિટલ, મુંબઈ
- લિલાવતી હૉસ્પિટલ & રિસર્ચ સેન્ટર, મુંબઈ
- ક્રિટી કેર એશિયા હૉસ્પિટલ, મુંબઈ

ઈમેઈલઃ drshravanshetty@gmail.com


### એકનાથ ખડસે કોની સામે આંગળી ચીંધી રહ્યા છે?

# ઘરેણાં-રોકડ રકમ સાથે ભ્રષ્ટાચારના પુરાવા પણ ગાયબ


જળગાંવઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વરિષ્ઠ નેતા અને વિધાન સભ્ય એકનાથ ખડસેના જળગાંવ સ્થિત બંગલામાંથી મંગળવારે રોકડ રકમ અને સોના - ચાંદીની ચોરી થઈ હતી. દરમિયાન ખડસેએ દાવો કર્યો છે કે ચોરોએ સોના-ચાંદી ઉપરાંત સીડી અને કેટલાક લોકોના ભ્રષ્ટાચારના પુરાવા ધરાવતા મહત્વપૂર્ણ દસ્તાવેજો પણ ચોરી લીધા છે. ખાતર પાડવા આવેલા ચોરો ચોક્કસ કયા હેતુ માટે આવ્યા હતા એવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો.

ચોરીની ઘટના બાદ બંગલાના કબાટમાંથી અન્ય કઈ કઈ વસ્તુઓ ચોરાઈ છે એ ચકાસવા વિધાન સભ્ય ખડસેએ બારીકાઈથી નિરીક્ષણ કરતા તેમને જાણવા મળ્યું કે કબાટમાંથી કેટલીક મહત્વપૂર્ણ સીડી ગાયબ છે. સંવાદદાતાઓને આ અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે ચોરોએ ચોરેલી સીડી બહુ મહત્ત્વની નહોતી, પણ ઉપયોગી હતી. સોના, ચાંદી અને પૈસાની સાથે સીડીની ચોરી પાછળ કોઇનો હાથ છે કે કેમ એવો સવાલ કરવામાં આવતા 'મારી પાસે પુરાવા છે અને હું તે જાતે જ પોલીસને આપીશ' એવી સ્પષ્ટતા તેમણે કરી હતી.

જળગાંવ શહેરમાં ખડસે પરિવારનો બંગલો છે. સમગ્ર ખડસે પરિવાર કોથળી (તાલુકા મુક્તાઈનગર)માં રહેતો હોવાથી જલગાંવમાં બંગલામાં વિશેષ આવનજાવન નથી હોતી. જાળવણી માટે એક વ્યક્તિની નિમણૂક કરવામાં આવી છે. સોમવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ આ વ્યક્તિએ બંગલાના તમામ દરવાજા બંધ કર્યા બાદ ચોરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી ખડસે અને તેમની પુત્રવધૂ રક્ષા ખડસેનો સામાન ફેંકી દીધો હતો અને લગભગ ૬૮ ગ્રામ સોનું, ૭.૫ કિલો ચાંદી અને ૩૫ હજાર રોકડા રૂપિયાની ચોરી કરી હતી.

મંગળવારે સવારે ચોરીની જાણ થઈ હતી. પોલીસ સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. સબ ડિવિઝનલ પોલીસ અધિકારી નીતિન ગણપુરે જણાવ્યું હતું કે મુક્તાઈ બંગલાના સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ ન હોવા છતાં, આસપાસના મકાનોના સીસીટીવી ફૂટેજ જોયા બાદ વધુ તપાસ ઝડપી કરવામાં આવી હતી. ■

# થાણે બેલાપુર રોડ પર અકસ્માતમાં ટ્રક પરનું કન્ટેનર નીચે પડ્યું



નવી મુંબઈઃ થાણે-બેલાપુર રોડ પર બુધવારે સવારે ઘણસોલી ફ્લાયઓવરની શરૂઆતમાં એક ટ્રક અકસ્માત થયો. આ અકસ્માતમાં ટ્રક પરનું કન્ટેનર નીચે પડી ગયું જેના કારણે ફ્લાયઓવર અને તેની નીચેનો રસ્તો બંને બ્લોક થઈ ગયા હતા. આ કારણે થોડા જ સમયમાં અહીં પર ટ્રાફિક જામ થઈ ગયો હતો અને વાહનોની કતાર ઐરોલી સુધી પહોંચી ગઈ હતી. સવારે ૯ વાગ્યા સુધીમાં એક દિશામાં વાહનોની અવરજવર શરૂ કરવામાં આવી હતી.

બુધવારે સવારે લગભગ ૭ વાગ્યાની આસપાસ થાણે-બેલાપુર માર્ગ પર ઘણસોલી સ્ટેશન ફ્લાયઓવર પરથી નીચે ઉતરતાની સાથે જ એક ટ્રક ડિવાઈડર પર ચઢી ગયો હતો. ટ્રક થાણે-બેલાપુર રૂટનો ઉપયોગ કરીને જેએનપીટી થી થાણે તરફ જઈ રહ્યો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રક પરનું કન્ટેનર તેના બે પાછળના પૈડા સહિત રસ્તા પર પડી ગયું. આ અકસ્માતમાં, ટ્રક કન્ટેનર બેલાપુર લેન પર પડી જતાં બેલાપુર તરફનો ટ્રાફિક સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ સમયે ટ્રાફિક પોલીસ ઇન્સ્પેક્ટર તુકારામ પવલે એક ટીમ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા.

દરમિયાન હાઇડ્રા ક્રેન મંગાવીને કન્ટેનરને વાહનવ્યવહાર પૂરતું બાજુમાં ખસેડવામાં આવ્યું અને ૯ વાગ્યા પછી એક લેનની અવરજવર શરૂ કરવામાં આવી. સવારનો સમય હોવાથી રસ્તા પર ભારે ટ્રાફિક હતો. થોડા સમયમાં ઐરોલી સુધી ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. આનાથી મુલુંડ તરફ આવતા ટ્રાફિક પર અસર પડી હતી. જોકે, તાત્કાલિક ટ્રાફિક સંપૂર્ણપણે બંધ કર્યા પછી, ટ્રાફિક પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનને બાજુ પર લઈ જઈને એક તરફ ટ્રાફિક શરૂ કર્યો હતો.

થાણે-બેલાપુર માર્ગ પર ફ્લાયઓવરની શરૂઆતમાં અને અંતે કોઈ સૂચનાઓ લગાવવામાં આવી નથી. તેમ જ, અન્ય કોઈ રેડિયમ કે વાહનચાલકોના ધ્યાનમાં આવે તેવા ચિહ્નો પણ લગાવવામાં આવ્યા નથી. આને કારણે, આવા અકસ્માતો સામાન્ય બની ગયા છે.■

# માહિમમાં ડિમોલિશન દરમ્યાન ઈમારતનું માળખું તૂટી પડતાં બે જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માહિમમાં ત્રણ માળની બિલ્ડિંગમાં બાંધકામને તોડી પાડવાની કામગીરી ચાલી રહી હતી એ સમયે આખું માળખું જ તૂટી પડતા બે જણ જખમી થયા હોવાનો બનાવ બન્યો હતો. જખમીઓને ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

માહિમમાં રેલવે સ્ટેશન સામે સેનાપતી બાપટ માર્ગ પર ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની જોન્સન ઍન્ડ જૉન્સન બિલ્ડિંગ આવેલી છે. બિલ્ડિંગના બાંધકામને તોડી પાડવાની કામગીરી ખાનગી કૉન્ટ્રેક્ટર દ્વારા ચાલી રહી હતી એ દરમ્યાન બુધવારે બપોરના ૧.૪૮ વાગ્યાની આસપાસ બિલ્ડિંગને તોડવાનું કામ જેસીબી મશીન દ્વારા ચાલી રહ્યું હતું ત્યારે પહેલા અને બીજા માળનું માળખું અચાનક તૂટી પડ્યું હતું. બિલ્ડિંગનો અમુક ભાગ લટકી પડયો હતો. અમુક ભાગ નીચે જેસીબી મશીન પર પડ્યો હતો. તો બાજુમાં આવેલા અમોર અપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ફોર-વ્હીલર પર પણ બિલ્ડિંગનો અમુક ભાગ તૂટી પડ્યો હતો, જેમાં કારણે મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડ, પોલીસ, ડિઝાસ્ટ મેનેજમેન્ટના અધિકારી-કર્મચારીઓ પહોંચી ગયા હતા. બિલ્ડિંગના કાટમાળ નીચે કૉન્ટ્રેક્ટરના બે માણસો દબાઈ ગયા હતા. ફાયરબ્રિગેડે કાટમાળ હેઠળથી ભારે જહેમત બાદ બંનેને બહાર કાઢયા હતા અને તેમને નજીક આવેલી ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જખમીમાં ૨૪ વર્ષનો મોહમ્મદ અયુબ અને ૨૪ વર્ષના શાહરુખ ખાનનો સમાવેશ થાય છે. બંને યુવકને ઈજા પહોંચી હતી. ફાયર બ્રિગેડ અને પોલીસ આ દુર્ઘટનાની તપાસ કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# પુણે એરપોર્ટના શિડ્યુઅલમાં એકપણ નવી ફ્લાઈટ નથી, પ્રવાસીઓ નારાજ

પુણેઃ પુણે હવે મુંબઈની જેમ વિકસી રહ્યું છે અને મુંબઈને કોમ્પિટિશન આપી રહ્યું છે. શહેર અને જિલ્લાનો સતત વિકાસ થતો રહે છે આથી સ્વાભાવિક છે કે વિવિધ સુવિધાની જરૂર પડે. એર કનેક્ટિવિટી પણ એક મહત્વની સુવિધા છે. જોકે તેમ છતાં પુણેથી અન્ય શહેરો અને દેશોમાં જતી ફ્લાઈટ્સનું પ્રમાણ ઓછું છે. તાજેતરમાં જ જાહેર થયેલા વિન્ટર શિડ્યુઅલ-૨૦૨૫એ પુણેથી ફ્લાઈટ્સમાં જવા આવવા ઈચ્છતા પ્રવાસીઓ અને સેવા આપતી એરલાઈન્સને નિરાશ કર્યા છે. એકપણ નવું ડોમેસ્ટિક કે ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશન ઉમેરાયું નથી.

આ સમયપત્રક મુજબ એર ઇન્ડિયા એક્સપ્રેસ અને ઇન્ડિગો એરલાઇન્સ પુણેથી બેંગકોક સુધીની ફ્લાઇટ્સ શરૂ કરશે. એર ઇન્ડિયા એક્સપ્રેસ બેંગકોક માટે રેગ્યુલર સેવા આપશે, ત્યારે ઇન્ડિગોની ફ્લાઇટ્સ અઠવાડિયામાં ત્રણ દિવસ એટલે કે બુધવાર, શુક્રવાર અને રવિવારે રહેશે. સ્પાઇસજેટ અને ઇન્ડિગો બંને એરલાઇન્સ દુબઈ માટે દૈનિક ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

ડોમેસ્ટિક ફ્લાઇટ્સની વાત કરીએ તો, મુસાફરો પુણે એરપોર્ટથી દેશના ૩૪ શહેરોમાં સીધા મુસાફરી કરી શકશે. આમાં દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, ચેન્નઈ, હૈદરાબાદ, કોલકાતા, ગોવા, અમદાવાદ, જયપુર, ચંદીગઢ, ઈન્દોર, નાગપુર, વડોદરા, અમૃતસર, ભોપાલ, ભુવનેશ્વર, રાંચી, ગુવાહાટી, કોચી, કોઈમ્બતુર, દહેરાદૂન, રાજકોટ, હુબલી, જળગાંવ, કિશનગઢ, સુરત વગેરેનો સમાવેશ થાય છે.

હાલમાં પુણે એરપોર્ટ પર ૨૨૦ ફ્લાઈટ્સના સ્લોટને મંજૂરી મળી છે, પરંતુ ૨૦૮ ફ્લાઈટ્સ જ ઓપરેટ થાય છે કારણ કે શિડ્યુઅલમાં ઘણા અવરોધ આવી રહ્યા છે. એરલાઈન્સ વધારે ડેસ્ટિનેશન એડ કરવા માગે છે, પરંતુ એરપોર્ટની મર્યાદાને લીધે થઈ શકતું નથી. સ્લોટ ન મળતા હોવાથી અને મર્યાદિત એપ્રોન સ્પેસને કારણ પુણેથી વધારાની ફ્લાઈટ્સ ઉડી શકતી નથી. ■

# વિરારમાં ત્રણ વર્ષનું બાળક સ્વિમિંગ પૂલમાં ડૂબી ગયું

મુંબઈઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વિરારમાં એક ક્લબના સ્વિમિંગ પૂલમાં ત્રણ વર્ષનો બાળક ડૂબી ગયો હોવાનું પોલીસે બુધવારે જણાવ્યું હતું.

બોળિંજ પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેકટર પ્રકાશ કાવલેએ જણાવ્યું હતું કે સોમવારે બાળક તેના પરિવારના સભ્યો સાથે વિરારમાં આવેલા એક ક્લબમાં આવ્યો હતો ત્યારે આ દુર્ઘટના બની હતી. પૂલમાં બાળક હલનચલન કર્યા વગરની હાલતમાં મળી આવ્યો હતો. તેને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ હાલ એક્સિડેન્ટલ ડેથનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસ કરી રહી છે અને હાજર રહેલાઓના નિવેદન નોંધી રહી હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું. ■

# પુણે પોલીસે ભાગેડુ ગેંગસ્ટર ઘાયવડને ડિપોર્ટ કરવા યુકેની મદદ માગી

પુણેઃ પુણે સ્થિત ગેંગસ્ટર નીલેશ ઘાયવડે ગેરકાયદે પાસપોર્ટ મેળવ્યો છે અને હાલ તે યુનાઇટેડ કિંગડમમાં છે, એવી પુણે પોલીસને શંકા છે. આથી પોલીસે બ્રિટિશ હાઇ કમિશનને પત્ર લખીને ઘાયવડની અટકાયત અને તેને ડિપોર્ટ કરવાની માગણી કરી છે.

હત્યા અને ખંડણી સહિત અનેક ગુનામાં વોન્ટેડ ઘાયવડ યુકે ગયો છે, કારણ કે તેનો પુત્ર પણ ત્યાં રહે છે, એવું પોલીસનું માનવું છે.

ઘાયવડ ગાયબ થયાના થોડા દિવસ અગાઉ તેના સાગરીતોએ કોથરુડ વિસ્તારમાં ૧૮ સપ્ટેમ્બરે રોડ રેજની ઘટના બાદ એક વ્યક્તિને ગોળી મારી હતી. આ ઘટના બાદ ઘાયવડ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઘાયવડ ભાગી છૂટ્યા બાદ પુણે પોલીસે તેની સામે ગેરકાયદે પાસપોર્ટ મેળવવા સહિત અનેક કેસ દાખલ કર્યા હતા.

'અમારું માનવું છે કે ઘાયવડ યુકે ગયો છે, કારણ કે તેનો પુત્ર ત્યાં રહે છે. અમે ભારતમાં બ્રિટિશ હાઇ કમિશનને પત્ર લખીને ઘાયવડે કેવી રીતે વિઝા મેળવ્યા, યુકેમાં તે કેટલા સમયથી રહે છે, તેણે કયા પ્રકારના વિઝા મેળવ્યા અને પરમિટની એક્સપાયરી ડેટ વિશે માહિતી માગી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# નિવૃત્ત સરકારી અધિકારી સાથે ગેંગસ્ટર અબુ સાલેમના નામે ૭૧ લાખ રૂપિયાની છેતરપિંડી

મુંબઈઃ ગેંગસ્ટર અબુ સાલેમના નામે સાયબર ઠગોએ નિવૃત્ત સરકારી અધિકારી સાથે ૭૧.૨૪ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. નાશિક પોલીસના અધિકારીના સ્વાંગમાં આરોપીઓએ બનાવટી કાનૂની દસ્તાવેજો બતાવીને પીડિતને બૅંક ખાતાંઓમાં ધીમે ધીમે રક ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

૨૨ સપ્ટેમ્બર અને પંદરમી ઑક્ટોબર વચ્ચે આ છેતરપિંડી આચરવામાં આવી હતી. આરોપીઓએ ફોન તથા વ્હૉટ્સઍપ વીડિયો કૉલ થતી પીડિતનો સંપર્ક સાધ્યો હતો. પોતાની ઓળખ નાશિકના પોલીસ અધિકારી તરીકે આપનારા આરોપીઓએ પીડિતને એવું કહીને ગભરાવ્યો હતો કે તમારી આર્થિક લેણદેણ અબુ સાલેમ સાથે હોવાની માહિતી બૅંક ખાતા પરથી મળી છે. દરમિયાન તમારા બૅંક ખાતામાંનું ભંડોળ સ્ટોક ફ્રોડ તેમ જ ખંડણીના કેસો સંબંધી છે અને મુંબઈ પોલીસના ટોપ ૧૦ મોસ્ટ વોન્ટેડ કેસની યાદીમાં તમારું નામ છે, એવું આરોપીઓએ પીડિતને કહ્યું હતું. પીડિતને વિશ્વાસ બેસે એ માટે આરોપીઓએ સુપ્રીમ કોર્ટનું નામ ધરાવતું બનાવટી અરેસ્ટ વોરન્ટ અને વોન્ટેડ ગુનેગારોના ફોટા સાથેનું ફરફરિયું પણ બતાવ્યું હતું.

તમારા બૅંક ખાતામાની ૧૦ ટકા રકમ એ ગુનામાં અબુ સાલેમે આપેલું કમિશન છે. આથી જો તમે તપાસમાં સહયોગ નહીં આપો તો અંડરવર્લ્ડ સાથે તમારું નામ જોડાઇ જશે, એવી ધમકી પીડિતને તેમણે આપી હતી. ગભરાઇને પીડિતે વેરિફિકેશનના હેતુથી ઘણી બધી બૅંકમાં ૭૧.૨૪ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. બાદમાં પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ પીડિતે ઇસ્ટ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■


A LIFE BAUTIFULLY LIVED



Usha J. Thakkar (Age-86)
Left for heavenly abode on 24th October 2025.
Loved by:
Alok, Monika, Ved, Amee, Danny, Harsh, Pooja, Family & Friends..


### ૬,૦૦૦ કરોડની નવી મુંબઈ પાલિકામાં અસુવિધા

# સ્મશાનગૃહમાં 'બત્તી ગુલ' થતાં કારની હેડલાઇટના પ્રકાશમાં અંતિમસંસ્કાર કરાયા

નવી મુંબઈઃ નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા ઘણસોલી સેક્ટર ૧૬ માં આવેલા સ્મશાનગૃહમાં વીજળી ગુલ થવાને કારણે અંતિમસંસ્કાર માટે આવેલા નાગરિકોને અંધારામાં ધાર્મિક વિધિઓ કરવી પડી હતી. અંતિમસંસ્કાર દરમિયાન સ્મશાનમાં અંધારું હોવાથી આખરે ફોર વ્હીલરની હેડલાઇટના પ્રકાશમાં અંતિમ સંસ્કારની વિધિઓ પૂર્ણ કરવામાં આવી હતી. આનાથી હાજર નાગરિકો અને પરિવારોમાં રોષની લાગણી ફેલાઇ હતી અને મ્યુનિસિપલ વહીવટીતંત્રના સંચાલન સામે ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વાર્ષિક બજેટ ૬,૦૦૦ કરોડ રૂપિયા હોવા છતાં નાગરિકો આવા સંવેદનશીલ સમયે મૂળભૂત સુવિધાઓનો અભાવ અનુભવી રહ્યા છે. રાતે ઘણસોલી સ્મશાનગૃહનો વીજળી પુરવઠો બંધ થઈ જતાં સમગ્ર વિસ્તારમાં અંધારું છવાઈ ગયું હતું. અંતિમસંસ્કાર માટે આવેલા નાગરિકોએ ફક્ત મોબાઇલ ફ્લેશલાઇટ અને કારની હેડલાઇટના પ્રકાશમાં જ ધાર્મિક વિધિઓ કરવી પડી હતી. આનાથી ઉપસ્થિતોને ભાવનાત્મક તકલીફ તો પડી જ, પરંતુ સાથે સ્મશાનગૃહ વિસ્તારમાં અસુરક્ષાની લાગણી પણ ફેલાઈ હતી. ■

# આજથી વડા પ્રધાન મોદી બે દિવસ ગુજરાતમાં: આવતીકાલે એકતાદિનની ઉજવણીમાં સામેલ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબરે કેવડિયા એકતાનગર ખાતે યોજાનાર એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થશે. વડા પ્રધાનના નેતૃત્ત્વમાં થનારી આ ઉજવણી સંદર્ભે આજે સાંજે ૫.૩૦ કલાકે વડોદરાથી એકતાનગર ખાતે આવી પહોંચશે અને ઈ-બસોને લીલી ઝંડી આપશે. ઉપરાંત એકતાનગરમાં રૂ. ૧,૨૧૯ કરોડથી વધુના વિવિધ માળખાગત અને વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં સ્મૃતિ સિક્કાનું અને ટપાલ ટિકિટનું પણ અનાવરણ કરશે.

પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતને જે ૧,૨૧૯ કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ કામોની ભેટ આપવાના છે તેમાં ૩૬૭ કરોડના ખર્ચે નિર્માણ થનારા ધ મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ્સ ઓફ ઇન્ડિયાના ખાતમુહૂર્ત સહિત કુલ રૂ. ૭૦૦ કરોડથી વધુ રકમના ખાતમુહૂર્ત તથા આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાના નામ સાથે જોડાયેલા ૩૦૩ કરોડના ખર્ચે નિર્મીત બિરસા મુંડા ભવનના ઉદ્‌ઘાટન સહિત કુલ ૫૧૯ કરોડ રૂપિયાના વિકાસ કામોના ઉદ્‌ઘાટન પણ કરશે. તેમણે ઉમેર્યું કે, ૩૧મી ઓક્ટોબરે સવારે વડા પ્રધાન સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરશે તથા એકતાનગર ખાતે ભારત પર્વ અંતર્ગત ડેમ વ્યુ પોઇન્ટ-૧ ખાતે થનારી સાઈક્લોથોન ઇવેન્ટનો કર્ટન રેઈઝર લોન્ચ કરશે. આ ઉપરાંત ૧૬ નવેમ્બરે ભારત અને ગુજરાત સરકારના વિશેષ મહાનુભાવો સાથે સાઈકલિંગ ફન રાઈડ અને ૧૭ નવેમ્બરે ગુજરાત સરકારના રમતગમત વિભાગના સહયોગથી સાઇક્લોથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં દેશભરમાંથી સાઇકલ ચાલકો સહભાગી થશે. પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસે યોજાતી પરેડની પેટર્ન પર રાષ્ટ્રીય એકતા દિવસના અવસરે એકતાનગર ખાતે પ્રથમ વખત ભવ્ય મૂવિંગ પરેડનું આયોજન, વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી કરાવતા કાર્યક્રમો તથા રાજ્યોની સિદ્ધિઓ દર્શાવતા 'એકત્વ' થીમ આધારિત ૧૦ ટેબ્લોઝ પ્રસ્તુત કરવામાં આવશે. ■

## મોદી એકતાનગરને આપશે મોટી ભેટ: પચીસ નવી ઈ-બસો ઉમેરાશે

અમદાવાદ: નર્મદા જિલ્લાના કેવડીયા સ્થિત એકતા નગરમાં બનાવવામાં આવેલી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને નિહાળવા માટે દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. આ દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસર પર તા.૩૧ ઓક્ટોબરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લઈ એકતા નગરને અનેક વિકાસ કાર્યો અને પ્રવાસન આકર્ષણોની ભેટ આપશે.

આ પ્રસંગે વડા પ્રધાન મોદીના હસ્તે પ્રવાસીઓની સુવિધા માટે નવી ૨૫ ઈ-બસોનું લોકાર્પણ કરવામાં આવશે. હાલ એકતા નગરમાં પહેલાથી જ ૩૦ ઈ-બસો દોડતી હોવાથી હવે કુલ ૫૫ ઈ-બસો પ્રવાસીઓને સેવામાં કાર્યરત રહશે.

ઉલ્લેખનીય છે કે, નવી ઉમેરાયેલી ઈ-બસો ૯ મીટર લાંબી મિનિ એસી બસો છે, જે એક વખત ચાર્જ કર્યા પછી ૧૮૦ કિલોમીટર સુધી દોડી શકે છે. દરેક બસમાં બે ઇમર્જન્સી એક્ઝિટ બારીઓ સાથે દિવ્યાંગજનો માટે ખાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહિલાઓ સુરક્ષિત અને આરામદાયક રીતે મુસાફરી કરી શકે તે માટે અલગથી ૪ પિન્ક બેઠક તૈયાર કરવામાં આવી છે. એકતા નગરમાં ઈ-બસોની વધારાની ભેટ સાથે પ્રવાસીઓને વધુ સુવિધાઓ મળશે અને પર્યટન ક્ષેત્રે નવી ઊર્જા સંચરિત થશે.

## હર્ષ સંઘવી અને જીતુ વાઘાણીની પ્રવક્તા પ્રધાન તરીકે નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના નવા પ્રધાનમંડળની રચના બાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા પ્રવક્તા પ્રધાનોના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના નીતિવિષયક નિર્ણયો અને મહત્ત્વપૂર્ણ બાબતોની માહિતી રજૂ કરવા માટે જીતુ વાઘાણી અને હર્ષ સંઘવીની પ્રવક્તા પ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

અગાઉની સરકારમાં આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ પ્રવક્તા પ્રધાન તરીકેની જવાબદારી સંભાળતા હતા. નવા પ્રધાનમંડળમાં ફેરફાર અને જવાબદારીની પુનઃવહેંચણીના ભાગરૂપે આ બંને પ્રધાનોની નિયુક્તિ કરવામાં આવી હતી. પ્રવક્તા પ્રધાન તરીકે જીતુ વાઘાણી અને હર્ષ સંઘવી હવે રાજ્ય સરકારના કેબિનેટ નિર્ણયો, જાહેર નીતિઓ અને વિકાસ કાર્યોની માહિતી મીડિયા સમક્ષ રજૂ કરશે.

ઉલ્લેખનીય છે કે હર્ષ સંઘવીને ગૃહ રાજ્ય પ્રધાન બાદ રાજ્યના નાયબ મુખ્યપ્રધાન તરીકેનું પદ સોંપવામાં આવ્યું હતું. ત્યાર બાદ હવે તેમને રાજ્યના પ્રવક્તા પ્રધાન તરીકેની પણ વધારાની મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હતી. આ સિવાય જીતુ વાઘાણીને પણ ફરી એકવાર મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી હતી. ■

# માવઠાથી ૧૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર અસરગ્રસ્ત: સાત દિવસમાં સર્વે પૂર્ણ કરવા મુખ્ય પ્રધાનનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના વિવિધ વિસ્તારોમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી થઈ રહેલા કમોસમી વરસાદને લીધે કૃષિ પાકને મોટા પાયે નુકસાની થઈ છે. ખેડૂતોના મોઢા સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. માવઠાનો માર સહન કરી રહેલા ખેડૂતો માટે રાજ્ય સરકારે મોટું પગલું લીધું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્ય પ્રધાન મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ઓક્ટોબર-૨૦૨૫ના છેલ્લા એક અઠવાડિયામાં વરસેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાન તેમજ ખેડૂતોને ફરી બેઠો કરવા માટે આર્થિક નુકસાનીમાં સહાયરૂપ થવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં થયેલી ચર્ચા અંગે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તરફથી મળેલા પ્રાથમિક અહેવાલ અનુસાર ગત તા. ૨૩ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન ગુજરાતમાં ૩૩ જિલ્લાના ૨૩૯ તાલુકામાં સમાન્યથી અતિભારે વરસાદ વરસ્યો હતો. જેમાં હાલના તબક્કે આશરે ૧૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં નુકશાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે. પ્રધાન વાઘાણીએ કહ્યું હતું કે, બેઠકમાં મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાને રાજ્યના ખેડૂતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લામાં તાત્કાલિક ધોરણે એસડીઆરએફના ધારાધોરણો મુજબ સર્વે શરૂ કરીને, તેને સાત દિવસમાં પૂર્ણ કરવા સૂચનાઓ આપી હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત તેમણે કહ્યું, ખેડૂતોને ઝડપથી સહાય પૂરી પાડવાના આશય સાથે અદ્યતન ટેક્નોલોજી - કૃષિ પ્રગતિના માધ્યમથી ઝડપથી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે. રાજ્યનો કોઈ પણ અસરગ્રસ્ત ખેડૂત સહાયથી વંચિત ન રહી જાય તે માટે ટેક્નોલોજીકલ સર્વે ઉપરાંત ભૌતિક સર્વે પણ હાથ ધરવામાં આવશે. રાજ્યમાં હજુ પણ જે ખેડૂતોનો પાક ઊભો છે, તે પાકના સંરક્ષણ માટે કૃષિ વિભાગ દ્વારા એક વિશેષ એગ્રો એડવાઇઝરી જિલ્લાવાર જાહેર કરવામાં આવી હતી. આ એડવાઇઝરીમાં વિવિધ ઊભા પાકની જાળવણી માટેના વૈજ્ઞાનિક પગલાંઓ સૂચવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ખેડૂતોને વિવિધ માધ્યમો દ્વારા યોગ્ય માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. અસરગ્રસ્ત ખેડૂતોને આસ્વસ્થ કરતા પ્રધાને કહ્યું હતું કે, ખેડૂતોને સહાય કરીને સરકાર તેમની પર ઉપકાર નહીં, પરંતુ પોતાની નૈતિક ફરજ નિભાવી રહી છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે રહી છે અને ભવિષ્યમાં પણ તેમની પડખે રહેશે. ■

## આ વર્ષે લીલી પરિક્રમા રદ થવાની સંભાવના: ભારે વરસાદના કારણે ૩૬ કિ.મી.નો રૂટ ધોવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં બે નવેમ્બરથી ગિરનારની લીલી પરિક્રમાનો સત્તાવાર પ્રારંભ થવાનો છે, પરંતુ આ વર્ષ થોડી અડચણ આવી શકે છે. મોટા ભાગે દર વર્ષે પરિક્રમા શરૂ થતા પહેલાં લાખો લોકો પરિક્રમા પૂર્ણ કરી લેતા હોય છે. જોકે, આ વર્ષે કમોસમી વરસાદ ભક્તોને નિરાશ કરી શકે છે. વરસાદના કારણે લીલી પરિક્રમાનો ૩૬ કિમીનો રસ્તો ધોવાઈ ગયો હતો. જેના કારણે લીલી પરિક્રમાની તૈયારીઓને બ્રેક લાગી છે તેમજ રદ થવાની પણ શક્યતા છે.

જિલ્લા કલેક્ટર દ્વારા પણ કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે કહ્યું હતું કે, તારીખ ૨/૧૧/૨૦૨૫ થી શરૂ થતી ગિરનાર લીલી પરિક્રમા માટે બનાવાયેલ રૂટ કમોસમી વરસાદના કારણે ધોવાઈ ગયેલ છે. આથી રૂટ પર હાલ અતિ કીચડ હોવાથી વાહનો ફસાવાની શક્યતા છે. જેથી નવી સૂચના ન મળે ત્યાં સુધી અન્નક્ષેત્રના વાહનો પરિક્રમા રૂટ પર ન લાવવા વિનંતી છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી પડેલા કમોસમી વરસાદના કારણે પરિક્રમાનો ૩૬ કિમીનો રૂટ ધોવાઈ જતાં અનેક જગ્યાએ રસ્તાઓ જોખમી બન્યા છે. જેથી વન વિભાગના જણાવ્યા મુજબ હાલ પરિક્રમાના રૂટ પર ભારે વાહનો જઈ શકે એમ નથી. તંત્ર દ્વારા કોઈ નવી સૂચના આપવામાં ના આવે ત્યાં સુધી ઉતારાની વ્યવસ્થા કરતા લોકોને રૂટ પર વાહન ના લઈ જવા માટે કહેવામાં આવ્યું છે. અત્યારે પરિક્રમાનો રૂટ જોખમી બન્યો બન્યો છે. એટલું જ નહીં પરંતુ ફોરેસ્ટ અધિકારી દ્વારા બાળકો, વૃદ્ધો અને બીમાર લોકોને પરિક્રમામાં ન આવવા અપીલ કરવામાં આવી હતી. ■

## ખેડૂતોની માગણીઓ નહીં સંતોષાય તો બે મહિનામાં સિંહાસન ડગાવવાનો અમિત ચાવડાએ હુંકાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ બુધવારે ભૂપેન્દ્ર પટેલ સરકારને બે મહિનાનું અલ્ટીમેટમ આપ્યું હતું. તેમણે ચેતવણી આપી કે જો ખેડૂતોની માગો પૂરી નહીં થાય તો નેપાળ જેવી ક્રાંતિ કરીશું. રાજકોટમાં એક સભાને સંબોધતા ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને ભ્રષ્ટાચાર, અહંકાર અને ખેડૂતો પ્રત્યે ઉદાસીન હોવાનો આરોપ લગાવ્યો હતો.

અમિત ચાવડાએ ખેડૂતોની કથિત ઉપેક્ષા બદલ રાજ્ય સરકાર પર ગુજરાતનું પેટ ભરનારા હાથોથી મોં ફેરવી લેવાનો આરોપ મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે કહ્યું કે, જો સરકાર બે મહિનાની અંદર ખેડૂતોની ફરિયાદોનું નિરાકરણ નહીં લાવે તો કૉંગ્રેસ ગુજરાતભરના ગ્રામજનોને એકઠા કરીને ગાંધીનગરમાં વિધાનસભાનો ઘેરાવ કરશે અને ન્યાય ન મળે ત્યાં સુધી અવિરત આંદોલન ચલાવશે.


આ ઉપરાંત તેમણે કહ્યું, જો સરકાર ખેડૂતોના હિતમાં કામ નહીં કરે, તો અમે અમારી તમામ બેઠકો છોડી દઈશું, પણ અમારો સંઘર્ષ નહીં છોડીએ. લોકોમાં ગુસ્સો વધી રહ્યો છે અને જો વધુ દબાણ કરશો તો અમે 'નેપાળવાળી' કરીશું અને આ વખતે સિંહાસન ટકશે નહીં.

ચાવડાએ તાજેતરના કેબિનેટ ફેરબદલ પર આકરા પ્રહારો કર્યા હતા. ભ્રષ્ટાચાર છુપાવવા માટેનું બહાનું હોવાનું આરોપ લગાવી તેમણે કહ્યું, આખી ટીમ જ ભ્રષ્ટ હતી તેથી હટાવવામાં આવ્યા હતા. ભાજપમાં જમીન સાથે જોડાયેલા પ્રમાણિક નેતાઓને બાજુ પર મૂકવામાં આવે છે. જેમના શાસનકાળમાં દારૂ, જુગાર અને ગુંડાગીરી વધે છે, તેમને પ્રમોશન મળે છે તેમ પણ કહ્યું હતું. ■

# સ્પોર્ટ્સ

## ૧,૧૫૦ ફૂટ ઊંચે આકાશમાં ફૂટબૉલનું ગ્રાઉન્ડ! માનવામાં નથી આવતુંને? પણ...

## સાઉદીમાં 'સ્કાય સ્ટેડિયમ' બનશે



રિયાધ: ફૂટબૉલ ખેલાડીઓ ૩૫૦ મીટર (૧,૧૫૦ ફૂટ) ઊંચે બનનારા મેદાન પર ફિફા વર્લ્ડ કપની મૅચો રમશે એવું જો કોઈ વ્યક્તિને કહેવામાં આવે તો એ વ્યક્તિ માનવા જ તૈયાર ન થાય, પરંતુ કેટલાક અહેવાલો અનુસાર આ હકીકત બનવા જઈ રહી છે. સાઉદી અરેબિયા આટલી ઊંચાઈએ ફૂટબૉલનું 'સ્કાય સ્ટેડિયમ' તૈયાર કરવાનું છે.

### ૨૦૩૪માં રમાશે ફિફા વર્લ્ડ કપ

૨૦૩૪નો ફિફા વર્લ્ડ કપ મધ્ય પૂર્વના દેશ સાઉદી અરેબિયામાં રમાવાનો છે અને એ માટે સાઉદી સરકારે અત્યારથી ચક્રો ગતિમાન કરી દીધાં છે. ૨૦૨૭માં આ અદભુત અને વિશ્વભરના સૌથી અનોખા સ્ટેડિયમનું બાંધકામ શરૂ કરવામાં આવશે અને પાંચ વર્ષમાં (૨૦૩૨ સુધીમાં) સ્ટેડિયમ તૈયાર કરી નાખવામાં આવશે.

સાઉદીમાં ફિફા વર્લ્ડ કપની મૅચો માટે કુલ ૧૧ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે અને આ સ્ટેડિયમ એમાંનું એક છે.

### ૮૮ અબજનો ખર્ચ, ૪૬,૦૦૦ પ્રેક્ષકો

વિશ્વમાં તેલના ઉત્પાદક દેશોમાં સૌથી મોટા સામ્રાજ્ય તરીકે જાણીતા સાઉદી અરેબિયાના આ નીઓમ સિટી સ્ટેડિયમમાં ૪૬,૦૦૦ પ્રેક્ષકો બેસીને વિશ્વ કપ ફૂટબૉલની મૅચો માણી શકશે. આ ઐતિહાસિક સ્ટેડિયમ એક અબજ ડૉલર (અંદાજે ૮૮.૨૫ અબજ રૂપિયા)ના ખર્ચે બનાવવામાં આવશે.

### સ્ટેડિયમનો આઈડિયા સત્ય છે કે અટકળ?

સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ્સ પર આ સ્કાય સ્ટેડિયમના પ્રોજેક્ટની વિગતો, ફોટો અને વીડિયો વાઇરલ થયા છે.

જોકે કેટલાકનું માનવું છે કે ફોટો અને વીડિયો ડિજિટલી ઑલ્ટર્ડ છે અને સત્તાવાર ડિઝાઇન્સ સાથે એ અસંગત છે.

આઇપીએલની લખનઊ સુપર જાયન્ટ્સ ટીમ અને ઇન્ડિયન સુપર લીગની મોહન બગાન નામની ફૂટબૉલ ટીમના માલિક સંજીવ ગોયેન્કાએ એક્સ પર આ સંભવિત સ્ટેડિયમને અદ્યતન વિશ્વ સાથે જોડીને પોતાના વિચારો પ્રગટ કર્યા છે.

### લોકો કેવી રીતે આટલે ઊંચે પહોંચશે?

આ ઊંચા સ્કાય સ્ટેડિયમ સુધી પહોંચવા માટે હાઈ-સ્પીડ એલિવેટરની તેમ જ ઑટોનોમસ પોડ્સની વ્યવસ્થા રાખવામાં આવશે. ૨૧મી સદીનું આ સૌથી આધુનિક સ્ટેડિયમ બનાવવામાં સૂર્ય ઊર્જા તથા પવન ઊર્જા જેવા રીન્યૂએબલ્સનો જ ઉપયોગ કરાશે. ■

## સાઉથ આફ્રિકા પહેલી વખત મહિલા વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં

ગુવાહાટી: લૉરા વૉલ્વાર્ટ (૧૬૯ રન, ૧૪૩ બૉલ, ૧૮૪ મિનિટ, ચાર સિક્સર, વીસ ફોર)ના સુકાનમાં સાઉથ આફ્રિકાએ બુધવારે પહેલી જ વખત મહિલા વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં પ્રવેશ કરીને ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી. મેન્સ ટેસ્ટ ક્રિકેટમાં ટેમ્બા બવુમાના સુકાનમાં સાઉથ આફ્રિકા તાજેતરમાં વર્લ્ડ ચૅમ્પિયન બન્યું અને હવે મહિલા ટીમને વન-ડેની સર્વોત્તમ બનવાની સોનેરી તક મળી છે. ગુવાહાટીમાં ઇંગ્લૅન્ડને પ્રથમ સેમિ ફાઇનલમાં વરસાદ તો ન નડ્યો, પણ આખી સાઉથ આફ્રિકાની ટીમ નડી ગઈ હતી. ઇંગ્લૅન્ડની ટીમ ૩૨૦ રનના તોતિંગ લક્ષ્યાંક સામે માત્ર ૧૯૪ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને સાઉથ આફ્રિકાએ ૧૨૫ રનથી વિજય મેળવ્યો હતો. સાઉથ આફ્રિકન પેસ બોલર મૅરિઝેન કેપે સૌથી વધુ પાંચ વિકેટ તથા નેડિન ડિ ક્લર્કે બે વિકેટ લીધી હતી. ટોચની ત્રણેય બ્રિટિશ પ્લેયર સહિત કુલ ચાર પ્લેયર ઝીરોમાં આઉટ થઈ હતી. એક રનમાં તેમણે પહેલી ત્રણ વિકેટ ગુમાવી હતી. કૅપ્ટન નૅટ સિવરના ૬૪ રન પાણીમાં ગયા હતા. એ પહેલાં, સાઉથ આફ્રિકાએ સાત વિકેટે ૩૧૯ રન કર્યા હતા.

### આજે ભારત વિરુદ્ધ ઑસ્ટ્રેલિયા

નવી મુંબઈમાં મહિલા વર્લ્ડ કપની બીજી સેમિ ફાઇનલ આજે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. ઑસ્ટ્રેલિયાની મહિલા ટીમ વન-ડે વર્લ્ડ કપમાં છેલ્લી તમામ ૧૫ મૅચ જીતી છે. ■

## પ્રથમ ગ્રાસે મક્ષિકા: સૂર્યકુમાર ફૉર્મમાં આવ્યો ત્યાં મેઘરાજા બન્યા વિઘ્નકર્તા

### ભારત-ઑસ્ટ્રેલિયાની પ્રથમ ટી-૨૦ અનિર્ણીત: બીજી મૅચ શુક્રવારે મેલબર્નમાં

કૅનબેરા: ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મૅચની ટી-૨૦ સિરીઝનો ગઈ કાલનો પ્રથમ મુકાબલો વરસાદનાં વિઘ્નો વચ્ચે ટૂંકો થઈ ગયા બાદ છેવટે રદ કરવામાં આવ્યો હતો. મૅચ અનિર્ણીત જાહેર કરવામાં આવી ત્યારે ભારતનો સ્કોર ૯.૪ ઓવરમાં એક વિકેટે ૯૭ રન હતો. કૅપ્ટન સૂર્યકુમાર યાદવ ઘણા વખતે પાછો અસલ ફૉર્મમાં આવી ગયો હતો, પણ મેઘરાજાએ બધી મજા બગાડી નાખી હતી.

ઓપનર અભિષેક શર્મા સસ્તામાં આઉટ થઈ ગયો ત્યાર બાદ સુકાની સૂર્યકુમાર (૩૯ નૉટઆઉટ, ૨૪ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) અને ઉપ-સુકાની શુભમન ગિલ (૩૭ નૉટઆઉટ, ૨૦ બૉલ, એક સિક્સર, ચાર ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૬૨ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

### વર્લ્ડ નંબર-વન અભિષેકના માત્ર ૧૯ રન

અભિષેકે ૧૯ રન કર્યા હતા. તેણે ઝેવિયર બાર્ટલેટની બોલિંગમાં ત્રણ ફોર ફટકારવાની સાથે શરૂઆત સારી કરી હતી, પરંતુ તેણે વહેલી વિકેટ ગુમાવી હતી. તેની વિકેટ નૅથન એલિસે લીધી હતી. તે મિડ-ઑફ પર ટિમ ડેવિડના હાથમાં કૅચઆઉટ થયો હતો.

મૅચની શરૂઆતમાં વરસાદ પડ્યા પછી મૅચ ૧૮-૧૮ ઓવરની કરી નાખવામાં આવી હતી અને ત્યાર પછી ફરી વરસાદ પડતાં વધુ ટૂંકી થઈ શકે એવી સ્થિતિ હતી, પણ છેવટે રદ કરાઈ હતી.

### હૅઝલવૂડમાં સૂર્યાની દર્શનીય સિક્સર

સૂર્યકુમારે બે સિક્સર અને ત્રણ ફોર ફટકારી હતી જેમાં ખાસ કરીને ફાસ્ટ બોલર જૉશ હૅઝલવૂડના બૉલમાં તેણે સ્ક્વેર લેગ બાઉન્ડરી લાઇન પરથી બૉલને સીધો બહાર મોકલ્યો હતો એ શૉટ અસાધારણ હતો. પિચ અનિશ્ચિત ન હોય અને એના પર બૉલ સારી રીતે ઉછળતા હોય તો એવી પિચ સૂર્યકુમાર માટે સ્વર્ગ સમાન ગણાય છે અને એના પર તે પોતાના દરેક ફેવરિટ શૉટ રમી લેતો હોય છે.

કૅનબેરામાં મનુકા ઓવલની પિચ આવી જ હતી, પણ તેની ઇનિંગ્સ ૨૪ બૉલ પર જ થંભી ગઈ હતી અને વરસાદ પડતાં તેણે ડેપ્યૂટી ગિલ સાથે પાછા આવવું પડ્યું હતું.



### સૂર્યાએ આઇપીએલ જેવું ફૉર્મ ફરી બતાવ્યું

સૂર્યકુમાર તાજેતરમાં ટી-૨૦ના એશિયા કપમાં સારું નહોતો રમ્યો. જોકે એ પહેલાંની આઇપીએલમાં તેણે સેકન્ડ-હાઇએસ્ટ ૭૧૭ રન કર્યા હતા અને એ ફૉર્મ તે ગઈ કાલે કૅનબેરામાં બતાવી રહ્યો હતો. ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયાને તોતિંગ લક્ષ્યાંક આપવાના મૂડમાં હતી, પણ મેઘરાજા બાજી બગાડવાના મૂડમાં હતા અને તેમને લીધે મૅચ છેવટે રદ કરવી પડી હતી. બીજી વન-ડે શુક્રવારે મેલબર્નમાં (બપોરે ૧.૪૫ વાગ્યાથી) રમાશે.

## મેન્સ વન-ડેમાં ન્યૂ ઝીલૅન્ડે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ જીતી લીધી

હૅમિલ્ટન: મિચલ સૅન્ટનરના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડે હૅરી બ્રૂકની બ્રિટિશ ટીમને સતત બીજી વન-ડેમાં ૧૦૧ બૉલ અને પાંચ વિકેટ બાકી રાખીને હરાવી દીધી હતી અને ત્રણ મૅચની સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી હતી. ઇંગ્લૅન્ડની ટીમ ૧૭૫ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં પ્રથમ મૅચ સેન્ચુરિયન કૅપ્ટન બ્રૂકના ૩૪ રન સામેલ હતા. કિવી પેસ બોલર બ્લેર ટિકનરે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. તમામ છ કિવી બોલરને વિકેટ મળી હતી. ન્યૂ ઝીલૅન્ડે ડેરિલ મિચલ (અણનમ ૫૬) અને રચિન રવીન્દ્ર (૫૪)ની ઇનિંગ્સની મદદથી ૩૩.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૭૭ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. ■

## ભારતમાં પાકિસ્તાનના સ્થાને રમશે ઓમાન

ચેન્નઈ: આગામી ૨૮મી નવેમ્બરે શરૂ થનારા હૉકીના એફઆઇએચ મેન્સ જુનિયર વર્લ્ડ કપમાં ન રમવાનો પાકિસ્તાને નિર્ણય જાહેર કર્યો એને પગલે હૉકીની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ જાહેર કર્યું છે કે આ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાનના સ્થાને ઓમાન ભાગ લેશે. આ સ્પર્ધામાં પહેલી વખત ૨૪ દેશની ટીમ ભાગ લઈ રહી છે. પાકિસ્તાનને ભારતવાળા ગ્રૂપ-બીમાં રાખવામાં આવ્યું હતું, પણ હવે એ નહીં રમે એટલે ઓમાનની ટીમ રમશે અને આ ગ્રૂપના બીજા દેશોમાં ચિલી તથા સ્વિટ્ઝરલૅન્ડનો સમાવેશ છે. ■

## રોહિત વન-ડે કરીઅરની સંધ્યાકાળે પહેલી વાર વર્લ્ડ નંબર-વન

### સૌથી મોટી ઉંમરનો સર્વોચ્ચ બૅટ્સમૅન પણ બન્યો: નંબર-વન બનવામાં સચિન, ધોની, વિરાટ, ગિલની હરોળમાં

દુબઈ: ભારતનો ભૂતપૂર્વ કૅપ્ટન અને વન-ડે ક્રિકેટમાં સર્વોત્તમ ૨૬૪ રનના વ્યક્તિગત સ્કોર ઉપરાંત ત્રણ ડબલ સેન્ચુરીનો વિશ્વવિક્રમ ધરાવનાર રોહિત શર્મા પહેલી વખત વન-ડેના રૅન્કિંગમાં વર્લ્ડ નંબર-વન થયો છે. એ તો ઠીક, પણ તે વન-ડે ક્રિકેટના ઇતિહાસમાં બૅટ્સમેનોમાં સૌથી મોટી ઉંમરનો નંબર-વન ખેલાડી બન્યો છે.

રોહિતની ઉંમર ૩૮ વર્ષ, ૧૮૨ દિવસ છે. તે આઇસીસીના વન-ડે બૅટિંગ રૅટિંગમાં સર્વોચ્ચ ક્રમ મેળવનાર ઑલ્ડેસ્ટ ખેલાડી છે.

રોહિત ખાસ કરીને તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે શ્રેણીમાં ૭૩ રનની અને અણનમ ૧૨૧ રનની જે ઇનિંગ્સ રમ્યો એને કારણે તેણે નંબર-વનની રૅન્ક મેળવી છે.

અત્યાર સુધી રોહિત લગભગ એક દાયકા સુધી ટૉપ-ટેનમાં જ રહ્યા કરતો હતો, પણ પ્રથમ વખત તે છેક હવે સર્વોચ્ચ રૅન્ક હાંસલ કરવામાં સફળ થયો છે.

વન-ડેમાં વર્લ્ડ નંબર-વન બની ચૂકેલા ભારતીયોમાં રોહિત હવે સચિન, ધોની, વિરાટ અને ગિલ સાથે જોડાયો છે.

### હાલમાં વન-ડેના ટોચના પાંચ બૅટ્સમેન

(૧) રોહિત શર્મા, ભારત, રેટિંગ ૭૮૧
(૨) ઇબ્રાહિમ ઝડ્રાન, અફઘાનિસ્તાન, રેટિંગ ૭૬૪
(૩) શુભમન ગિલ, ભારત, રેટિંગ ૭૪૫
(૪) બાબર આઝમ, પાકિસ્તાન, રેટિંગ ૭૩૯
(૫) ડેરિલ મિચલ, ન્યૂ ઝીલૅન્ડ, રેટિંગ ૭૩૪ ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# ‘ધ બિગ્ગેસ્ટ સ્ટાર ઈન ધ વર્લ્ડ એન્ડ શી ઈઝ નોટ ફ્રોમ ધ બેવરલી હિલ્સ’

(ભાગ: ૧)

નામ: મુમતાઝ જહાન દહેલવી
સમય: ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળ: બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમર: ૩૬ વર્ષ

**મુંબઈની** સૌથી અદ્યતન માનવામાં આવતી બ્રિચ કેન્ડી હોસ્પિટલમાં આજે મને લઈ આવવામાં આવી છે... છેલ્લા એક વર્ષથી મારો મોટાભાગનો સમય પથારીમાં જ વિત્યો છે. ૧૪મી ફેબ્રુઆરી-મારો જન્મદિવસ! મારા ઘર ‘અરેબિયન વિલા’માં ગયા વર્ષ સુધી ઢગલાબંધ ફૂલો આવતા. હું ફોન ઉપાડી ઉપાડીને થાકી જતી, એટલી બધી ભેટ આવતી કે મારી બહેનો મધુર અને ચંચલ આનંદથી પેકેટ્સ ખોલતાં થાકી જતી... આજે સાવ સન્નાટો છે. એક, બી.કે. કરંજિયાને છોડીને કોઈનો ફોન આવ્યો નથી. છેલ્લા એક વર્ષમાં મેં મારા તમામ સાથી કલાકારો, મિત્રો, ડિરેક્ટર્સને વારાફરથી ફોન કર્યા છે. હું સાવ એકલી ઘરમાં હતી ત્યારે વારેવારે સૌને કહેતી, ‘પ્લીઝ! મને મળવા આવો. થોડોક સમય મારી સાથે વિતાવો’ પરંતુ, કોઈ મળવા આવ્યું નહીં!

સૌ વ્યસ્ત છે... પોતપોતાની ફિલ્મો કરી રહ્યા છે. એમની દુનિયા એમની રીતે ગોઠવાયેલી છે. એક બિમાર, પથારીમાં સૂતેલી વ્યક્તિમાં એમને શું રસ હોય! ફિલ્મી દુનિયા તો ઝાકઝમાળની દુનિયા છે, માટે જ કદાચ અભિનેતાઓને ‘સ્ટાર’ કહેવાય છે. એ રાત્રે ચમકે... ને સૂરજ ઊગતાં ખોવાઈ જાય! હોય, પણ દેખાય નહીં. મારી સ્થિતિ એ જ છે. હું છું, પણ કોઈને દેખાતી નથી. એક સમય હતો, જ્યારે લોકો મધુબાલાના નામે ‘આહ!’ ભરતા હતા. મારી અદાકારી, મારું સૌંદર્ય, મારું સ્મિત હિન્દી સિનેમાના પડદે જોવા માટે પ્રેક્ષકો એક જ ફિલ્મ ૧૦-૧૨ વખત જોતા! ભારત ભૂષણ, પ્રેમનાથ જેવા અભિનેતા મારી પાસે પ્રેમનો પ્રસ્તાવ મૂકી ચૂક્યા હતા. હું નાની હતી, જિંદગી વિશે ખાસ સમજણ નહોતી! હું તોફાની હતી. એમની આંખોમાં મારા માટે જે આકર્ષણ હતું એ જોઈને મને મજા આવતી. કોઈ બદઈરાદો નહોતો, પણ ફ્લર્ટ કરવાની એક રમત હતી... ત્યારે ખબર નહોતી, કે જિંદગી જ મારી સાથે રમત કરી રહી છે!

આટલું બધું સૌંદર્ય, આવી પ્રસિદ્ધિ... આવી લોકચાહના અને આવા પૈસા, મેં કે મારા પરિવારે ક્યારેય કલ્પના નહોતી કરી કે આ બધું મને મળશે. અમેરિકાના મેગેઝિન ‘ધ સ્ટાર’ના ઓગસ્ટ મહિનાના ૧૯૫૨ કવર પેજ ઉપર ફૂલ પેજ ફોટોગ્રાફ છપાયો હતો. એ ઈશ્યૂમાં એક લેખ હતો જેનું ટાઈટલ હતું, ‘ધ બિગ્ગેસ્ટ સ્ટાર ઈન ધ વર્લ્ડ એન્ડ શી ઈઝ નોટ ફ્રોમ ધ બેવરલી હીલ્સ.’ એક સુંદર છોકરી જેને ભારતની સૌથી સુંદર હીરોઈન તરીકે સૌએ બિરદાવી.

૧૧ ભાઈ-બહેનોમાં હું પાંચમી. મારી ત્રણ બહેનો અને બે ભાઈઓ ૫-૬ વર્ષના થઈને ગુજરી ગયા. પરિવારમાં એટલી ગરીબી હતી કે, આ બાળકો પોષણના અભાવે કે બિમારીથી ગુજરી ગયા એ વિશે કંઈ ખબર જ નથી. મારો પરિવાર મિડલ ક્લાસ અને જૂનવાણી વિચાર ધરાવતો ચુસ્ત મુસ્લિમ પરિવાર છે. અમારી માતૃભાષા પુશ્તો. અમે મૂળ ખૈબરઘાટના ‘પુખ્તુનખ્વા’ના રહેવાસી. મારા પિતા અતાઉલ્લા ખાન એક તમાકુની ફેક્ટરીમાં કામ કરતા હતા. મારી મા આયેશા બેગમ લગભગ દર વર્ષે એક બાળકને જન્મ આપતી. એમની તબિયત ધીરે ધીરે લથડી ગઈ હતી. સાચું પૂછો તો મારી સૌથી મોટી બહેન મધુર જ પરિવારની મા બનીને ભાઈ-બહેનોને ઉછેરતી અને ધીરેધીરે માની સુવાવડ પણ એ જ કરતી થઈ ગયેલી. મારા પિતા ગુસ્સાવાળા અને ઝઘડાળુ માણસ હતા. ઊંચું-પહોળું શરીર અને કરડો ચહેરો. સૌ એમનાથી ડરતા. મારા પિતાના ખર્ચા બહુ હતા. એમને રોજ ગોશ્ત ખાવા જોઈએ. મિત્રોની સાથે પત્તા રમવા એ એમનો શોખ હતો. પગાર તો સારો હતો, પણ ઘર સુધી બહુ ઓછા પૈસા પહોંચતા... એક જગ્યાએથી લીધેલું ઉધાર, બીજી જગ્યાએથી પૈસા લઈને ચૂકવતા રહેતા. ફેક્ટરીમાં, મહોલ્લામાં એમના ઝઘડા થયા કરતા. ફેક્ટરીમાં નવો મેનેજર આવ્યો એની સાથે મારા પિતાની હાથાપાઈ થઈ ગઈ... બસ! એ દિવસે મારા પિતાની નોકરી ગઈ. એ વારંવાર વિનંતી કરવા ગયા, પણ સત્ય તો એ હતું કે કંપની ખોટમાં ચાલતી હતી, એમને મજૂરોને છૂટા કરવાના હતા એટલે એક પછી એક બહાના શોધીને



મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)

માણસોને છૂટા કરવામાં આવી રહ્યા હતા જેમાં મારા પિતાનો નંબર લાગી ગયો. પાંચ બાળકો સાથે બિમાર મા, અને હવે અતાઉલ્લા ખાન પાસે નોકરી નહોતી. એમનો ગુસ્સાવાળા સ્વભાવ વધારે ગુસ્સાવાળો થઈ ગયો. કનીઝ, ફાતિમા, ચંચલ, ઝાહિદા અને શાહિદા એક દીકરો અલ્તાફ એમનાથી ડરતાં તો હતાં જ, હવે વધુ ડરવા લાગી. નાની સરખી ભૂલ ઉપર પણ એ બાળકોને તમાચો રસીદ કરી દેતા. એમના જમવાનો સમય, નાસ્તાનું ટિફિન તો બનાવવું જ પડે, ઘરમાં આટો કે સબ્જી છે કે નહીં એની એમને કોઈ ચિંતા નહોતી. થોડા દિવસમાં ઈમ્પિરિયલ ટોબેકો કંપની જ બંધ થઈ ગઈ.

પરિવાર પેશાવરથી દિલ્હી આવ્યો. દિલ્હીમાં નાનકડી નોકરી અને ગરીબી સાથે પાંચ બાળકો. બીમાર પત્નીના ખર્ચા સાથે જીવવું અઘરું હતું. અતાઉલ્લા ખાન બે છેડા ભેગા કરવા મહેનત કરતા, પરંતુ એમનો ખાવાનો શોખ અને પત્તાનો શોખ છુટતો નહોતો. એમણે પેશાવરની જેમ અહીં પણ ઉધારી કરવા માંડી. પેશાવરમાં તો એમની દાદાગીરી ચાલતી, પરંતુ આ તો દિલ્હી હતી! એ સમયે બ્રિટીશ ઈન્ડિયા હતું. દિલ્હીમાં અંગ્રેજ સરકારની નજીક હોય એવા લોકોનો દબદબો હતો. હિન્દી લોકોને ખરાબ રીતે અપમાનિત કરવામાં આવતા. સારી નોકરી મેળવવી હોય તો કોઈ અંગ્રેજ ઓફિસરની ભલામણ જોઈએ... સ્વતંત્રતાનો સંગ્રામ શરૂ થઈ ચૂક્યો હતો. ૧૯૧૫માં ભારત આવેલા ગાંધીજીએ અનેક લોકોને સ્વતંત્રતા સંગ્રામમાં જોડવાની શરૂઆત કરી હતી. ૧૯૩૦માં દાંડીકૂચ પછી સ્વતંત્રતા સંગ્રામની આગ વધુ ભડકી હતી. લોકો નોકરી અને શિક્ષણ છોડીને સ્વતંત્રતા સંગ્રામમાં ઝંપલાવવા લાગ્યા હતા ત્યારે લગભગ દરેક ભારતીય વ્યક્તિને શંકાની નજરે જોવામાં આવતા. મારા પિતા ઝઘડાળુ હતા. એમના ગુસ્સાને કારણે અવારનવાર મારામારી થઈ જતી. ઉધાર લીધા હોય એવા લોકો પૈસા માગવા ઘરે આવતા એટલે મારા પિતા છુપાતા ફરતા... એવામાં હજી એક દીકરી જન્મી. ૧૪ ફેબ્રુઆરી, ૧૯૩૩. એ હું... મારું નામ મુમતાઝ રાખવામાં આવ્યું. જોકે, મારા જન્મથી કોઈને આનંદ થાય એમ હતું નહીં, મારા પિતાનો એક માત્ર દીકરો મારા જન્મના ત્રીજા જ મહિને ગુજરી ગયો. એ પહેલાં મારી એક બહેન ફાતિમા પણ મૃત્યુ પામી હતી. કનીઝ તો પેશાવરમાં જ ગુજરી ગઈ... હવે અમે ત્રણ બહેનો જીવિત હતી. મધુર, ચંચલ અને હું-મુમતાઝ જહાન દહેલવી.

મારા પિતાની નોકરીનું ઠેકાણું નહોતું. ઉધારી માથા પર ચઢી ગઈ હતી. એ જ્યારે ઘરે આવતા ત્યારે બૂમાબૂમ અને કકળાટ થતો. મારી મા એમની પાસે પૈસા માગતી ત્યારે મારા પિતા મગજ ગૂમાવી દેતા. મારી મા પણ બિચારી શું કરે! ત્રણ દીકરીઓનું પેટ ભરવાનું હતું. હું બાળપણમાં જ ખૂબ સુંદર હતી. આસપાસના બધા મને રમાડવા લઈ જતા. મારા પિતાને ખ્યાલ આવ્યો કે, હું સૌની લાડકી છું એટલે મારી દવાના બહાને, ક્યારેક મારી સ્કૂલની ફીના બહાને તો ક્યારેક મને નવાં કપડાં અપાવવાને બહાને એ પૈસા માગી લેતા. મારી અમ્મીને ગમતું નહીં, પરંતુ એ ખાસ કશું બોલી શકે એમ નહોતી.

એક દિવસ મારા પિતા ઘરે આવ્યા ત્યારે એમણે જોયું, હું ચાલીના બાળકોને ભેગા કરીને નાટક-નાટક રમી રહી હતી. હું સુલ્તાન બની હતી. મારી બહેન ચંચલ મારો સૂબો બની હતી. બીજી છોકરીઓ કનીઝ બનીને દરબારમાં નાચી રહી હતી. મારા પિતા ઊભા રહીને આ નાટક જોવા લાગ્યા... એમની બાજુમાં ઊભેલા એક મિત્રએ મારી અદા જોઈને કહ્યું, ‘આ છોકરીને લઈને મુંબઈ જા. એને ફિલ્મોમાં કામ મળી જશે. તમારી ગરીબી દૂર થઈ જશે.’

મારા પિતાને આ વિચાર ગમી ગયો... ત્રણ દીકરી અને બિમાર પત્નીને લઈને એમણે મુંબઈ જવાની તૈયારી કરવા માંડી. મારી માને દીકરીની કમાણી ખાવાનો વિચાર જરાય ગમ્યો નહોતો, પરંતુ એની પાસે શૌહરની ઈચ્છાને તાબે થયા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# હવે સ્મરણોનું અજવાળું...




**વિયેતનામથી** પાછા ફરતાં રમેશભાઈ સ્મરણો વાગોળવાના મૂડમાં હતા. ત્યાં પત્ની રમાબહેન બોલ્યાં, ‘આ વખતે રામ જાણે કેટલાય મહેમાનો આપણે બારણે ટકોરા મારીને પાછા ગયા હશે. આ વર્ષે તો ઘર બંધ કરીને ફરવા નીકળી ગયાં તો મજા આવી ગઈ. એક તો દિવાળીમાં કામવાળા પણ આવે નહીં અને ઉપરથી જો મહેમાનો આવી પડે તો મારો મરો નક્કી! ’

રમેશભાઈ ઊલટભેર બોલ્યા, ‘હા. તે હું પણ તો કેવો ધંધે લાગી જાઉં છું. તું ઘરમાં રાંધે અને હું શાકભાજી, મીઠાઈ, ફટાકડા, દૂધ - દહીં માટે આંટાફેરા મારીને થાકું.’ અને હા, આટલા દિવસ મજા કરીને જાય તો પણ જતી વખતે બે શબ્દ પણ આપણા માટે સારા બોલતાં હોય તો લેખે લાગે.... પણ ના, પાછા બીજાનાં ઘરે જઈને આપણું ખોદી આવે તે નફામાં! એના કરતાં વગર જણાવ્યે હવે તો ભાગી જ જવાનું. ફરવાનાં સ્થળે જઈને ફોન પણ સ્વીચ ઑફ જ કરી દેવાનો. નહીંતર તો... યાદ છે ને? એકવાર આપણે કેનેડા ગયાં હતાં ત્યારે એક ભાઈએ આપણને કેવાં હેરાન કરેલાં! હંમેશાં કેનેડામાં રાત હોય ત્યારે જ એ ભાઈ ફોન કરે અને આપણે ભર ઊંઘમાંથી જાગીને મોટેથી હેલો કરીએ તો પણ એ ભાઈને સંભળાય નહીં અને આપણે મૂરખ જેવાં ઓર જોરથી ‘હેલો...હેલો’ કરીને પૂછીએ, ‘હવે તમને અમારો અવાજ સંભળાય છે?’ પણ ત્યાં ઘરના બીજા સભ્યો આપણી આસપાસ ડોળા કાઢીને ઊભા રહ્યાં અને બોલ્યાં, ‘અમારી ઊંઘ શા માટે બગાડો છો? કેટલી વાર કહ્યું છે કે રાત્રે ફોન બંધ કરી દો. અહીં લાકડાના ઘરમાં ટાંકણી પડે તો પણ અવાજ આવે. એમાં વળી તમે બરાડા પાડો છો! ’

દિવાળીમાં મહેમાનોને આવતાં અટકાવવાની પંદર નવી નવી રીત એક પુસ્તકમાં વાંચીને આપણે કેવાં ફસાયેલાં તે યાદ છે?

‘મૂરખના ગામ કંઈ જુદા થોડા હોય? મેં તો તમને એ દાવ અજમાવવાની ના જ પાડેલી.’

પણ તમને તો ખાડામાં પડવાની ટેવ! એટલે શું થાય ભલા. યાદ છે? એ વરસે ફોઈ ને ફુઆ છોકરાં લઈને દિવાળી વેકેશનમાં આવવાનાં છે, એમ ફોન આવતાં તમે જૂઠું કહી દીધું કે અમે આખી દિવાળી બહાર જ છીએ. આખું દક્ષિણ ભારત ફરીને આવવાનાં છીએ. જૂઠું બોલતી વખતે લાંબું વિચારેલું નહીં. તે ‘હાથે કરેલાં હૈયે વાગ્યાં.’

ફુઆ, ફોઈ ને છોકરાં તો ધરાર આવ્યાં જ. અમે ઘરની બહાર તાળું મારીને પાછલી બારીમાંથી ઘરમાં આવી ગયેલાં. ફોન ઉપર ફોઈ બોલેલી, ‘તમે તમારે ફરવા જજો. અમે તો આવીશું અને તમે નહીં હશો તો હોટેલમાં રહીશું.’ થયું એવું કે ફોઈનું કુટુંબ તો આવ્યું અને બરાબર અમારાં ઘરની સામેની હોટલમાં જ રહ્યું. પણ એમનાં છોકરાં તો અમારા બંગલામાં આવીને હીંચકા ઝૂલે ને જાતજાતની રમતો રમે.

હોટલમાં ઓછું અને બંગલાના બાગમાં વધારે રહેવા લાગ્યાં.

‘બાવાની બેઉ બગડે.’ પણ અમારી તો ચારે બાજુથી જિંદગી બગડી ગઈ. ઘરમાં ખાવાનું પણ ખૂટ્યું અને કેટલાય દિવસ ઘરમાં જેલ ભોગવવી પડી. પછી એમ નક્કી કર્યું કે રાત્રે એક બેગ તૈયાર કરી પાછલી બારીએથી બહાર જવું અને પગમાં તકલીફ ઊભી થઈ એટલે વહેલાં આવી ગયાં એવું બહાનું કરીને બાકાયદા પોતાના ઘરમાં પ્રવેશ કરવો.

અમારા પ્રવેશને ફોઈએ સહર્ષ વધાવી લીધો અને સામેની હોટલ ખાલી કરીને અમારા ઘરમાં વિના પૂછ્યે પ્રવેશ કર્યો. રમેશે થોડા દિવસ ખોડંગાતા ચાલવું પડ્યું અને મારે ઘરનું, બહારનું તેમજ કામવાળીનું કામ પણ વાંકાં વળી વળીને કરવું પડ્યું. જ્યારે જ્યારે અમે બીજાને ત્યાં દિવાળી કરવા જવાનું વિચાર્યું, ત્યારે ત્યારે જેને ત્યાં જવાનાં હોય એ જ અમારી પહેલાં અમારા ઘરે પધારી ગયા હોય. જેવું જેનું નસીબ!

એક દિવાળીએ તો અમારા બંનેનાં સગાંઓ સુરતનો લોચો, ઘારી, ઊંધિયું ખાવા આવી પહોંચ્યાં. બે જણાના સાવ શાંત એવા ઘરમાં બાર જણાની પલટન અને એમાં સાત બાળકો બ્રુસલી જેવાં. ફર્નિચર તો તૂટ્યું, કાચની બારી તેમજ નવી પાછલી ભીંત પણ તૂટવાના વાંકે જીવતી રહી. જે એમના ગયા પછી રિપેર કરાવવી પડી. પુષ્કળ ખાધું પીધું અને રસ્તાનું ભાથું પણ લેતા ગયા અને જતી વેળા, ‘ફરી પાછાં અમે તમારી આવી સરસ મહેમાનગતિ માણવા જલદી આવીશું. હવે તો બા બાપુજીને પણ સાથે જ લેતાં આવીશું. એમના બોખા દાંતે લોચો અને ઘારી તો મોંમાં મૂકતાં જ સીધી પેટમાં સરકી જશે. જે બે- ચાર કિલો વધ્યું તે સાચું.’

ખરેખર ‘હુરતનું જમણ ને કાશીનું મરણ.’ એ દિવસે મનમાં થયેલું કે ભાઈ, હવે કાશી ક્યારે જવાના છો? પણ જાણે એ તો મનની વાત પણ સાંભળી ગયા કે શું? તે કાકાજી બોલ્યા,

‘અમને બધાને તો હુરતનું જમણ જ ગમે. એટલે હુરતનો પાસ જ કઢાવી લઈશું. બાકી કાશી જવાની તો બહુ વાર છે. ખરું ને રમેશ?’ એમ કહેતાં કાકાજીએ અટ્ટહાસ્ય કરેલું. ‘હા... હા... હા...

તદ્દન સાચું કહ્યું છે,’ બહુ ડાહ્યા બહુ ખરડાય.‘દાવપેચ તો ભગવાનને પણ ક્યાં ગમે છે?’ ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# સંબંધમાં સંવાદ ને ભરોસાની બાદબાકી થાય ત્યારે...

**તથ્યા** આજકાલ એની મમ્મી સાથે મૌનવ્રત લઈને બેઠી હતી. કારણ એટલું જ કે, મમ્મી સુમન એને અમુક દોસ્તો સાથે બહાર જવા પર પ્રતિબંધ મૂકતી. તથ્યાને લાગતું કે આ એની આઝાદી તેમજ મૌલિક અધિકારોનું સંપૂર્ણ હનન છે.

આજે એને બોલ્યા વગર બહાર જતાં જોઈ સુમને એને રોકી.

‘મમ્મી, પ્લીઝ હું બસ મારા ફ્રેન્ડ્સ સાથે મોલ જઈ રહી છું, કોઈ વોર ઝોનમાં નહીં’. તથ્યાના અવાજમાં ચીડ હતી,

‘મેં ના પાડીને કે નથી જવાનું?’ સુમને શાંત પરંતુ મક્કમ સ્વરે કહ્યું,

‘બેટા, તને નથી ખબર પડતી કે કોણ સારું છે ને કોણ ખરાબ. હું મારા અનુભવે કહું છું કે, આ જે તું નવા લોકો સાથે હળીમળી રહી છે એ તારા માટે યોગ્ય નથી.... ’


તથ્યાની આંખો ચકળવકળ થઈ ઊઠી :

‘મોમ, તને તો સોસાયટીના લેડિઝ ગ્રુપ સિવાયના બધાં અજીબ લાગે છે. એનીવેઈઝ, યુ વોન્ટ અન્ડર્સ્ટેન્ડ મી...’ કહી તથ્યાએ ચાલતી પકડી. પાછળ દરવાજો એટલા જોરથી બંધ કર્યો કે, સુમનના કાનમાં તમરા બોલી ગયાં. એને ત્યાં જડ્વત ઉભી રહી. તથ્યાએ બોલેલા શબ્દો વચ્ચે અટવાયેલી. એક સમય હતો જ્યારે ત્યાં એની આંગળી પકડી બગીચે રમવા જતી. ખોળામાં માથું રાખી સુઈ જતી. એક મિનિટ પણ અળગી ના થતી. અને આજે એજ તથ્યા મા સામે કતરાતી ફરે છે. મોલમાં જવાની ના પાડી એટલે તથ્યાબેન બીજી તરફ વળ્યા. પોતાના રૂમમાં પહોંચી જોરશોરથી મ્યુઝિક સિસ્ટમ ચાલુ કરી. બાજુમાં ફોનની સ્ક્રીન પર ગ્રૂપ ચેટ્સમાં ધડાધડ મેસેજ આવી રહ્યા હતા :

‘આર યુ કમિંગ? તું આવે છે કે નહીં ? ટેલ યોર મોમ ટુ ચીલ. એને મનાવ યાર, કહી દે કે, વી આર જસ્ટ હેંગીગ આઉટ. કોઈ બેંક લૂંટવા નથી જઈ રહ્યાં..હીહીહી’..

તથ્યાએ આહ ભરી. એને સમજમાં નહોતું આવી રહ્યું કે પોતાની જ મમ્મી આટલી બધી ઓવર પ્રોટેક્ટિવ કેમ છે? દરેક વખતે એ જ ડર, શંકા, કચકચ. એકના એક સવાલો ‘શું પહેરીને જઈશ, કોની સાથે જાય છે, ક્યારે પાછી આવીશ? તથ્યા સ્પષ્ટપણે માનવા લાગેલી કે મમ્મીને એની સ્વતંત્રતાનો ડર લાગે છે.

આ તરફ સુમન રૂમની બહાર ઉભી હતી. ઈચ્છે તો એ દરવાજો ખટખટાવી શું તોડી પણ શકે એમ હતી, પણ એ થંભી ગઈ. પોતાના કહેવાથી વાત વધુ વણસી જશે એનું બ્રહ્મજ્ઞાન થયું હોય એમ એ પાછી વળી ગઈ. કલાકો પસાર થયા. રાત્રે જમવાના ટેબલ પર બન્ને ચૂપ હતાં. વાતચીતનું કામકાજ ટીવીને સોંપાયેલું. સુમને પહેલ કરી. એક કોશિશ કરી સંવાદ સાધવાની: ‘તથ્યાં કાલે તારા માટે પાસ્તાબનાવું?’ તથ્યાએ સામું પણ જોવાની દરકાર કર્યા વગર જવાબ આપ્યો :



‘ના, હું બહાર નાસ્તો કરવાની છું. સુમનનું હૃદય બેસી ગયું. એ જાણતી હતી બહારનો મતલબ શું હતો. એ કંઈ પહેલાની માફક એ મિત્રો નહોતા જેમની સાથે નિશ્ચિતપણે તથ્યાને બહાર મોકલી શકાતી. મા તરીકે એનો આશય માત્ર તથ્યાની સુરક્ષા અને સલામતીનો હતો,પણ તથ્યાને સમજાવવું કેમ? એમની વચ્ચે સામાન્ય

વાતચીત થવી પણ અસામાન્ય બાબત હતી. તથ્યા સાથેની કોઈપણ વાત ચર્ચા કે દલીલ વગર પૂરી ના થતી.

થોડા દિવસ આમને આમ વીત્યા. તથ્યા શું કરે છે એ વાતથી સુમન બિલ્કુલ અજાણ હતી. એવામાં એના લેડિઝ ગ્રુપમાં કોઈએ ફોટો મુકી લખ્યું:

‘આજકાલની જનરેશન હવે સાવ વંઠી ગઈ છે...’

એ જોતાવેંત સુમન છળી પડી. હાથમાં સિગારેટ પકડી ઊભેલી છોકરીઓની પાછળ એણે તથ્યાને જોઈ. સુમનનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. ઘરમાં તોફાન મચી ઉઠ્યું. સુમને કાગારોળ કરી, તથ્યાએ સફાઈ આપી. ‘ મેં કંઈ કર્યુ નથી. મને તો ખબર પણ નથી એ બધા શું કરી રહ્યા હતા. હું બસ ખાલી સાથે ગયેલી.. ‘સુમન સાચું માને એમ નહોતી. એણે લગભગ ચીસ પાડી :

‘તથ્યા, મેં તારા પર ભરોસો મૂક્યો હતો.’

‘ભરોસો? તથ્યા સામે બરાડી: ’

‘મમ્મી, તે મારા પર ક્યારેય ભરોસો મુક્યો જ નથી. નાનપણથી બસ માત્ર આદેશ આપ્યા છે. આ કર- આ ના કર. અહીં જા ને ત્યાં નહીં.... તે ક્યારેય એવું જાણવાની કોશિશ કરી છે કે, હું શું વિચારું છું? સાચું કહું તો પણ માનતી નથી. ભરોસાની વાત તો તું રહેવા જ દે....’

રાત્રે સુમનને ઊંઘ ના આવી. એ વિચારતી રહી. શું સાચે પોતે દીકરીને સમજવામાં ઊણી ઊતરી છે? આવું કેમ થાય? જેવા બાળકો એની ટીનએજ દુનિયામાં પહોંચે કે મા-બાપ એમને દુશ્મન સમાન શા માટે ભાસતા હશે?

જવાબ સરળ છે. જો બાળપણથી એમની સાથે થોડો વધુ સમય પસાર કર્યો હોય, એક એવો સેતુ બનાવ્યો હોય કે જ્યાં તેઓ પોતાની લાગણીઓ સુરક્ષિત મહેસૂસ કરી શકે તો ટીનએજ આવતા એમના દોસ્ત બની શકાય છે. મોટાભાગના પેરેન્ટ્સ અજાણપણે એમની લાગણીઓને ઠેસ પંહોચાડતા રહે છે. અને પછી સુમન માફક નજીક જવાની કોશીશ કરે ત્યારે સંતાનોને લાગે છે કે આ એમની અંગત સ્વતંત્રતાનું હનન છે. કારણ કે તમે એમ અચાનક કોઈના દોસ્ત ના બની શકો. એક ટીનએજરના તો નહી જ. નાનપણમાં તથ્યા ઢીંગલીઓ સાથે વાતો કરતી તો સુમન દોડીને એને ટપારતી. ‘આવા વેવલાવેડા નહી કરવાના...’ તથ્યાને ડ્રોઈંગ કરતી જુએ તો લાઈફ લેસન આપતા બોલી ઉઠતી :

‘મેથ્સ કર. એ કામ આવશે. આવા લીટોડિયા નહી...’

તથ્યા સ્કૂલની વાતો કરતી ત્યારે સુમન પોતાના કામમાં વ્યસ્ત રહેતી. સુમનના મગજમાં આવા અનેક સવાલ-જવાબ આપમેળે થવા લાગ્યા.

અંતે વહેલી સવારે નિષ્કર્ષ પર પહોંચી કે પોતે હંમેશાં એક સારી મા બનવાના પ્રયત્નોમાં લાગી રહી, પણ તથ્યાની હૃદયસ્થ મા બનવાનું ચૂકી ગઈ છે. જોકે જાગ્યા ત્યારથી સવાર હવે પોતાનું વલણ એ બદલશે એવું નક્કી કરી બહાર નીકળી. જુએ છે તો તથ્યા પોતાના બેગ-બિસ્તરા પેક કરીને બેઠી છે. સુમનને જોતાં એ બોલી :

‘મારે દાદા-દાદી પાસે જવું છે... ’

‘તથ્યા, કદાચ મેં તને બહુ રોકી. કંટ્રોલ કરી. મને ડર હતો કે આ દુનિયા તને હાનિ પહોંચાડશે. મારો ડર એટલો વધી ગયો કે, મેં તને મારી જાતથી દૂર કરી દીધી... ’

તથ્યાએ બેગ ઉપાડી માત્ર એટલું કહ્યું :

‘મોમ ક્યારેક ગુસ્સા કે ખીજ વગર માત્ર વાત કરવાના આશયથી વાત કરી શકીશ? આઈ ઓલ્સો નીડ ટુ ટોક, પણ આજે મારે દાદી પાસે જવું છે... ’

એ સાંભળી સુમન હકારમાં માથું હલાવતી તથ્યાને વળગી પડી. બહાર કેબનો અવાજ સંભળાયો ને તથ્યા ‘સી યુ સુન...’ કહી જતી રહી.

સુમન મનોમન બોલી ઊઠી :

‘ટીનએજ દીકરીને કેદ નથી કરી શકાતી. તમે એને બસ, સમજી શકો અથવા તો સમજાવી શકો છો...’ ■

# યુવતીઓના ફેવરિટ ઓવર સાઈઝ શર્ટ

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

હાલમાં યુવતીઓમાં ઓવર સાઈઝ શર્ટ ખૂબ જ પ્રખ્યાત છે. ઓવર સાઈઝ શર્ટ એટલે તમારી જે સાઈઝ હોય તેના કરતા બે કે ત્રણ સાઈઝ મોટા શર્ટ પહેરવા. આ શર્ટ પહેરવામાં ખૂબ જ આરામદાયક લાગે છે અને જોવામાં સ્ટાઈલિશ લુક આપે છે. મોટાભાગે આ શર્ટની પ્રિન્ટ બોલ્ડ હોય છે અને ફેબ્રિક કોટન કે સિલ્ક બેસ્ડ હોય છે. આ શર્ટ પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે. આ શર્ટ તમે અલગ અલગ રીતે પહેરી શકો. શર્ત માત્ર એટલી જ કે તમને ફેશનની આગવી સૂઝ હોવી જોઈએ. ચાલો જાણીયે ઓવર સાઈઝ શર્ટ કોણ પહેરી શકે અને કઈ રીતે પહેરી શકાય.

લેગિંગ અને ઓવર સાઈઝ શર્ટ - લેગિંગ સાથે ઓવર સાઈઝ શર્ટ બેસ્ટ લુક આપે છે. ખાસ કરીને કોલેજ ગોઈંગ યુવતીઓનો આ મનપસંદ આઉટફિટ છે. એમાં વધારે કાઈ મિક્સ મેચની જરૂર પડતી નથી એટલે કે, બ્લેક લેગિંગ સાથે કોઈ પણ કોન્ટ્રાસ્ટ કલરનું ઓવર સાઈઝ શર્ટ પહેરી શકાય. જો તમને કંઈક અલગ લુક જોઈતો હોય તો બ્લેક લેગિંગ સાથે સોલિડ કલરના પ્લેન શર્ટ પહેરી શકાય એટલે કે, બ્લેક કલરના લેગિંગ સાથે રોયલ બ્લુ શર્ટ કે પછી ઓરેન્જ કલરનું શર્ટ કે પછી ડાર્ક ગ્રીન કલરનું શર્ટ. તમારી પર્સનલ ચોઈસ મુજબ તમે લેગિંગના કલર બદલી શકો જેમકે, વાઈટ કલરના લેગિંગ સાથે રાની પિન્ક કલરનું ઓવર સાઈઝ શર્ટ પહેરી શકાય. કંઈક અલગ લુક માટે એન્કલ લેન્થના લેગિંગ સાથે ઓવર સાઈઝ શર્ટ પહેરી થીં બેલ્ટ પહેરી શકાય અને પગમાં હાઈ હિલ્સ પહેરી એક હટકે લુક આપી શકાય. જો તમને ઓવર સાઇઝ શર્ટ પહેરી કોઈ પાર્ટીમાં જવું છે તો રેગ્યુલર લેગિંગની બદલે મેટાલિક લેગિંગ પહેરી શકાય જેથી એક શાઈની લુક આવે.

ડેનિમ સાથે ઓવર સાઈઝ શર્ટ - ડેનિમ સાથે ઓવર સાઈસ્ડ શર્ટ પહેરવાની એક અલગ જ સ્ટાઇલ છે. ખાસ નોંધવા જેવી એ વાત છે કે, કોઈ પણ સ્ટાઇલના ડેનિમ સાથે ઓવર સાઇઝ્ડ શર્ટ સારા લાગી શકે. ડીપેન્ડિંગ તમને કઈ પેટર્નનું ડેનિમ પહેરવું છે. સ્કિની ડેનિમ સાથે ઓવર સાઈઝ શર્ટ પહેરવું હોય તો શર્ટના કમર સુધીના બટન બંધ કરવા બાકીના બટન ખુલ્લા રાખી તેની કમર પર ગાંઠ બાંધવી. આ સ્ટાઇલ યન્ગ યુવતીઓની ફેવરિટ છે. લુઝ ડેનિમ સાથે જો ઓવર સાઈઝ ડેનિમ પહેરવું હોય તો કમર સુધી આ બટન બંધ રાખવા અને એક સાઈડનું શર્ટ ડેનિમમાં ઈન્ટક કરવું અને બીજી સાઈડનું શર્ટ બહાર જ રાખવું. આ સ્ટાઇલ એક ફન્કી લુક આપે છે. ડેનિમ સાથે પ્લેન અને પ્રિન્ટેડ એમ બન્ને ટાઈપના શર્ટ પહેરી શકાય. લુઝ ડેનિમ સાથે અંદર બોડી હગિંગ ટીશર્ટ પહેરવું અને તેની પર ઓવર સાઈઝ શર્ટ પહેરી શર્ટના બટન ખુલ્લા રાખવા. આ બધીજ સ્ટાઇલ પહેરવા માટે જો તમે કોન્ફિડન્ટ ન હોવ તો આ સ્ટાઇલના કપડાં ન પહેરવા. આ સેટિલ સાથે ચોક્કસ પ્રકારના શૂઝ જ ચાલશે. જેમકે, સ્પોર્ટ્સ શૂઝ, સ્નીકર્સ કે પછી લોફર્સ પહેરી શકાય.

ઓવર સાઈઝ શર્ટ એઝ ડ્રેસ - ઓવર સાઇઝ શર્ટ એટલે કે તમે જે સાઈઝ પહેરો છો તેના કરતા મોટું શર્ટ કે જે પહેર્યા પછી તેની લંબાઈ નોર્મલ શર્ટ કરતાં વધારે લાગે. આ ઓવેર સાઈઝ શર્ટ તમે ડ્રેસ તરીકે પણ પહેરી શકો. કે જેને ફિટિંગ આપવા માટે થીં કે બ્રોડ બેલ્ટ પહેરી શકાય. તમારા બોડીને અનુરૂપ તમે બેલ્ટની પસંદગી કરી શકો. અને ઇવેન્ટ અનુસાર ફૂટવેર પહેરી કેઝ્યુઅલ કે ફોર્મલ લુક આપી શકાય. ■







# હવે આવી ગયો છે ટ્રેન્ડી સેફ્ટી પિન નેકલેસ...

વિશેષ
દિક્ષિતા મકવાણા
feedback.ladki@bombaysamachar.com







એક સમયે કપડાંમાં ફાટેલી ચીરીઓ સુધારવા માટે વપરાતી સેફ્ટી પિન હવે એક મુખ્ય ફેશન સ્ટેટમેન્ટ બની ગઈ છે. ૨૦૨૫ માં આ નાની મેટલ એક્સેસરી Gen Z અને Millennials બંનેનું પ્રિય બની ગઈ છે.

જો તમે Instagram પર સક્રિય છો અથવા રેડ કાર્પેટ લુકને ફોલો કરો છો, તો તમે કદાચ લોકોને ગળામાં સેફ્ટી પિન સાથે ચેન પહેરતા જોયા હશે. એક સમયે સીવણ બોક્સમાં રાખવામાં આવતી આ સેફ્ટી પિન હવે એક સામાન્ય દૃશ્ય બની ગઈ છે. ચાલો સમજાવીએ કે સ્ત્રીઓ અચાનક ગળામાં સેફ્ટી પિન કેમ પહેરી રહી છે અને આ ટ્રેન્ડ ક્યાંથી ઉદ્ભવ્યો.

## સીવણ બોક્સથી ફેશન રનવે સુધી સેફ્ટી પિન...

એક સમયે કપડાંમાં ફાટેલી ચીરીઓ સુધારવા માટે વપરાતી સેફ્ટી પિન હવે એક મુખ્ય ફેશન સ્ટેટમેન્ટ બની ગઈ છે. ૨૦૨૫ માં આ નાની મેટલ એક્સેસરી Gen Z અને Millennials બંનેનું પ્રિય બની ગઈ છે. હવે તે ફક્ત એક સ્ટાઇલ સ્ટેટમેન્ટ નથી, પણ સ્થિતિસ્થાપકતા, એકતા અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિનું પ્રતીક પણ છે. ૧૯૭૦ના દાયકામાં લંડનના પંક ફેશન ચળવળ દરમિયાન સેફ્ટી પિનને સૌપ્રથમ પ્રસિદ્ધિ મળી. ડિઝાઇનર્સ વિવિએન વેસ્ટવુડ અને માલ્કમ મેકલેરેન આ દેખીતી રીતે નજીવી સેફ્ટી પિનને બળવાખોર ફેશન સ્ટેટમેન્ટમાં પરિવર્તિત કરી. ફાટેલા ટી-શર્ટ, ફાટેલા જીન્સ, કાંટાવાળા વાળ અને સેફ્ટી પિનથી શણગારેલા કપડાં પંક ફેશનનો ભાગ બન્યા. તેમનો સંદેશ એ હતો કે આપણને કોઈ નિયમોની જરૂર નથી.

## સમય જતાં સેફ્ટી પિનનો અર્થ બદલાયો

૧૯૭૦ના દાયકાથી સમય જતાં સેફ્ટી પિનનો અર્થ પણ બદલાયો છે. થોડા વર્ષો પહેલા વિવિધ સામાજિક ચળવળો દરમિયાન, લોકોએ પોતાને સુરક્ષિત બતાવવા માટે સેફ્ટી પિન પહેરવાનું શરૂ કર્યું. સેફ્ટી પિન એક શાંત છતાં શક્તિશાળી પ્રતીક પણ બની ગયું. વધુમાં આજે તે ફક્ત અલગ દેખાવા માટે જ નહીં, પણ ટેકો અને સહાનુભૂતિ દર્શાવવા માટે પણ ફેશનમાં પહેરવામાં આવી રહ્યું છે.

## સેફ્ટી પિન પણ માનસિક સ્વાસ્થ્યનું પ્રતીક બની ગયા છે

ઘણા લોકો માટે સેફ્ટી પિન હવે ફક્ત ઘરેણાંનો ટુકડો નથી, પરંતુ સંઘર્ષોને દૂર કરવામાં હિંમત અને આત્મવિશ્વાસનું પ્રતીક પણ છે. કેટલાક તેને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિના સંકેત તરીકે પહેરે છે, જે દર્શાવે છે કે તેઓ મજબૂત, ઠીક છે અને આગળ વધી રહ્યા છે. વધુમાં ઘણા લોકો માટે, તે સ્થિતિસ્થાપકતાનું પ્રતીક છે, જે દર્શાવે છે કે સંજોગો ગમે તેટલા મુશ્કેલ હોય, તેઓ હજુ પણ ઊભા છે. વધુમાં, ઇન્સ્ટાગ્રામ પર લોકો તેમના સેફ્ટી પિન નેકલેસ પાછળની વ્યક્તિગત વાર્તાઓ શેર કરી રહ્યા છે. કેટલાક તેને સંબંધો અથવા સંઘર્ષો સાથે જોડે છે, જ્યારે અન્ય લોકો તેને પુનઃપ્રાપ્તિ અને સ્વ-પ્રેમનું પ્રતીક માને છે.

## સેલિબ્રિટીથી લઈને સર્જકો સુધી, દરેક વ્યકિત આ ટ્રેન્ડનો પ્રયાસ કરી રહ્યા છે


બેલા હદીદ, લીસા મનોબલ અને દુઆ લિપા જેવી આંતરરાષ્ટ્રીય હસ્તીઓ અલગ અલગ રીતે સેફ્ટી પિન નેકલેસ પહેરી રહી છે. કેટલાક તેમને મોતીથી લેયર કરી રહ્યા છે, જ્યારે અન્ય તેમને સિંગલ-પીસ ચેઇનથી સ્ટાઇલ કરી રહ્યા છે. ભારતમાં ઘણા ફેશન પ્રભાવકો અને સ્ટાઇલિશ ડ્રેસ પણ તેમને સાડી, બ્લેઝર અથવા સ્ટ્રીટવેર લુક સાથે અજમાવી રહ્યા છે. બાલેન્સિયાગા, ગિવેન્ચી અને એલેક્ઝાન્ડર મેક્વીન જેવી ફેશન બ્રાન્ડ્સે તેમને સોના અને હીરાની ડિઝાઇન સાથે વૈભવી ટ્વિસ્ટ આપ્યો છે. ■

# પરણ્યા એટલે પ્યારા લાડી

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

આપણા ધર્મમાં જે સોળ સંસ્કાર ગણાવ્યા છે તેમાનો એક અગત્યનો સંસ્કાર ‘વિવાહ-સંસ્કાર’ છે.

- વૈદિક મંત્રોથી સુસંસ્કૃત બનેલાં પતિ-પત્ની બીજા જન્મે પણ આ દૃઢ સૂત્રમાં બંધાયેલા રહે એવી પાક, પવિત્ર ઈચ્છા વ્યક્ત કરે છે.
- હિન્દુ વિવાહ જગતમાં સર્વોત્તમ આદર્શ ગણાય છે,
- તે પ્રાચીનતમ અને અનાદી છે.
- તેનો આધાર ઋગ્વેદમાં જોવા મળે છે.
- ઋગ્વેદના દસમાં મંડળમાં પંચ્યાસીમું સુક્ત ‘વિવાહ-મુક્ત’ના નામથી ઓળખાય છે તથા અથર્વવેદના ૧૪મા કાંડના પહેલા સુક્તમાં વિવાહનો વિસ્તારથી ઉલ્લેખ થયો છે.
- આ વેદમંત્રોને આધારે પારસ્કર અને અન્ય ઋષિઓએ ગૃહ્ય સૂત્રોના માધ્યમથી લગ્ન-પદ્ધતિનું નિર્માણ કર્યું હતું.



- આ વિધિમાં ત્રણ ભાગ હોય છે:


૧. કન્યા દાન,
૨. લાભહોમ અને
૩. સપ્તપદી

- આ ત્રણેનો ઘરની ત્રણ વ્યક્તિઓ સાથે સંબંધ છે:
- કન્યાદાનનો કન્યાના માતાપિતા સાથે,
- લાભહોમનો કન્યાના ભાઈઓ સાથે અને
- સપ્તપદીનો કન્યા સાથે સંબંધ છે.
- આદર્શ લગ્નમાં કોઈપણ પ્રકારનું લખાણ જરૂરી નથી.
- વેદમંત્રનું ઉચ્ચારણ કરતી કન્યા પિતાના કુટુંબથી છૂટી પડીને કાયમ માટે પતિના કુટુંબનો આશ્રય મેળવીને કુલવધૂના રૂપમાં રહે છે.
- મંગલ ચરણથી વિધિમાં સ્વસ્તિવાચન કરતા પહેલાં ગણપતિ, ગૌરી અને કળશની સ્થાપના કરવામાં આવે છે, ત્યારબાદ નવગ્રહ વગેરેની સ્થાપના કરવામાં આવે છે.
- સ્વસ્તિવાચનના સાત શ્લોકો બોલ્યા પછી દેવોની પૂજા કરવામાં આવે છે તે શ્લોકનો ભાવાનુવાદ આ મુજબ છે:
- ‘મનુષ્ય પવિત્ર કે અપવિત્ર ભલે હોય, કોઈ પણ અવસ્થામાં હોય, પરંતુ શુદ્ધ તો તે જ હોય છે કે જે શ્રદ્ધાથી વિષ્ણુનું નામ લે છે.’
- ‘વિષ્ણુના નામથી અંદર અને બહારની અશુદ્ધિઓ સદા દૂર થાય છે.’
- ‘બુરાઈ નાશ પામે છે અને સઘળાં કષ્ટો ટળે છે...!’
- ત્યારબાદ સંકલ્પ કરવામાં આવે છે, અને શાંતિ માટે ગણેશનું આવાહન કરવામાં આવે છે.
- ‘મુંબઈ સમાચાર’ની ‘લાડકી’પૂર્તિની વ્હાલી વાચક બહેનો! ધર્મમાં સંસ્કારનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.
- સંસ્કારથી માનવજીવન ઘડાય છે.
- ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં સાંખ્ય તત્ત્વનું વિવેચન જોવા મળે છે.
- સંસ્કારનો હેતુ ભૌતિકતા તરફથી આધ્યાત્મિકતા તરફ જવાનો છે.
- ભૌતિક એકતા ભૌતિક વિજ્ઞાનના ઉપદાનોથી છૂટી પાડી શકાય છે, પરંતુ આધ્યાત્મિક એકતા સ્થાયી છે. ■



## પ્રકરણ-૪૪

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

'ડૉક્ટરસાહેબ, આને દવાનો ઓવરડોઝ આપીને મારી નાખો અને એક્સિડેન્ટને કારણે મૃત્યુ પામ્યો હોવાનું જાહેર કરી દો!'

'શું?' ડૉક્ટર ચોંક્યા.

'હા... આની લાશને અમે અવલ મંજીલે પહોંચાડી દઈશું અને તમારું નામ ક્યાંય નહીં આવે એની હું ખાતરી આપું છું!'

ગોહિલે ઉમેર્યું: 'આમેય આની આગળ-પાછળ કોઈ નથી. આ ગાયબ થઈ જાય તોય કોઈને ફેર પડતો નથી!'

ડૉક્ટરને સૂચના આપી ગોહિલે વૉર્ડની બહાર જવાનો ડોળ કર્યો. એની પાછળ સાવંત પણ ચાલવા માંડતાં જૉની ડરી ગયો. બન્નેને જતાં જોઈ તે ઝાટકા સાથે બેડ પર બેઠો થઈ ગયો...

'ઓ... સર! ઊભા રહો...'

જૉનીએ બૂમ પાડી એટલે વૉર્ડના દરવાજા પાસે ગોહિલ અને સાવંત ઊભા રહી ગયા. તેમણે પાછળ ફરીને જોયું તો જૉની બેડ પરથી ઊતરીને જમીન પર ઊભો હતો. ટટ્ટાર ઊભા રહીને તેણે આજીજી કરવા માંડી.

'સર... મને સાથે લઈ જાઓ. અહીં ઈન્જેક્શનથી હડકાયા કૂતરાની જેમ મારે નથી મરવું!'

'...પણ તારો પગ તૂટેલો હતોને!' ગોહિલને હસવું આવ્યું.

'મારે હવે અહીં નથી રહેવું, બસ!' જૉની જીદે ચડ્યો.

ગોહિલે 'થેન્ક્સ, ડૉક્ટર!' કહીને ઇશારો કરતાં ડૉક્ટર ત્યાંથી રવાના થયા.

'મારે બે જ સવાલ પૂછવા છે... એક તો બૉની ક્યાં છે? અને બીજો, જંગલમાં શબ કોણે દાટ્યાં? સાચો જવાબ આપે તો ઠીક, નહીં તો ટાંગ ખરેખર તૂટશે!'

'મારા અકસ્માતની જાણ થતાં બૉની ડરી ગયો હતો. અત્યારે એ ક્યાં છે તેની મને જાણ નથી, પણ હા... જંગલ છોડીને એ બીજે જઈ શકે એમ નથી!'

જૉનીએ કહ્યું: 'તમે ઝાડ પર લાગેલા હૉલોગ્રાફિક કૅમેરાની પાછળ પડ્યા ત્યારે અમને સમજાઈ ગયું કે હવે અમારા માટે મુશ્કેલી ઊભી થશે. દિવસે અમે જંગલના અલગ અલગ ભાગમાં સંતાઈ રહેતા અને મોડી રાતે ઘરે સૂવા જતા!'

'ઘર?'

'કુરાર વિલેજની ઝૂંપડપટ્ટીમાં ભાડેની રૂમમાં રહેતા હતા. મોડી રાતે ત્યાં જઈને વહેલી સવારે ફરી જંગલમાં આવતા!'

જૉનીનું બોલવાનું ચાલુ હતું: 'મને મારી નાખવાને ઇરાદે આ એક્સિડેન્ટ કરાયું હોવાની શંકાથી ડરીને બૉનીએ કુરારની રૂમ પર જવાનું પણ છોડી દીધું... અત્યારે એ જંગલમાં જ હોવો જોઈએ!'

'લાશ તમે જ દાટતા હતાને?' ગોહિલે સીધું પૂછી લીધું.

થોડી વાર ચૂપ રહીને વિચાર કર્યા બાદ જૉનીએ મોં ખોલ્યું.

'હા... મધરાત બાદ હું અને બૉની આ કામ પતાવતા!'

'લાશ કોણ લાવીને આપતું?'

'એકાદ બે વાર સલ્લુ... બાકી તો હું જ લાવતો!'

'ક્યાંથી?'

ફરી જૉની બોલતો બંધ થયો અને વિચારવા લાગ્યો.

'જો જૉની... તું નહીં બોલે તો તારી ઉપરના ડૉક્ટરો મોઢું ખોલશે અને બધા ગુના તારા નામે ચઢાવશે એ યાદ રાખજે!' ગોહિલે ચેતવ્યો.

'અમારી વાત માનીને પોલીસને સહકાર આપ... અમારો સાક્ષી બનીને તારા સાથીઓ વિરુદ્ધ જુબાની આપશે તો તારી સજા ઓછી કરાવવા અમે કોર્ટમાં વિનંતી કરીશું!' ગોહિલે લલચાવ્યો.

'...પણ એ લોકો મને પતાવી નાખશે તો?' જૉની ગભરાયેલો હતો.

'તને કંઈ નહીં થવા દઈએ એની ખાતરી આપું છું.'

'સર... લાશ ડૉક્ટર ભંડારીની હૉસ્પિટલમાંથી લાવવામાં આવતી!' મોટું રહસ્ય ખોલ્યું જૉનીએ.

'ડૉક્ટર પાઠકની એમ્બ્યુલન્સમાં?' ક્યારના ચૂપચાપ ઊભેલા સાવંતે પ્રશ્ન કર્યો.

'એમ્બ્યુલન્સ કોની હતી એની મને જાણ નથી. મારા સુધી તો એમ્બ્યુલન્સ હંમેશાં સલ્લુ લાવતો!'

'સલ્લુને દવાનો ઓવરડોઝ આપીને કોણે માર્યો?'

'એનીય મને નથી ખબર, પણ હા... લાશ ડૉક્ટર ભંડારીની હૉસ્પિટલમાંથી લાવવામાં આવેલી!'

* * * *

ડૉ. મૃત્યુંજય હિરેમઠની આવવાની રાહ જોતી ડૉ. મંદિરા અજવાની ક્યારની બેબાકળી બની આરે હૉસ્પિટલના પેસેજમાં આંટા મારતી હતી. હૉસ્પિટલમાં પ્રવેશેલા ડૉ. હિરેમઠની પાછળ પાછળ ડૉ. મંદિરા પણ તેમની કૅબિનમાં ગઈ.

'આટલા ટેન્શનમાં દેખાઓ છો, સર... પૂછપરછ ચિંતાગ્રસ્ત તબક્કે પહોંચી હતી?' ડૉ. મંદિરાએ ઉતાવળે પૂછ્યું.

'ચિંતાગ્રસ્ત તબક્કે નહીં, ચર્ચા આંચકાજનક પરિણામમાં ફેરવાઈ હતી!' ડૉ. હિરેમઠે કહ્યું.

'પરિણામ? એટલે?'

'મેં સ્વપ્નેય વિચારી નહોતી એવી હકીકત સામે આવી છે... આપણા પ્રોફેશન માટે કલંકરૂપ બીના છે આ!' ડૉ. હિરેમઠ શું કહેવા માગતા હતા તે ડૉ. મંદિરાને સમજાતું નહોતું.

'સર... સમજાય એ રીતે કહોને... શું થયું પોલીસ સ્ટેશનમાં?'

'ડૉક્ટર આયુષ પાઠકની ધરપકડની તૈયારી કરી રહી છે પોલીસ. અત્યારે તેમનું નિવેદન નોંધવામાં આવી રહ્યું છે!'

'વ્હૉટ?'

'હા... ઘણી આંચકાજનક વાત છે કે ડૉક્ટર પાઠક આ બધામાં સંડોવાયેલા છે.'

'...પણ એવું કઈ રીતે બની શકે?' ડૉ. મંદિરા બોલીને વિચારમાં પડી ગઈ.

'એવું જ બન્યું છે... ખુદ ડૉક્ટર પાઠકે અમારી સામે ગુનામાં તેમની ભૂમિકા સ્પષ્ટ કરી છે!'

પછી આંખ ઝીણી કરી ડૉ. હિરેમઠ બોલ્યા: 'તને આટલું ટેન્શન શું કામ છે... આ કાંડ વિશે તું કંઈ જાણે છે?'

'ના... ના. મને કંઈ ખબર નથી. આ તો ડૉક્ટર પાઠક આવું કરી શકે એ માન્યામાં નથી આવતું એટલે આંચકો લાગ્યો!' ભોંઠી પડી હોય તેમ ડૉ. મંદિરાએ નજર નીચી કરી લીધી.

'એથીય શૉકિંગ ખુલાસો એ થયો છે કે ડૉ. વિશ્વાસ ભંડારી આ સ્કૅન્ડલના સૂત્રધાર છે!'

'ઓહ માય ગૉડ! વિશ્વાસ નથી બેસતો...' ડૉ. મંદિરા ચિંતામાં જણાતી હતી.

'ડૉક્ટર ભંડારી પણ જેલમાં જશે, એવું જણાઈ રહ્યું છે. અત્યારે તો પોલીસની ટીમ તેમને કસ્ટડીમાં લેવા નીકળી પણ ગઈ હશે.' ગળું સુકાવા લાગતાં ડૉ. હિરેમઠે પાણીનો ઘૂંટડો પીધો.

'આ અંગે ડૉક્ટર ભંડારીને કોઈ આગોતરી જાણ કરાઈ?'

'ના. પોલીસ સિક્રેટલી કાર્યવાહી કરવા માગે છે!'

'તો આપણે તેમને જાણ કરીએ?'

'કેમ? તારે શા માટે આ ઝમેલામાં ફસાવું છે... સાચેસાચું કહી દે, તારે આ આખા મામલામાં શું લેવાદેવા છે?' ડૉ. હિરેમઠને શંકા જવા લાગી.

'મને કંઈ પડી નથી, પણ ડૉ. ભંડારી સાથે આપણા સારા સંબંધો છે એટલે...'

'એક વાત તો પોલીસની સાચી છે કે આપણી હૉસ્પિટલથી થોડે જ દૂર શબ દાટવામાં આવ્યાં અને આપણને અણસાર પણ ન આવ્યો!'

પછી વિચાર કરીને ડૉ. હિરેમઠ બોલ્યા: 'એવું તો નથીને... આપણો વૉર્ડબૉય રાઠોડ આ અંગે કંઈ જાણતો હોય, કેમ કે એ રાતે પણ હૉસ્પિટલમાં જ હોય છે!'

**ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનર... એટલે કે દાતા, જેમને તમે લોકોએ મારી નાખ્યા... એમને ટાર્ગેટ કઈ રીતે કર્યા?**

* * * *

કાંદિવલીની હૉસ્પિટલમાંથી જૉનીને તાબામાં લઈને ગોહિલ અને સાવંત આરે પોલીસ સ્ટેશને પાછા ફર્યા. પોલીસ સ્ટેશન બહાર બોલેરોમાંથી ઊતરી રહ્યો હતો ત્યારે ગોહિલનો મોબાઈલ રણક્યો. કૉલ ઈન્સ્પેક્ટર રાજીવ કામતનો હતો. ગુનામાં વપરાયેલી એમ્બ્યુલન્સ ભાયંદરની ખાડીમાં ફેંકી હોવાની ઝમીલની કબૂલાત પછી કામત ટીમ સાથે ભાયંદર ગયો હતો.

'સર... એમ્બ્યુલન્સ મળી ગઈ છે!' ગોહિલે કૉલ રિસીવ કરતાં જ કામત ઉત્સાહમાં બોલ્યો.

'ઝમીલે બતાવેલી જગ્યાથી ડાઈવરો અને માછીમારો ખાડીમાં ઊતર્યા હતા. પાણીની અંદર વાહન હોવાની ખાતરી થતાં ટ્રાફિક પોલીસની મદદ લેવાઈ હતી.'

કામત માહિતી આપતો હતો: 'જેસીબી મશીનની મદદથી એમ્બ્યુલન્સને પાણીની બહાર કાઢવામાં આવી છે, પણ તેની નંબર પ્લૅટ ગુમ છે!'

'નો પ્રોબ્લેમ... એ પણ મળી જશે.' ગોહિલે કહ્યું.

પછી ઉમેર્યું: 'એમ્બ્યુલન્સને આરે પોલીસ સ્ટેશને લાવવાની વ્યવસ્થા કર અને તપાસ માટે ફૉરેન્સિકને પણ જાણ કરી દેજે!'

ઉતાવળમાં હોવાથી ગોહિલે ટૂંકમાં વાત પતાવી કૉલ કટ કર્યો. જૉનીને લઈ સાવંત પોલીસ સ્ટેશનના પહેલા માળે ગયો, જ્યારે ગોહિલ સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડની કૅબિનમાં. તેમની કૅબિનમાં જ ઈન્સ્પેક્ટર રવિ કદમ ડૉ. વિશ્વાસ ભંડારી સાથે બેઠો હતો.

'મને આ રીતે લાવવાનો શો અર્થ... હું કઈ રસ્તા પરનો મવાલી નથી!' ડૉ. ભંડારી ગાયકવાડ સાથે વિવાદમાં ઊતર્યા હતા.

'પુરાવાને આધારે તમને પૂછપરછ માટે લાવવામાં આવ્યા છે... લો, ગોહિલ પણ આવી ગયો!' ગાયકવાડ પણ ઊંચા અવાજે ડૉક્ટરને સમજાવતા હતા.

'ડૉક્ટર, આટલા બરાડા શું કામ પાડો છો? બ્લડ પ્રેશર હાઈ થશે તો અમારું કામ વધી જશે!' કૅબિનમાં પ્રવેશતાં જ ગોહિલે કહ્યું.

'હું પ્રતિષ્ઠિત ડૉક્ટર છું, સામાન્ય ગુંડો નહીં. પૂર્વજાણકારી કે સમન્સ વિના મને અપરાધીની જેમ લાવવામાં આવ્યો છે, ઑફિસર!' ડૉક્ટરનું મગજ હજુ ગરમ હતું.

'સામાન્ય ગુંડા કરતાં પણ ઊતરતી કક્ષાનું કામ કર્યું છે તમે... અમારી પાસે પુરાવા છે!' ગોહિલ લડી લેવાના મૂડમાં હતો.

'શેના પુરાવા? અને પૂછપરછ તો મારી ઑફિસે પણ થઈ શકી હોત!' ડૉ. ભંડારી સમજવા તૈયાર નહોતા.

'પૂછપરછનો સમય ગયો... ડૉક્ટર, તમારી ધરપકડની પરવાનગી અમને મળી ગઈ છે!' ગોહિલે ચોખવટ કરી.

'વ્હૉટ? કોણે પરવાનગી આપી?'

'ડીસીપી સરે. ડૉક્ટર પાઠકની પૂછપરછ વખતે સર હાજર હતા અને તેમની સામે જ બધા ખુલાસા થયા છે!' ગોહિલે કહ્યું.

'અમારે તમારી પાસેથી અમુક બાબતો જાણવી છે, જેથી બધી કડી જોડાઈ જાય!'

'પહેલાં મને વકીલને ફોન કરવા દો... મારા વકીલની હાજરીમાં જ હું જવાબ આપીશ!' ડૉ. ભંડારીએ જકી વલણ અપનાવ્યું.

'ડૉક્ટર, લાગે છે... તમે મારી વાત ધ્યાનથી સાંભળી નથી. તમારી ધરપકડ થઈ રહી છે. હવે તમારો વકીલ સીધો કોર્ટમાં જ આવશે!'

ગોહિલે ઉમેર્યું: 'ધરપકડની જાણ તમારી પત્નીને કરવા મહિલા અધિકારી તમારા ઘરે ગઈ છે!'

'અમે જાણતા હતા કે ધરપકડથી બચવા આગોતરા જામીન કે બીજો કોઈ વિકલ્પ તમે શોધી કાઢ્યો હતો... અમે તમને મોકો આપવા માગતા નહોતા!' કદમ બોલ્યો.

'જુઓ ડૉક્ટર, પાઠકની ઇન્ક્વાયરી સમયે ડીસીપી હાજર હતા એટલે અમે સંયમ જાળવ્યો હતો. હવે અમારા હાથ ખુલ્લા છે અને પોલીસ સ્ટેશનમાં આરોપીના કેવા હાલ થાય છે એ જગજાહેર છે!' ગાયકવાડે ધમકીભરી ભાષા વાપરી.

'...અને એક વાતની જાણ કરી દઉં. હમણાં જ અમે જૉનીને લઈ આવ્યા છીએ. એની પાસેથી ઘણી મહત્ત્વની માહિતી મળી છે.' ગોહિલે જૉની પકડાયાની વાત કરતાં ડૉ. ભંડારી અંદરથી થથરી ગયા.

'હવે તમારી પાસે સહકાર આપવા સિવાય કોઈ માર્ગ બચ્યો નથી.' કહીને ગોહિલે પ્રશ્ન કર્યો.

'અમને એ જાણવું છે કે ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનર... એટલે કે દાતા, જેમને તમે લોકોએ મારી નાખ્યા... એમને ટાર્ગેટ કઈ રીતે કર્યા?'

ડૉ. ભંડારી થોડી વાર ચૂપ રહ્યા એટલે ગોહિલે લાલ આંખ કરીને જોરથી ટેબલ પર હાથ પછાડ્યો. અવાજ અને ટેબલ પરની અસ્તવ્યસ્ત વસ્તુઓ જોઈ ડૉ. ભંડારી ફફડી ઊઠ્યા.

'ડૉક્ટર, મને જવાબ જોઈએ... ટાર્ગેટ કઈ રીતે નક્કી...' ગોહિલ એટલા જોરથી બોલ્યો કે તેણે વાક્ય પૂરું કરવા પહેલાં જ ડૉ. ભંડારીના મોંમાંથી શબ્દો સરી પડ્યા...

'ફ્રી મેડિકલ કૅમ્પથી!'

'શું?'

'હા... આરેમાં આરોગ્ય શિબિર યોજીને બધાના ડેટા ભેગા કરવામાં આવતા!'

'એટલે કે મેડિકલ કૅમ્પ લોકોના સ્વાસ્થ્યની કાળજી માટે નહીં, પણ તેમનું મૃત્યુ નિશ્ચિત કરવા યોજતા હતા!'

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| टिंब | ટીલડી |
| टिळा | નોંધ |
| टीकी | અનુસ્વાર |
| टीप | ડાંડિયો |
| टिपरी | તિલક |

### ઓળખાણ પડી?



ફાઈબર ગ્લાસમાંથી બનેલા ખૂબ જ લાંબા દંડાની મદદથી ઊંચાઈ કૂદી જવાની ટ્રૅક એન્ડ ફિલ્ડ સ્પર્ધા કયા નામથી ઓળખાય છે?

અ) હાઈ જમ્પ બ) સ્ટિપલચેઝ ક) સમરસોલ્ટ ડ) પોલ વૉલ્ટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ડ | ૨ ત | ર | | ૩ વ | ચો | ૪ વ | ચ | |
| વિ | | ળ | | ૫ ન | ર | | ટ | | ૬ પુ |
| ત્ર | | પ | | ૭ ડ | ણ | ૮ ક | | ૯ સ | રુ |
| | ૧૦ સ | દા | ૧૧ વ્ર | ત | | ૧૨ દ | ૧૩ વા | | ષા |
| ૧૪ વ | તી | | ૧૫ જ | ર | ૧૬ ખ | | ૧૭ સ | ૧૮ મ | ર્થ |
| તું | | ૧૯ લ | | | ૨૦ પ | છી | | સ્ત | |
| ળા | | ૨૧ વ | સા | ૨૨ હ | ત | | ૨૩ જા | | ૨૪ નિ |
| ૨૫ કા | ૨૬ મ | ણ | | ર્ષો | | ૨૭ આ | ળ | | રં |
| ૨૮ ર | ઢ | | ૨૯ હ | લ્લા | બો | લ | | ૩૦ રા | જ |
| | મ | | ૩૧ દ | સ | | ૩૨ મ | હા | જ | ન |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| | | | | | | | ૯ | | |
| | | ૧૦ | | | ૧૧ | | ૧૨ | ૧૩ | |
| | ૧૪ | | | ૧૫ | | ૧૬ | | | ૧૭ |
| ૧૮ | | | ૧૯ | | ૨૦ | | | ૨૧ | |
| ૨૨ | | | | ૨૩ | | | ૨૪ | | |
| | | | ૨૫ | | ૨૬ | | | | |
| ૨૭ | | ૨૮ | | ૨૯ | | | | ૩૦ | ૩૧ |
| | | ૩૨ | | | | ૩૩ | | | |

#### આડી ચાવી

૧. સલાહસૂચન (૫)
૫. ભારતનો સાહિત્ય ક્ષેત્રે સર્વોચ્ચ એવૉર્ડ (૪)
૭. ઘા (૩)
૮. સમતોલપણું (૩)
૧૦. એક લીલું કઠોળ (૨)
૧૨. બીક (૨)
૧૪. હજામ (૨)
૧૫. દોડધામનો અવાજ (૬)
૧૮. ચોખ્ખું (૨)
૨૦. ચોક્કસ (૨)
૨૧. રગ (૨)
૨૨. વચગાળામાં (૫)
૨૪. ઠામ (૩)
૨૫. નટોમાં શ્રેષ્ઠ (૪)
૨૭. કોષનો નિયંત્રક એકમ (૩)
૨૯. એક પ્રકારની ચૂડી (૩)
૩૦. --- મારવા એટલે ઉઝરડા કરવા (૨)
૩૨. નકામું, મફત (૩)
૩૩. કુસ્તીબાજ (૨)

#### ઊભી ચાવી

૧. સતામણી (૪)
૨. શેલી, ખાખ, ભસ્મ (૨)
૩. મા હંમેશાં --- જ હોય (૫)
૪. જાતિ (૩)
૫. જાણકાર (૨)
૬. ઉપાલંભ, વઢવું તે (૩)
૯. દાબ, ધાક, અંકુશ (૩)
૧૧. વહેવું તે (૩)
૧૩. રીતભાત (૬)
૧૪. હુકમની અવજ્ઞા (૫)
૧૬. નસીબદાર (અં.) (૨)
૧૭. એક કંદ (૩)
૧૮. બૂમ, રાડ, (૨)
૧૯. વક્તવ્ય, જુબાની (૩)
૨૩. તોફાની (૪)
૨૬. એક મોટું વૃક્ષ (૨)
૨૭. --- કરવું એટલે ભેગું કરવું (૨)
૨૮. ફાયદો (૨)
૩૦. સાચા (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીની દેરાણીના સાસુની દીકરીનો પતિ સગપણમાં એ સ્ત્રીને શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) ભત્રીજો બ) સાળો ક) નણદોઈ ડ) ભાણેજ

### જાણવા જેવું

મહારાષ્ટ્રમાં આવેલી અજંતાની ગુફાઓ પ્રાચીન ભારતની જગવિખ્યાત બૌદ્ધ ગુફાઓ છે. અજંતા નામનું ગામ સમીપ હોવાથી ગુફાઓ એ નામે ઓળખાય છે. આ ગુફાઓ ૧૮૧૯માં યુરોપીય સૈનિકોએ અચાનક ખોળી કાઢી. ૧૮૨૪માં જનરલ સર જેમ્સ એલેક્ઝાન્ડરે રોયલ એશિયાટિક સોસાયટીની પત્રિકામાં એનું વિવરણ લખી જગતને આશ્ચર્યમાં મૂકી દીધું હતું.

### સુડોકુ-૯૧૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૨ | | | ૮ | | |
| ૪ | | | ૧ | ૬ | | ૨ | | |
| | ૬ | | ૫ | | | ૧ | ૭ | ૪ |
| | ૨ | | ૭ | | ૪ | | | ૫ |
| | | | | ૮ | | | | |
| ૮ | | | ૯ | | ૬ | | ૪ | |
| ૨ | ૫ | ૭ | | | ૯ | | ૧ | |
| | | ૩ | | ૭ | ૧ | | | ૯ |
| | | ૮ | | | ૫ | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૬ | ૮ | ૭ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૪ | ૫ | ૯ |
| ૮ | ૭ | ૬ | ૪ | ૫ | ૯ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૮ | ૪ | ૫ | ૩ | ૭ | ૨ | ૯ | ૬ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૪ |
| ૬ | ૩ | ૨ | ૯ | ૧ | ૪ | ૮ | ૭ | ૫ |
| ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૩ | ૭ | ૬ | ૨ |
| ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૪ | ૩ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં હાથનો પર્યાય શબ્દ લપાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.
કાગજ કલમ બિન કર લેતા વો ઢાઈ અક્ષર કી કમાઈ!

### નોંધી રાખો

વ્યવહાર અને ધર્મના પાયામાં સત્ય રહેલું છે માટે સત્ય વચન બોલવું જોઈએ. અસત્ય એક પ્રકારની સૂક્ષ્મ હિંસા છે. માટે પાપ છે.

### માઈન્ડ ગેમ

સિડની હાર્બર માટે ખ્યાતનામ સિડની ઓસ્ટ્રેલિયામાં છે એ વાત જગજાહેર છે પણ આ જ નામનું શહેર બીજા કયા દેશમાં પણ છે?

અ) ન્યૂઝીલેન્ડ બ) કેનેડા ક) સ્લોવેકિયા ડ) જર્મની

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| टांग | પગ |
| टांगणे | લટકાવવું |
| टाकणे | ફેંકવું |
| टाच | જપતી |
| टामटूम | ઠાઠમાઠ |

ગુજરાત મોરી મોરી રે: મામા

ઓળખાણ પડી?: ગોલ્ફ

માઈન્ડ ગેમ: યુએસએ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: કાનપુર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) નીતા દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહતા (૧૩) વિપીન શાહ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) લજિતા ખોના (૧૬) અમીશી બંગાળી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેશ સંઘવી (૨૦) દેવેન્દ્ર સંપટ (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) વિણા સંપટ (૨૩) મહેશ દોશી (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) હિનાબેન દલાલ (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) ડાયના સંતોકે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અલકા વાણી (૩૩) ભરત કજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ખુશરૂ કાપડિયા (૩૭) કિરીટ છેડા (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ભામિની સંપટ (૪૫) ચેતના છેડા

# પુરુષ




## ‘પરફેક્ટ પુરુષ જ સફળ થાય છે’ એવું માનવાની ભૂલ કરશો નહીં!

### ‘બ્યુટી ઑફ ઈમ્પર્ફેક્શન’ ની વાત જ નિરાલી છે !

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

આજનો યુગ સફળતાને પરફેક્શન સાથે જોડીને મૂલવે છે. સોશ્યલ મીડિયા હોય કે કોર્પોરેટ જગત, દરેક જગ્યાએ એક ચમકદાર, દોષરહિત અને હંમેશાં ’ઓન પોઇન્ટ’ છબી (Image) રજૂ કરવાની હોડ જામી છે. ખાસ કરીને પુરુષોના ખભે આ ભાર વધારે મૂકવામાં આવ્યો છે: તમારે શક્તિશાળી, આત્મવિશ્વાસુ, લાગણીવિહીન (જે નબળાઈ ન બતાવે), અને દરેક પરિસ્થિતિમાં સંપૂર્ણ હોવું જોઈએ...

જોકે, આ આધુનિક ધારણા સત્યથી ઘણી દૂર છે. ખરેખર તો, તમારી અપૂર્ણતા (Imperfection) જ તમારી સૌથી મોટી તાકાત છે.

સત્ય એ છે કે, જીવનમાં કે કરિયરમાં કોઈ પણ વસ્તુ ‘પરફેક્ટ’ હોતી નથી, અને કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ હોતી નથી. પરફેક્શનની પાછળ દોડવું એ એક એવું યુદ્ધ છે જેમાં ક્યારેય કોઈને જીત મળતી નથી, માત્ર સતત હતાશા જ હાથ લાગે છે. પુરુષોને નાનપણથી જ શીખવવામાં આવે છે કે ભૂલ કરવી એ નબળાઈની નિશાની છે, પરંતુ આ માન્યતા માનસિક સ્વાસ્થ્ય અને વિકાસ બંને માટે હાનિકારક છે. અપૂર્ણતા જ આપણને માનવ બનાવે છે અને આપણી વાસ્તવિકતાને સ્વીકારવા તરફ દોરી જાય છે.

આપણે સફળ પુરુષોનાં જે ઉદાહરણો જોઈએ છીએ,જે તેમની સંપૂર્ણતાને કારણે નહીં, પરંતુ તેમની નિષ્ફળતાઓને કેવી રીતે સ્વીકારી, તેમાંથી શું શીખ્યા અને આગળ વધ્યા, તેના કારણે સફળ થયા છે. કોઈ પણ મહાન શોધક, ઉદ્યોગપતિ કે નેતાની જીવનકથા જોઈ લો તેમાં ભૂલો, ગણતરીની ભૂલો અને અણઘડ નિર્ણયોની લાંબી યાદી હશે. આવી ભૂલ જ તેમનો વિકાસ પથ બની, જેણે તેમને પરફેક્ટ નહીં પણ પરિપક્વ બનાવ્યા.

તમારા જીવનમાં આવતી અપૂર્ણતાઓ (ખામીઓ) ને સ્વીકારવાથી તમને ત્રણ મોટા ફાયદા થાય છે:

૧) અધિકૃતતા (Authenticity) અને કનેક્શન:

જ્યારે કોઈ પુરુષ પોતાની ભૂલો, ચિંતાઓ કે ડરને સ્વીકારે છે, ત્યારે તે બીજા લોકો સાથે ઊંડો અને સાચો સંબંધ બાંધી શકે છે. સતત પરફેક્ટ દેખાવાનો પ્રયાસ તમને બીજાઓથી દૂર કરી દે છે. લોકો સંપૂર્ણ હીરોની નહીં, પણ એવા વ્યક્તિની પ્રશંસા કરે છે, જે પડીને ફરી ઊભા થવાની હિંમત બતાવે. તમારી નબળાઈઓ શેર કરવાથી તમે વધુ વિશ્વસનીય અને માનવીય લાગો છો. આ જ અધિકૃતતા નેતૃત્વમાં સૌથી શક્તિશાળી ગુણ સાબિત થાય છે.

૨) સ્થિતિસ્થાપકતા (Resilience) અને શીખવાની ક્ષમતા:

જે પુરુષ પોતાની અપૂર્ણતાને સ્વીકારે છે, તે નિષ્ફળતાથી ડરતા નથી. તે જાણે છે કે દરેક ભૂલ એ શીખવાની તક છે. પરફેક્શનિસ્ટ વ્યક્તિ નિષ્ફળતાના ડરથી નવા પ્રયાસો કરવાનું ટાળે છે, જ્યારે અપૂર્ણતાને સ્વીકારનાર વ્યક્તિ આસાનીથી પોતાના માર્ગમાં આવતા પડકારોમાંથી નવું જ્ઞાન મેળવે છે. આ સ્થિતિસ્થાપકતા જ લાંબા ગાળે સફળતા માટેનું સાચું એન્જિન છે. કોઈ પ્રોજેક્ટમાં નિષ્ફળતા મળે કે અંગત સંબંધોમાં ઠોકર વાગે, અપૂર્ણતાનો સ્વીકાર કરનાર પુરુષ ફરીથી ઊભો થઈ શકે છે.

૩ ) માનસિક શાંતિ (Mental Peace):

પરફેક્ટ દેખાવાનો સતત પ્રયાસ માનસિક સ્વાસ્થ્ય પર ભારે બોજ મૂકે છે. સતત ચિંતા, તણાવ અને ‘હું પૂરતો સારો નથી’ (I am not good enough)ની ભાવના પુરુષોને અંદરથી તોડી નાખે છે. જ્યારે તમે તમારી ખામી - મર્યાદાઓને હસતાં મોંએ સ્વીકારો છો ત્યારે એક મોટો બોજ ઊતરી જાય છે. આ સ્વીકૃતિ આત્મ-કરુણા (Self-Compassion) તરફ દોરી જાય છે, જે આત્મસન્માન વધારવા માટે પરફેક્શનિઝમ કરતાં વધુ અસરકારક છે.

યાદ રાખો, તમે જે કાર્ય કરો છો, તેમાં તમારો ‘હ્યુમન ટચ’ હોવો એ જ ભવિષ્યમાં સૌથી મૂલ્યવાન વસ્તુ છે. AI અને ઓટોમેશનના યુગમાં, જે કાર્ય રોબોટ દ્વારા થઈ શકે છે, તેમાં પરફેક્શનની અપેક્ષા રખાય છે, પરંતુ જ્યાં સર્જનાત્મકતા, લાગણી, માનવીય સંબંધો, નેતૃત્વ અને નિર્ણય લેવાની વાત આવે છે ત્યાં તમારી ભૂલો અને તેમાંથી શીખેલા અનુભવો જ તમને અજોડ બનાવે છે. તમારા અણઘડ વિચાર, તમારી વિચિત્રતા, તમારી ગડમથલ આ બધું જ તમારી ‘બ્યુટી ઑફ ઈમ્પર્ફેક્શન’ છે, જે તમને બીજા બધાથી જુદા પાડે છે.

એક સફળ પુરુષ તે નથી જે ક્યારેય ભૂલ કરતો નથી, પણ તે છે જે ભૂલ કરવા છતાં પણ ડર્યા વિના આગળ વધે છે, પોતાના ડરને સ્વીકારે છે અને બીજાની સામે પોતાના અસલ સ્વરૂપને રજૂ કરવાની હિંમત ધરાવે છે. તેથી પરફેક્શનની ખોટી દોડ છોડો. તમારા અસ્તિત્વની સુંદરતાને તેની તમામ ખામીઓ સાથે સ્વીકારો, કારણ કે દુનિયાને એક પરફેક્ટ મશીનમેનની નહીં, પણ એક સાચા, હૃદય અને ભૂલોવાળા મનુષ્યની જરૂર છે. તમારી અપૂર્ણતામાં જ તમારી વાસ્તવિક શક્તિ અને સફળતા છુપાયેલી છે. ■



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## બાળક બીમાર પડે ત્યારે...

ડિયર હની,

દંપતી વચ્ચે એક મજબૂત નાતો બનાવે છે એમનાં સંતાન. અને એમને કઈ પણ થાય તો બંને ચિંતિત થઇ જાય છે. ઘણીવાર ઘણી બધી સંભાળ રાખવા છતાં બાળકો બીમાર પડે છે. આપણી જિંદગીમાં પણ એવા ઘણા પ્રસંગ આવ્યા છે. પણ એક પ્રસંગ આજે ય મને બરાબર યાદ છે. અને એ છે આપણા દીકરાનો.

રોજ સવારે તું કપડા સૂકવવા અગાસીએ જતી. અને રોજ દીકરો તારી સાથે આવતો. ત્યારે એની ઉંમર હશે પાંચ છ વર્ષની અને અગાસીએ જવાની સીડી જરા વિચિત્ર હતી, પણ ક્યારેય કોઈ દુર્ઘટના બની નહોતી. જોકે, એક સવારે તું કપડા સૂકવવા ગઈ અને સાથે દીકરો પણ હતો. કપડા સુકાઈ ગયા અને બંને નીચે ઊતરતા હતા. દીકરો આગળ હતો અને એ પગથિયું ચુક્યો અને સીધો પડ્યો પોર્ચમાં. મોટો ધડાકો થયો હોય એવો અવાજ આવ્યો. ઘરના બીજા સભ્યો અને આસપાસ રહેતા પડોશીઓ પણ ચોંકી ઉઠ્યા કે ‘થયું શું?’ પછી ખબર પડી કે, દીકરો નીચે પછડાયો છે....

તારો મને ફોન આવ્યો, હું તો ઓફિસે ગયો હતો. અને તે કહ્યું, ‘દીકરો પડી ગયો છે. જલદી આવ.’ તારા અવાજમાં ગભરાટ હતો. મેં પૂછ્યું : પહેલા શું બન્યું એ કહે... તે બધી વાત કરી. મેં કહ્યું, તું ઘર પાસે ઓર્થોપેડિક સર્જન છે ત્યાં લઇ જા. હું ત્યાં જ સીધો આવું છું. આમાં સમય ના બગાડાય....

થયું એવું કે, પેલા ડોક્ટર આવ્યા નહોતા અને પછી બીજી હોસ્પિટલે આપણે પહોંચ્યા. અને ડોકટરે એક્સરે કરાવ્યો પણ ઈશ્વર કૃપાથી એને કાઈ થયું નહોતું.

તારો ફોન આવ્યો ત્યારે હું ઓફિસમાં હતો. અને મેં તને કહ્યું કે, જલદી હોસ્પિટલે પહોંચ. પછી મને ખ્યાલ આવ્યો કે, પૈસા જોઇશે. મેં ખિસ્સામાંથી વોલેટ કાઢીને જોયું કે, એમાં તો બહુ પૈસા હતા નહિ. સ્ટાફના એક મિત્ર પાસે હું ગયો અને એની પાસેથી પૈસા લઈને હું નીકળ્યો....પણ બહુ ખર્ચ ના થયો. દીકરા માથેથી જાણે એક ઘાત ગઈ.

એકવાર દીકરી પણ બહુ બીમાર પડી હતી. એ કાઈ ખાતી - પીતી નહોતી. અને ડોકટરે રિપોર્ટ બતાવ્યા બાદ જણાયું કે એને ટાઈફોઈડની અસર છે. આ કારણે દીકરીને અમુક જ વસ્તુ આપી શકાય એવી ડોકટરે સૂચના આપી હતી. આ સૂચનાનું પાલન કરવું આસાન નથી હોતું. એ ના પાળીએ તો રોગમાંથી બહાર આવવાનું મુશ્કેલ બની જાય છે. અને ત્યારે મા- બાપની ખરી કસોટી થાય છે. દવા નિયમિત અપાય એ આવશ્યક બની જાય છે અને સાથે એને ખોરાક પણ મળતો રહે એ જોવું પડે છે. એને સમજાવી સમજાવીને ખવડાવવું પડે છે. આ સ્થિતિમાં બાળક ઘણીવાર ચીડચીડિયું બની જતું હોય છે. મા - બાપે ધીરજ રાખીને કામ લેવું પડે છે. આપણે એ લીધું હતું. અને રાત ઉજાગરા પણ કરવા પડ્યા હતા. પણ એ રાત ઉજાગરાનો થાક ત્યારે ઊતરી ગયો હતો જ્યારે એની તબિયત થોડી સારી થઈ અને એના ચહેરા પર હાસ્ય ફરી આવવા લાગ્યું હતું. આ ક્ષણો બહુ મૂલ્યવાન હોય છે. આજે એમ થાય છે કે, એ ક્ષણોનાં ફોટા પાડી લીધા હોત તો કેવું સારું થાત. અલબત, માનસપટ પર આજે ય એ તસ્વીર અંકિત થયેલી છે. એવું જ દીકરાના કિસ્સામાં બનેલું જ્યારે એને કાઈ થયું નહિ અને આપણે બંને ઘેર પાછા ફર્યા અને દીકરો કાઈ બન્યું નથી એમ રમવા લાગ્યો.

બાળક બીમાર પડે ત્યારે મા- બાપ માટે એ સમય કાઢવો મુશ્કેલ બનતો હોય છે. સંયુક્ત કુટુંબમાં રહેતા હો તો મદદ મળી જાય છે , પણ જ્યારે એકલા રહેતા હો ત્યારે મા -બાપની પરીક્ષા થાય છે. અને એમાં ય મા ઘેર એકલી હોય તો એ મૂંઝાય જાય છે કે કરવું શું? ક્યારેક એમાં સમય નીકળી જતો હોય છે અને ક્યારેક એ નીકળી જતો સમય ભારે પડી જાય છે. આવી સ્થિતિ નિવારવી હોય તો કેટલીક બાબત ધ્યાને રાખવા જેવી છે.

એક તો, ઘરમાં થોડા રોકડા પૈસા રાખવા જરૂરી હોય છે. આજે તો ઓન લાઈન પેમેન્ટ થાય છે પણ ઘણીવાર ક્યાંક એ સવલત ના હોય તો રોકડા પૈસા હોવા જરૂરી હોય છે. બીજું કે, કે કેટલાક નંબર હાથવગા હોવા જરૂરી છે. એમાં ઘરના સભ્યોના તો ખરા જ સાથે ફેમિલી ડોક્ટરના પણ. તુરંત એમની સલાહ લઇ શકાય અને આગળ શું કરવું એની સમજ પડે. એ સાચું કે, કૈક વણકલ્પ્યું બને ત્યારે આપણે ગભરાઈ જઈએ છીએ , પણ આ વેળા સ્વસ્થતા જાળવો તો યોગ્ય નિર્ણય લેવામાં આસાની રહે છે.

બીજું કે બાળકને કોઈ સમસ્યા હોય ત્યારે લેવાતી , સામાન્ય દવાઓ પણ હાથવગી હોવી જરૂરી છે. આટલું ધ્યાન રાખીએ તો આવી એકાએક બનતી ઘટનામાં તુરંત ઉપાય મળી જાય છે. અને બાળકને યોગ્ય સારવાર સમયસર મળી જાય છે.

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## દાલ-રોટી ખાઓ... પ્રભુ કે ગુણ ગાઓ

**વાચકો,** આ અઠવાડિયે થોડી વધુ સલાહ ને વાત પૂરી !

ઉંમર વધતા ઘણાં સવાલ પરિવારજનોને પૂછવાના હોય છે. કયારેક કોઈ લાંબો પણ હોઈ શકે,પણ આજે યુવાનો પાસે સમય નથી, છતાં આપણી વાત સાંભળે એ જ મોટી વાત છે.

ઘણી વાર ઘરમાં વહુ કે દીકરી કામ કરીને કંટાળી હોય તેમાં વૃદ્ધ સાસુ-સસરા/માતા-પિતાનું વધારાનું કામ કરવું પડે ત્યારે તે અકળાઈ જાય છે. અકળામણમાં ને અકળામણમાં તે કટુ વચન સંભળાવી દે છે. આવા વખતે માઠું નહીં લગાડવાનું કે સામે તલવાર ઉગામીને ઊભા નહીં થઈ જવાનું. ચૂપ રહેવાનું. એમ સમજવાનું એ અણસમજુ છે, અકળાયેલા છે. બોલે હવે, એમને માફ કરી દેવા એ સૌથી સરળ રસ્તો છે...

પરિવારમાં કે દીકરીના સાસરિયામાં કોઈ ઝઘડો થયો હોય ત્યારે એનો ઢંઢેરા ગામમાં જઈને નહીં પીટવાનો. આ આપણાં પરિવારના પ્રશ્ન છે અને થોડા વખતમાં તે સોલ્વ પણ થઈ જશે- ઘીના ઠામમાં ઘી પડી રહેશે. પરિવારમાં સૌને પ્રેમ આપો. બધાંને તમારો પ્રેમ મળશે તો એ બધાને તમે બહુ વહાલા લાગશો. સામેથી એ પણ તમને પ્રેમ કરશે. તમે જે આપશો તે જ મળશે. આ તો કુદરતી નિયમ છે.

તમે કદાચ તમારી કારકિર્દીના સમયે ટોચ પર હતાં. તમારું બહુ નામ - બહુ માન હતું. સમય જતાં લોકો ક્રમશઃ હવે તમને ભૂલી ગયા છે. . જ્યાં સુધી લોક-નજરમાં તમે તેમની સામે હો ત્યાં સુધી તમે તેમના સ્મરણમાં રહો છો. લોકોની યાદશક્તિ ટૂંકી હોય છે. હા, તમે પોતે એ યાદોને તાજી કરવા તમારા ફોટા કે વીડિયો જો હોય તો તે જોઈને સાંભળીને વીતેલાં વર્ષોમાં કમાયેલ નામનો આનંદ મેળવી શકો છો.

ધારો કે તમે બીમાર પડ્યા છો. પરિવાર તમારી સંભાળ રાખે છે, ડોક્ટરની સલાહ પ્રમાણે તમારો ઈલાજ એ બધા વ્યવસ્થિત રીતે કરી રહ્યા છે-કરાવી રહ્યા છે ત્યારે તમારો સહયોગ આપો. તમને કદાચ એવું લાગતું હોય કે આ બરાબર નથી, પણ ખરેખર એવું નથી હોતું કારણ કે આજનું જનરેશન સ્માર્ટ છે. તેઓ એક નહીં ત્રણ ડોક્ટર સાથે સંવાદ સાધ્યા બાદ જ સારવાર શરૂ કરે છે. તેથી ‘નો વરીઝ, બી હેપ્પી.’

કુદરતી જીવન જીવો. સવારના બગીચામાં ચાલવા જાઓ. મિત્રો બનાવો. મિત્રો સાથે વાતો કરો, હસો અને હસાવો. યોગ કરો, પ્રાણાયામ કરો. હળવી કસરત કરો. સ્વાસ્થ્યવર્ધક ખોરાક ખાઓ. ખાસ કરીને સાદો ખોરાક ખાઓ. જો ડાયબિટીસ કે બીજી કોઈ પણ બીમારી હોય તો ડોક્ટરે આપેલા ડાયેટને ફોલો કરવો ફરજિયાત છે.. જે દવા રોજ લેવાની હોય તે ભૂલ્યા વગર લઈ લેવાની. દવા લેવામાં આળસ નહીં કરવાની. ‘સન્ડે-મન્ડે’ વાળી ડબ્બી આવે છે એમાં દવા રાખી દો. એટલે દવા લીધી કે નહીં એવું કન્ફ્યુઝન ન રહે દરેક પ્રોબ્લેમના સોલ્યુશન છે તેથી ગભરાવાનું નહીં. યોગ્ય આહાર, યોગ્ય વિહાર, યોગ્ય નિદ્રા અને યોગ્ય દવા લઈને વૃદ્ધાવસ્થામાં પણ સ-રસ, સ્વાસ્થ જીવન જીવી શકાય છે.

જીવન-સંધ્યાએ એમ વિચારવાનું છે કે ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાનું છે. તેથી દરેક સાથે પ્રેમાળ વર્તન રાખો. પ્રેમથી સંબંધો નિભાવશો તો તમારા ગયા પછી પણ લોકો તમને પ્રેમથી યાદ કરશે. બસ. આજથી જ આ નિયમ પાળી લો - ‘જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્રેમકી ગંગા બહા કે ચલો.’

જીવનમાં મળેલા બોનસનાં વર્ષોમાં પ્રભુનું સ્મરણ અવશ્ય કરવું. ઘર સંસાર વગેરે જવાબદારીઓના કારણે પ્રભુ સ્મરણનો સમય રહેતો નથી. પણ હવે જીવન સંધ્યાએ તમારી પાસે સમય જ સમય છે ત્યારે દિવસના બે-ચાર કલાક એકાગ્ર ચિત્તે પ્રભુ સ્મરણ કરવું. એનાથી મન શાંત રહેશે, ચિત્તમાં શક્તિનો સંચાર થશે. જીવન દરમિયાન કોઈ ભૂલ થઈ હોય, કોઈને દુભવ્યા હોય, કોઈનું અહિત કર્યું હોય તો તે યાદ કરીને ઈશ્વર પાસે માફી માગો, ફક્ત ઈશ્વર પાસે જ નહીં જેનું અહિત કર્યું હોય તેની પાસે પણ દિલથી માફી માગી લો.

બસ, પછી શું જોઈએ? જીવન સફળ...! ■



# ફેડરલના રેટ કટના આશાવાદે વિશ્વ બજાર પાછળ સેન્સેક્સમાં ૩૬૯ પૉઈન્ટની તેજી, નિફ્ટી ૧૧૮ પૉઈન્ટ વધીને ૨૬,૦૦૦ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આજે સમાપન થતી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ ઉપરાંત અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૬૮.૯૭ પૉઈન્ટની તેજી આવી હતી, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૧૭.૭૦ પૉઈન્ટ વધીને ૨૬,૦૦૦ની સપાટી પાર કરી ગયો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦,૩૩૯.૮૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલે તેજીને પ્રેરકબળ પૂરું પાડ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૪,૬૨૮.૧૬ના બંધ સામે સુધારા સાથે ૮૪,૬૬૩.૬૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪,૬૩૮.૬૮ અને ઉપરમાં ૮૫,૧૦૫.૮૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૪ ટકા અથવા તો ૩૬૮.૯૭ પૉઈન્ટ વધીને ૮૪,૯૯૭.૧૩ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૯૩૬.૨૦ના બંધ સામે વધીને ૨૫,૯૮૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૫,૯૬૦.૩૦ અને ઉપરમાં ૨૬,૦૯૭.૮૫ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૫ ટકા અથવા તો ૧૧૭.૭૦ પૉઈન્ટ વધીને ૨૬,૦૫૩.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો. એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૩૨૫ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાં ૨૪૮૨ શૅરના ભાવ વધીને, ૧૬૬૮ શૅરના ભાવ ઘટીને અને ૧૭૫ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૭૯ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૭૮ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે બંધ રહ્યા હતા

એકંદરે અમેરિકી ફેડરલ રિઝર્વ આજે બે દિવસીય બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકશે અને અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ સાથે વિશ્વ બજારમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિકમાં રોકાણકારોના વલણમાં બદલાવ આવ્યો હતો અને બૅન્ચમાર્કમાં લગભગ અડધા ટકા જેટલો સુધારો જોવા મળ્યો હોવાનું રેલિગેર બ્રોકિંગ લિ.ના રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું. વૈશ્વિક વેપારોમાં ભારત તથા ચીન સાથે અમેરિકાની ટ્રેડ ડીલ થવાની ઉજળી શક્યતા પ્રબળ બનતાં અનિશ્ચિતતાનાં વાદળો દૂર થવાનો આશાવાદ સપાટી પર આવતા એશિયન બજારોના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક બજાર મક્કમ અન્ડરટોને બંધ રહી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે અમેરિકી ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કાપ અંગેના નિર્ણય પર મંડાયેલી છે. જોકે, ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૧ શૅરના ભાવ વધીને અને નવ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૨.૭૮ ટકાનો ઉછાળો અદાણી પોર્ટસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એનટીપીસીમાં ૨.૬૧ ટકાનો, પાવર ગ્રીડ કોર્પોરેશનમાં ૨.૬૧ ટકાનો, એચસીએલ ટૅક્નોલૉજીસમાં ૨.૩૫ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૮૧ ટકાનો અને સન ફાર્મામાં ૧.૭૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૫૪ ટકાનો ઘટાડો ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈટર્નલમાં ૧.૨૪ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૧૫ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૧૦ ટકાનો, મારુતિ સુઝુકી લિ.માં ૧.૦૪ ટકાનો અને લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૦.૫૩ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૬૮ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૫૬ ટકાનો ઉછાળો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં પાવર ઈન્ડેક્સમાં ૨.૭૨ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૨.૬૧ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૨.૫૫ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૬૮ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૧.૫૧ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૩૩ ટકાનો, કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૧.૧૬ ટકાનો અને કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૦૧ ટકાનો ઉછાળો આવ્યો હતો. જોકે, તેની સામે આજે એકમાત્ર ઑટો ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. આજે એશિયન બજારોમાં ખાસ કરીને દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સમાં અને શાંઘાઈનાં એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ સુધારાના અન્ડરટોને બંધ રહ્યા હતા. તેમ જ આજે મધ્યસત્ર દરમિયાન યુરોપનાં બજારોમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

## ઈક્વિટી માર્કેટમાં સુધારો અને અમેરિકા સાથે ટ્રેડ ડીલના આશાવાદ વચ્ચે ડૉલર સામે રૂપિયો સાત પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે જોવા મળેલા સુધારાતરફી વલણ ઉપરાંત ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થવાના આશાવાદ વચ્ચે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ઘટ્યા મથાળેથી સાત પૈસા ઊંચકાઈને ૮૮.૨૨ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ, અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠક પૂર્વે અમુક રોકાણકારોના સાવચેતીના અભિગમ ઉપરાંત માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી જળવાઈ રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૨૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૨૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૩૫ અને ઉપરમાં ૮૮.૧૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાત પૈસાના સુધારા સાથે ૮૮.૨૨ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા તૂટ્યો હતો.

તાજેતરમાં અમેરિકા સાથે ટ્રેડ ડીલ થવાના આશાવાદ સાથે ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ દબાણ હેઠળ રહેતાં હોવાથી ડૉલર સામે રૂપિયામાં સુધારો જોવા મળી શકે, તેમ છતાં માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી સુધારો મર્યાદિત માત્રામાં જોવા મળે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૭.૮૫થી ૮૮.૬૦ આસપાસની રહે તેમ જણાય છે.

## દેશ-વિદેશ

### શસ્ત્ર વિરામ ખતરામાંઃ ઈઝરાયલનો ગાઝા પર ભયંકર હુમલો, ૧૦૦નાં મોત

તેલ અવિવઃ ઈઝરાયલે ગઈ કાલે ગાઝાના અનેક વિસ્તારોમાં મિસાઈલ વડે હુમલો કર્યો હતો, ૧૦૦થી વધુ પેલેસ્ટિનિયન નાગરીકોનાં મોત થયા હતા. ગાઝા સિવિલ ડિફેન્સ એજન્સીના જણાવ્યા મુજબ ઈઝરાયલે ત્રણથી વધુ જગ્યાએ હુમલા કર્યા હતાં. એજન્સીના વાહન પર મિસાઈલ હુમલામાં પાંચ લોકો માર્યા ગયા હતાં. ગાઝાની અલ-શિફા હોસ્પિટલે જણાવ્યું હતું કે હોસ્પિટલના પરિસરના પાછળના ભાગમાં હુમલો થયો હતો. સાથે જ હમાસ સાથેનો યુદ્ધવિરામ ખતરામાં મુકાયો છે. ઈઝરાયલના હુમલાની નિંદા કરતા સંયુક્ત રાષ્ટ્રસંઘના અધિકારી નવી પિલ્લેએ જણાવ્યું હતું કે ઈઝરાયલી અધિકારીઓએ ગાઝા પર કાયમી લશ્કરી નિયંત્રણ સ્થાપિત કરવા ઇરાદો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

### આંધ્રમાં વાવાઝોડામાં બેનાં મોત, પાકને ભારે નુકસાન

અમરાવતી (આંધ્ર પ્રદેશ): આંધ્ર પ્રદેશમાં ગઇ કાલ (મંગળવાર) રાતથી ફૂંકાઇ રહેલા વાવાઝોડા અને તેની સાથે આવેલા ભારે વરસાદથી બે જણ માર્યાં ગયાં હતાં, અંદાજે ૧.૫૦ લાખ એકરમાંના પાકને નુકસાન થયું હતું, વીજળી પુરવઠો ખોરવાયો હતો અને પરિવહન સેવા ખોરવાઇ હતી.

આમ છતાં, મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુએ દાવો કર્યો હતો કે રાજ્ય સરકાર વાવાઝોડાથી થનારા નુકસાનને ઓછું કરવામાં સફળ રહી છે. વાવાઝોડા નમોન્થાથની અસર પશ્ચિમ ગોદાવરી જિલ્લાના નરસાપુરની નજીક કોનાસીમા જિલ્લાના અંતરવેદી ગામમાં સૌથી વધુ થઇ હતી.આંધ્ર પ્રદેશમાંથી પ્રવેશેલા વાવાઝોડાની અસર તેલંગણા, દક્ષિણ છત્તીસગઢમાં થોડી ઓછી રહી હતી અને ત્યાં પવનની ગતિ થોડી ધીમી પડી હતી. મુખ્ય પ્રધાન નાયડુ અને અન્ય ઉચ્ચ સરકારી અધિકારીઓ બચાવ અને રાહત કામગીરી પર નજર રાખી રહ્યા છે.વાવાઝોડાથી ડાંગર અને બાગકામના પાક કે છોડને ભારે નુકસાન થયું છે. રાજ્યમાં હાલમાં અંદાજે ૧.૮ લાખ લોકોને રાહત છાવણીમાં રખાયા છે. તેલંગણામાં પણ વાવાઝોડાની સાથે ભારે વરસાદ પડતા પાકને વ્યાપક નુકસાન થયું હતું. ઓડિશા સહિત કેટલાક રાજ્યમાં મંગળવારે રાતે નમોન્થાથ નામના વાવાઝોડા સાથે ભારે વરસાદ પડવાનું શરૂ થયું હતું. (એજન્સી)

### રિયો ડી જાનેરોમાં ડ્રગ્સ કાર્ટેલ સાથે પોલીસનો જંગઃ ૬૪નાં મોત

રિયો ડી જાનેરો : બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં ડ્રગ્સની દાણચોરી કરતી ગૅંગ પર પોલીસે દરોડા પાડયા હતા. આ કાર્યવાહીમાં ૬૪ લોકોના મોત થયા છે. જયારે ૮૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે એક અધિકારીએ આપેલી માહિતી મુજબ મંગળવારે રિયો ડી જાનેરોમાં લગભગ ૨,૫૦૦ પોલીસ અને સૈનિકોએ ડ્રગ્સ હેરફેર કરતી ગૅંગ પર દરોડા પાડ્યા હતા.

આ અંગે પોલીસે જણાવ્યું કે, આ દરોડા દરમિયાન પોલીસ અને દાણચોરી કરતી ગૅંગના સભ્યો વચ્ચે થયેલા ગોળીબારમાં ચાર પોલીસકર્મીઓ સહિત ૬૪ લોકો માર્યા ગયા હતા.

### એનડીએને બહુમતી અપાવી નહેરુને સાચી અંજલિ આપોઃ રાજનાથ

દરભંગા/પટણા ૨૪૩ સભ્યવાળી બિહાર વિધાનસભામાં એનડીએને બે તૃતીયાંશ બહુમતી આપવાથી પંડિત જવાહરલાલ નહેરુના જન્મદિને એટલે કે ૧૪ નવેમ્બરે તેમને બંધબેસતી અંજલિ મળશે, એમ ભારતના સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહે બુધવારે કહ્યું હતું. તેમણે આરજેડીના શાસનને ગુંડા રાજ સાથે સરખાવીને દાવો કર્યો હતો કે બિહારને ગુંડા રાજ જોઈતું નથી. પટણા જિલ્લાના બરહમાં એક પ્રચારસભામાં બોલતા તેમણે કહ્યું હતું કે બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર આરજેડીના જંગલ રાજની માઠી અસર નાબૂદ કરવામાં સફળ થયા છે. (એજન્સી)

### ભારત-ચીન સરહદે શાંતિ, સ્થિરતા જાળવવા સહમત

નવી દિલ્હીઃ ભારત અને ચીને ઉચ્ચ સ્તરની લશ્કરી મંત્રણા યોજી હતી અને તેઓ પૂર્વ લદાખમાં સરહદની અંકુશ હરોળ (લાઇન ઑફ એક્ચ્યુઅલ કન્ટ્રૉલ) ખાતે હાલની યંત્રણાને અનુસરીને શાંતિ અને સ્થિરતા જાળવવા માટે સહમત થયા હતા.

સરહદની ભારતીય બાજુએ મોલ્ડો-ચુશુલ સીમા ખાતે બન્ને દેશના લશ્કર વચ્ચે પચીસ ઑક્ટોબરે કોર્પ્સ કમાંડર-સ્તરની મંત્રણા યોજાઇ હતી. ભારતના સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યીની વચ્ચે ઑગસ્ટમાં મંત્રણા યોજાઇ તે પછી બન્ને દેશના લશ્કરના ઉચ્ચ અધિકારીઓની વચ્ચે આ પ્રથમ વખત દ્વિપક્ષી મંત્રણા યોજાઇ હતી. (એજન્સી)

### આજની ટ્રમ્પ-જિનપિંગની બેઠક પર જગતની નજર

બીજિંગ : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ચીનના તેમના સમકક્ષ શી જિનપિંગ ગુરવારે દક્ષિણ કોરિયામાં મળશે અને વ્યૂહાત્મક અને લાંબા ગાળાના દ્વિપક્ષીય મુદ્દા પર ચર્ચા કરશે, એવી જાહેરાત ચીનના વિદેશ મંત્રાલયે કરી હતી. બન્ને વડા એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન (એપેક) સમિટ દરમિયાન મળશે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા ગાઉ જિઆકુને પત્રકારોને માહિતી આપી હતી કે ચીન ને અમેરિકા વચ્ચે નક્કી થયું છે એ પ્રમાણે પ્રમુખ શી બુસાનમાં પ્રમુખ ટ્રમ્પને મળશે અને દ્વિપક્ષીય મુદ્દાઓ અને પારસ્પરિક હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે. (એજન્સી)

### બિહારના સીએમનું, દેશના પીએમનું પદ ખાલી નથીઃ અમિત શાહ

દરભંગા/સમસ્તીપુર (બિહાર) : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે ઈન્ડિ બ્લોક પર પ્રહાર કરતા આરોપ લગાવ્યો હતો કે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ તેમના પુત્ર તેજસ્વીને બિહારના મુખ્ય પ્રધાન અને કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી તેમના પુત્ર રાહુલને પીએમ બનાવવા માંગે છે, પણ બંને પદ ખાલી નથી. દરભંગામાં એક જાહેર સભાને સંબોધતા શાહે એવો પણ પ્રશ્ન કર્યો હતો કે શું બિહારમાં કોંગ્રેસ-આરજેડી ગઠબંધન સત્તામાં આવે તો કટ્ટરપંથી સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ)ના સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી, એ શું જેલમાં રહેશે?

## સોનામાં બે ટકાની તેજી સાથે સ્થાનિક સોનામાં ₹ ૨૫૮૫નું અને ચાંદીમાં ₹ ૪૭૩૭નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થઈ રહેલી બે દિવસીય બેઠકમાં વ્યાજદરમાં કાપ અંગેના ચુકાદાની જાહેરાત કરે તે પૂર્વે આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં બાર્ગેઈન હંટિંગ નીકળતાં સોનાના ભાવમાં બે ટકાનો અને ચાંદીના ભાવમાં ત્રણ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૭૩૭નો ઉછાળો આવ્યો હતો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૭૫થી ૨૫૮૫નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો ઘટવાથી વિશ્વ બજારની સરખામણીમાં થોડો ઓછો સુધારો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી નીકળી હતી. જોકે, ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૪૭૩૭ વધીને રૂ. ૧,૪૬,૬૩૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૭૫ વધીને રૂ. ૧,૨૦,૧૪૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૫૮૫ વધીને રૂ. ૧,૨૦,૬૨૮ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઊંચા મથાળેથી માત્ર રોકાણલક્ષી માગ જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ ગઈકાલના બંધ સામે ૧.૯ ટકા વધીને ૪૦૨૮.૦૫ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૧.૫ ટકા વધીને ૪૦૪૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૮ ટકા ઉછળીને ઔંસદીઠ ૪૮.૩૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. છેલ્લાં કેટલાક સમયથી સોનાના ભાવમાં વધ્યા મથાળેથી ૧૦ ટકા જેટલો ઘટાડો આવી ગયો હતો અને હજુ સોનામાં અન્ડરટોન મજબૂત હોવાથી આજે બાર્ગેઈન હંટિંગનો ટેકો મળ્યો હોવાનું ક્વૉન્ટિટિવ કૉમૉડિટી રિસર્ચનાં વિશ્લેષક પીટર ફર્ટિંગે જણાવતાં ઉમેર્યું હતું કે શક્ય છે કે આજે ઘટ્યા મથાળેથી કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો પણ ટેકો મળ્યો હોય.

વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ આવતીકાલે (ગુરુવારે) મળનાર છે અને આ મુલાકાતમાં વેપાર વાટાઘાટોમાં પ્રગતિ થવાના આશાવાદને ધ્યાનમાં લેતા સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગ નબળી પડે અને ઘટ્યા મથાળેથી કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળશે, એમ એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું. જોકે, આજે અમેરિકી ફેડરલ રિઝર્વ બૅઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી પ્રબળ શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે. સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં રોકાણકારોની સોના અને ચાંદી જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં લેવાલી રહેતી હોય છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં બાવન ટકા જેટલો ઉછાળો આવી ગયો છે અને ગત ૨૦મી ઑક્ટોબરના રોજ ઔંસદીઠ ૪૩૮૧.૨૧ ડૉલરની વિક્રમ સપાટી સુધી ભાવ પહોંચ્યા હતા.

### સંયુક્ત ચેરીટી કમિશનરશ્રીની કચેરી-રાજકોટ
### સ્થાવર મિલ્કત વેચાણ અંગેની જાહેર નોટીસ – અરજી નં :- ૩૬/૨૦/૨૦૨૨

સંયુક્ત ચેરીટી કમિશનરશ્રી રાજકોટ સમક્ષ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-રાજકોટ નોંધણી નં. એ/૧૯૯/રાજકોટ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ ગુજરાત સાર્વજનીક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની કલમ-૩૬ હેઠળ મિલ્કતના વેચાણ માટે પરવાનગી માંગતી અરજી કરેલ છે. જેનો અરજી નં.૩૬/૨૦/૨૦૨૨ છે. સ્થાવર મિલ્કતનું વર્ણન :

| અ. નં. | મિલ્કતનું સ્થળ | મિલ્કતનો પ્રકાર | મિલ્કતનાં સર્વે નંબર | ક્ષેત્રફળ | અપસેટ કિંમત |
|---|---|---|---|---|---|
| ૧ | મુંબઈ મુકામે વી.પી. રોડ ઉપર આવેલ પ્રીતી સદન સિક્કાનગર કો.ઓપ.હાઉસીંગ સો.લી. મુંબઈ ૪૦૦૦૦૪ | ફ્લેટ | ફ્લેટ નં.૮૨, કેડેસ્ટ્રલ સર્વે નં. ૭/૬૩૯, ગીરગાંવ, મુંબઈ-૪ | ૬૬૦ ચો.ફુટ કાર્પેટ ક્ષેત્રફળ ૬૨.૪૫ ચો.મી. | રૂા.૨,૯૦,૦૦,૦૦૦/- (અંકે રૂા. બે કરોડ નેવુ લાખ પુરા ) |

ઉપરોક્ત વર્ણનથી દર્શાવિલ મિલકત હાલ ટ્રસ્ટનાં પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે, તે સહીતની જે છે તે સ્થીતી યથાવત પરિસ્થિતીમાં લાગુ લગત હરકોઈ કાયદા કાનુન ખાતા કચેરીની જોગવાઈને આધિન ગણાશે. તેમજ હાલ જે સ્થિતીમાં છે, તે સ્થિતીમાં અપસેટ કિંમત રૂા.૨,૯૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે કરોડ નેવુ લાખ પુરા) કે તેથી વધારે કિંમતે વેંચાણ કરવાની છે. આથી જાહેર જનતાને જણાવવાનું કે, ઉપરોક્ત મિલ્કત હાલ જે સ્થિતીમાં છે, તે સ્થિતીમાં ખરીદવા જે કોઈ રસ ધરાવતા હોય તેમણે તેમની ઓફરનાં ૫૦%(પચ્ચાસ) ટકા રકમનાં રાષ્ટ્રીયકૃત બેંકનો ટ્રસ્ટનાં નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર તથા જે તે ઓફરરનાં પાનકાર્ડની ઝેરોક્ષ નકલ લાખથી સીલ કરેલ સીલબંધ કવરમાં રજી.પો.એડી. થી અસલ ઓફર તથા અસલ ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર ટ્રસ્ટનાં સરનામા ઉપર તથા ઓફર અને ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડરની નકલ સંયુક્ત ચેરીટી કમિશનરશ્રીની કચેરી, જામટાવર પાસે, જામનગર રોડ, રાજકોટનાં સરનામે રજી.પો.એડી. થી કવર ઉપર અરજી નં.૩૬/૨૦/૨૦૨૨ વાળી મિલ્કત ખરીદવાની ઓફર એમ લખીને મોકલવાની રહેશે. તેમજ ઉપરોક્ત મિલકતનાં વેંચાણ સામે જો ટ્રસ્ટનાં હિતાધિકારીને વાંધો કે તકરાર હોય તો તેઓએ તેઓનાં વાંધા હિતાધિકારી હોવાનાં જરૂરી આધાર પુરાવાઓ સાથે, તેમજ નામ-સરનામા તથા સોગંદનામા સહિત વાંધા અરજી બે નકલમાં રજી.પો.એડી. થી કવર ઉપર અરજી નં.૩૬/૨૦/૨૦૨૨ સંબંધે વાંધા અરજી તેમ લખીને આ કચેરીનાં નીચે દર્શાવિલ સરનામે મોકલવાના રહેશે. ઓફર તથા વાંધાઓ તા.૧૮/૧૧/૨૦૨૫ કે તે પહેલા મળી જાય તે રીતે નીચે જણાવેલ સરનામે રજી.પો.એડી.થી મોકલી આપવા. રજુ થયેલા વાંધાઓની સુનાવણી તથા ટ્રસ્ટને મળેલ ઓફર ખોલવાની કાર્યવાહી આ કચેરીમાં સંયુક્ત ચેરીટી કમિશ્નરશ્રી, રાજકોટ સમક્ષ તા.૦૩/૧૨/૨૦૨૫નાં રોજ ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલી છે. તેથી ઓફર કરનાર અને વાંધાઓ રજુ કરનારાઓએ સદરહું દિને અને સમયે આ કચેરીમાં અવશ્ય હાજર રહેવું.

:: માંગણી મુકવાની શરતો ::

(૧) દરેક ઓફરરે પોતાની ઓફર સાથે જે નામની ઓફર કરેલ હોય તેના પાનકાર્ડની ઝેરોક્ષ નકલ ફરજીયાત મોકલવાની રહેશે. પાનકાર્ડ વગરની ઓફર આપોઆપ રદ થયેલી ગણાશે. (૨) કોઈપણ કો.ઓ.બેન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડર સાથેની ઓફર વેલીડ ગણાશે નહિં. તેમજ ડીમાન્ડ ડ્રાફ્ટ સિવાયની ઓફર (માંગણી) મુળ ઓફર સાથે ડીમાન્ડ ડ્રાફ્ટની ઝેરોક્ષ રજુ થયેલ હશે તો તેમજ મુદત વિત્યા બાદ મળેલ ઓફર કે વાંધાઓ સ્વિકારવામાં કે માન્ય રાખવામાં આવશે નહીં. (૩) અપસેટ કિંમત કરતા ઓછી ઓફર કરનારની ઓફર આપોઆપ રદ થયેલી ગણાશે. તેમજ તેમની અર્નેસ્ટ મની આપોઆપ જપ્ત થયેલી ગણાશે. (૪) મિલકતની તેમજ અન્ય આવશ્યક બાબતોની ચકાસણી કરવા માટે નીચે જણાવેલ ટ્રસ્ટનાં સરનામે ટ્રસ્ટીનો સંપર્ક કરવાનો રહેશે. (૫) મિલકત અંગે આવશ્યક એવી તમામ માહિતી તેમજ મિલકતની પ્રત્યક્ષ સ્થળ સ્થિતીની ચકાસણી તથા ચોકસાઈ કરવાની જવાબદારી માંગણીદારની પોતાની રહેશે. પાછળથી આ અંગેના કોઈપણ વાંધા કે તકરાર ઉઠાવી શકશે નહિં. (૬) જે તે મિલકત ખરીદી અંગેના દસ્તાવેજનો તથા અન્ય આનુસંગિક તમામ ખર્ચ જે તે ખરીદનારે ભોગવવાનો રહેશે. (૭) અસલ ઓફર અને અસલ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર સીલબંધ કવરમાં ટ્રસ્ટનાં નીચે જણાવેલ સરનામે રજી.પો.એડી. થી મોકલવાનું રહેશે, ઓફરની બીજી પ્રત ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડરની નકલ સાથે સીલબંધ કવરમાં સંયુક્ત ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી, જામટાવર પાસે, જામનગર રોડ, રાજકોટને રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે. ઓફરનાં બંને કવર ઉપર અરજી નંબર ૩૬/૨૦/૨૦૨૨ વાળી મિલ્કત ખરીદવાની ઓફર એમ મોટા અક્ષરે લખવાનું રહેશે. (૮) પરવાનગી હુકમનાં આધારે માન્ય કરેલ ઓફરનાં ઓફરર પાછળથી મિલકત ખરીદવાની અનિષ્છા જાહેર કરે તો ડીપોઝીટની રકમ જપ્ત થવાને પાત્ર રહેશે. (૯) મિલકત માટે એક થી વધુ ઓફર મળેથી ઓફર ખોલ્યા બાદ ઓફર કરનારાઓ વચ્ચે ટ્રસ્ટનાં વિશાળ હિતમાં બોલી બોલાવવામાં આવશે. ઉંચી બોલી બોલનાર ઓફરર તેઓને મિલ્કત વેંચાણ આપવા અંગે ટ્રસ્ટીઓ દ્વારા સંમતી આપ્યા બાદ કોઈ સંજોગોમાં મિલ્કત ખરીદવાનો ઈનકાર કરશે તો તેઓની ડીપોઝીટની રકમ તથા ભરેલ માર્જીન મનીની રકમ જપ્ત કરવાનો ટ્રસ્ટીઓને હક્ક/અધીકાર રહેશે. (૧૦) જરૂર જણાયે નવેસર થી ઓફર મંગાવવાની તથા કોઈપણ ઓફર મંજુર કે નામંજુર કરવાની સત્તા સંયુક્ત ચેરીટી કમિશ્નરશ્રી રાજકોટને રહેશે. (૧૧) સંયુક્ત ચેરીટી કમિશ્નર જે શરતો જાહેર કરે તે શરતોને આધિન વેચાણની મંજુરી આપવામાં આવશે. (૧૨) ઓફર ભરનાર સિવાયના નામે મિલ્કત વેચાણની પરવાનગી આપવામાં આવશે નહિં. (૧૩) ભાગીદાર પેઢી કે કંપની, એસોસીએશનના નામથી ઓફર ભરનારે તે અંગેના અધિકૃત આધારો ઓફર સાથે સામેલ રાખવાના રહેશે. (૧૪) ઓફર રૂા.૧૦૦૦/- ના રાઉન્ડ ફિગરમાં જ ભરવી.

| ઓફર મોકલવાનું સરનામું | વાંધા તેમજ ઓફરની ઝેરોક્ષ નકલ મોકલવાનું સરનામું |
|---|---|
| શ્રી વિરેન્દ્રભાઈ ખારા, રહે. વીર, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર શેરી નં.૩, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ સામે, રૈયા રોડ, રાજકોટ-૭. | સંયુક્ત ચેરીટી કમિશનરશ્રી, સંયુક્ત ચેરીટી કમિશનરશ્રી ની કચેરી, જામટાવર પાસે, જામનગર રોડ, રાજકોટ. |

આજ તા.૧૫-૧૦-૨૦૨૫નાં રોજ મારી સહિ અને કચેરીની મુદ્રા હેઠળ આપી.
તૈયાર કરનાર : વી.પી. બાણુગરીયા - હિસાબનીશ

(સી.કે. જોષી)
ઈ.ચા.સંયુક્ત ચેરીટી કમિશનર, રાજકોટ

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ACKW/૦૪૩૪૩૨/AEM/તા. ૨૮.૧૦.૨૦૨૫

MCGM

'ઈ'-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | આસી. કમિશનર K/ પશ્ચિમ વોર્ડ |
| પેટા-વિભાગ | આસી. એન્જિનિયર (મેઈન્ટ.) K/ પશ્ચિમ વોર્ડ |
| વિષય | K/ પશ્ચિમ વોર્ડમાં ૧૬૫ અંધેરી (પશ્ચિમ) અસેમ્બલી મતવિસ્તારમાં નાગરિકોને બેસિક સિવિલ એમિનિટિઝના સુધારણા માટે MLA દ્વારા સૂચવેલા કાર્યો (ટેન્ડર દસ્તાવેજ નં. ૨૦૨૫_MCGM_૧૨૩૩૭૮૦_૧). |
| ટેન્ડર વેચાણ | તાઃ ૩૦.૧૦.૨૦૨૫ સમયઃ ૧૧.૦૦ (સવારે)થી તા. ૦૭.૧૧.૨૦૨૫ સમયઃ ૧૪.૦૦ (બપોરે) |
| વેબસાઈટ | ૧) https://mahatenders.gov.in ૨) https://portal.mcgm.gov.in |
| સંપર્ક અધિકાર નામ ટેલિ. (ઓફિશ્યલ) ઈ-મેલ સરનામું | શ્રી સંદેશ જાધવ, આસીસ્ટન્ટ એન્જિનિયર (મેઈન્ટ.) K/ પશ્ચિમ ફોન-૦૨૨-૨૬૨૩૭૯૩૨ એક્ષ્ટે.-૩૩૪ Email-aemaint01.kw@mcgm.gov.in |

સહી/-
શ્રી ચક્રપાણી આલે
આસી. કમિશનર K/પશ્ચિમ

PRO/2036/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વૃક્ષ પ્રાધિકરણ
- પબ્લિક નોટીસ -

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જૂન ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-VIIમાં 'R/નોર્થ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ, 'R/સેન્ટ્રલ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ એટલે કે કુલ ૦૨ પ્રસ્તાવ વૃક્ષોને હટાવવા માટે સદર એક્ટની સેકશન (૮)ની પેટા સેકશન (૬) હેઠળ મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરિટી MCGM દ્વારા મંજુરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી mcgm વેબસાઈટ - www.mcgm.gov.in - About us ward / Department - Department manuals - Gardens & Tree Authority - WS304-R/North, WS305-R/Central ઉપર ઉપલબ્ધ છે.

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર
સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી
પેન્ગવીન બિલ્ડીંગ, ૨જો માળ
વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન
ડૉ. આંબેડકર રોડ, ભાયખલા (પૂ),
મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. - ૨૩૭૪૨૧૬૨
ઈ-મેલ - sg.gardens@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ
ઝોન - VII

PRO/2040/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

B.Y.L. નાયર ચે. હોસ્પિટલ
ડૉ. એ.એલ.નાયર રોડ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
નં. GE/૧૮૭ તારીખ : ૮/૧૦/૨૫

ટુંકી ઈ-ટેન્ડર નોટિસ

| નં. | વર્ણન | પ્રારંભ તારીખ | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | ફિટફ્લિક્સ ડિસ્પોઝેબલ સક્શન પ્રી લાઈનર બેગ્સ લીલો અને લાલ. (મહાટેન્ડર ID ૨૦૨૫_MCGM_૧૨૨૫૪૭૪_૧) | ૩૦.૧૦.૨૦૨૫ | ૧૧.૧૧.૨૦૨૫ |
| ૨ | OEV૩૨૧UH ૪K અલ્ટ્રા હાઈ ડેફિનેશન LCD મોનિટર. (મહાટેન્ડર ID ૨૦૨૫_MCGM_૧૨૨૫૫૦૧_૧) | ૩૦.૧૦.૨૦૨૫ | ૧૧.૧૧.૨૦૨૫ |

https://mahatenders.gov.in
સંપર્ક : ડૉ. પ્રવિણ એમ. રાઠી
મોબા.- ૯૩૨૨૪૦૬૪૪૩૮, ઈ-મેલ ID: rathipmpp@gmail.com

સહી/-
A.O.
B.Y.L. નાયર ચે. હોસ્પિટલ

ડૉ. પ્રવિણ રાઠી
પ્રોફેસર એન્ડ હેડ ડિપા. ઓફ ગેસ્ટ્રોએન્ટરોલોજી

સહી/-
ડે.ડીન
B.Y.L. નાયર ચે. હોસ્પિટલ

સહી/-
ડીન
B.Y.L. નાયર ચે. હોસ્પિટલ

PRO/2044/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ખેડૂતોના પ્રશ્નો આંદોલનો દ્વારા નહીં, વાતચીત દ્વારા ઉકેલો: ફડણવીસ

## બચ્ચુ કડુ દ્વારા નાગપુરમાં લોન માફી સહિત ખેડૂતોના વિવિધ મુદ્દે આંદોલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સત્તાધારી મહાયુતિના ઘટકપક્ષ અને અગાઉની મહાયુતિની સરકારમાં પ્રધાન રહી ચુકેલા બચ્ચુ કડુએ પોતાની જ સરકાર સામે ખેડૂતોના વિવિધ મુદ્દાને આગળ ધરીને આંદોલન કર્યું તેને પગલે રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ મુદ્દે સાથી પક્ષના નેતાને એવી સલાહ આપી હતી કે ખેડૂતોના પ્રશ્નોને આંદોલનો દ્વારા નહીં, વાતચીત દ્વારા ઉકેલવા જોઈએ.

બુધવારે પ્રહાર જનશક્તિ પાર્ટી (પીજેપી)ના નેતા બચ્ચુ કડુને ખેડૂતોના પ્રશ્નો અંગે સરકાર સાથે ચર્ચા કરવાની અપીલ કરતાં મુખ્ય પ્રધાને જનતાને અસુવિધા થાય તેવા અને 'સ્વાર્થી હિતો' દ્વારા દુરુપયોગ થઈ શકે

(જુઓ પાનું ૪) ▶▶

## નેશનલ હાઈવે પર ૨૦ કિલોમીટર લાંબો ટ્રાફિક જૅમ



મુંબઇ : મંગળવાર સાંજથી વર્ધા હાઇવે પર પાસોડી ખાતે પ્રહાર જનશક્તિ પાર્ટી દ્વારા શરૂ કરાયેલા મહા એલ્ગાર આંદોલનને કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર ૧૦ કલાકથી વધુ સમયથી ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. રસ્તાની બંને બાજુ હજારો વાહનો ફસાયેલા હોવાથી સમગ્ર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. આ ભીડને કારણે, સમૃદ્ધિ મહામાર્ગથી મુસાફરી કરતા વાહનચાલકોને પણ મુશ્કેલી પડી હતી. આખી રાત રસ્તા પર ધામા નાખનારા કેટલાક પ્રદર્શનકારીઓએ ટ્રક ડ્રાઈવરોને હેરાન કર્યા હતા. ત્યાં મુકદર્શક બનેલી પોલીસની હાજરીમાં, ટ્રાફિક જામમાં ફસાયેલી મહિલાઓ અને

(જુઓ પાનું ૪) ▶▶

## હાઈવે ખાલી કરો: હાઈ કોર્ટ

નાગપુર: બોમ્બે હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે બુધવારે પ્રહાર જનશક્તિ પક્ષના નેતા બચ્ચુ કડુ અને તેમના સમર્થકોને શહેરની બહાર વર્ધા રોડ ખાલી કરવાનો નિર્દેશ આપ્યો છે. અહીં તેઓ સંપૂર્ણ કૃષિ લોન માફીની માગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન ઓમ પ્રકાશ ઉર્ફે બચ્ચુ કડુની આગેવાની હેઠળ હજારો દેખાવકારો 'મહા એલ્ગાર મોરચા'માં ભાગ લઈ રહ્યા છે.

હાઈ કોર્ટે આંદોલનને કારણે નેશનલ હાઈવે ૪૪ (સામાન્ય રીતે વર્ધા રોડ તરીકે ઓળખાય છે) પર ટ્રાફિક ભીડને કારણે લોકોને ભારે અસુવિધા પહોંચાડવા અંગેના અખબારોના અહેવાલોની સુઓમોટો (અદાલતે પોતે) નોંધ લીધી હતી. (પીટીઆઈ)■

## ધરપકડ વહોરી લઈશું: બચ્ચુ કડુ

નાગપુર નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ ખાલી કરવાના હાઇકોર્ટના નિર્દેશ પછી પ્રહાર જનશક્તિ પાર્ટીના નેતા બચ્ચુ કડુએ બુધવારે કહ્યું હતું કે વિરોધ કરી રહેલા ખેડૂતો આદેશનું પાલન કરશે અને જેલમાં પણ જશે, સરકારે જેલમાં જરૂરી વ્યવસ્થા કરવી જોઈએ.

બચ્ચુ કડુએ સાંજે કહ્યું હતું કે તેઓ પોલીસ અને કોર્ટની કાર્યવાહીનો સામનો કરીને ધરપકડ વહોરી લેશે, ભલે હાઇકોર્ટ દ્વારા નક્કી કરાયેલ સાંજે છ વાગ્યાની સમયમર્યાદા પૂરી થઈ ગઈ હોય. ખેડૂત નેતા અને ભૂતપૂર્વ સાંસદ રાજુ શેટ્ટી પણ આંદોલનમાં સહભાગી થયા હતા. ■

# બોગસ અણુ વિજ્ઞાનીના 'મૃત' ભાઈની દિલ્હીથી ધરપકડ

## વિદેશી ન્યૂક્લિયર સાયન્ટિસ્ટ સાથે કડી, પાકિસ્તાનમાં પણ જઈ આવ્યો

મુંબઈ: ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી)નો અણુ વિજ્ઞાની હોવાનો દાવો કરનારા અખ્તર કુતબુદ્દીન હુસેની ઉર્ફે એલેકઝાન્ડર પાલ્મરની મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ૧૭ ઑક્ટોબરે ધરપકડ કર્યા બાદ હવે જાસૂસી પ્રવૃત્તિઓમાં સંડોવણી તેમ જ વિદેશના ન્યૂક્લિયર સાયન્ટિસ્ટ સાથે કડી બદલ તેના ભાઇની દિલ્હી પોલીસે ધરપકડ કરી હતી.

આરોપીની ઓળખ મોહંમદ આદિલ હુસેની ઉર્ફે સૈયદ આદિલ હુસેન ઉર્ફે નસીમુદ્દીન ઉર્ફે સૈયદ આદિલ હુસેની તરીકે થઇ હોઇ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે તેને દિલ્હીના સીમાપુરીથી ઝડપી પાડ્યો હતો. ઝારખંડના જમશેદપુરથી આરોપી બોગસ પાસપોર્ટનું રેકેટ ચલાવતો હતો. ધરપકડ બાદ આરોપીને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને સાત દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. આદિલના ભાઇ અખ્તરે

(જુઓ પાનું ૪) ▶▶

### સાયબર કૅફેના માલિકે અખ્તરના ભાઈને પણ બોગસ પાસપોર્ટ બનાવી આપ્યો હતો

મુંબઈ: બોગસ અણુ વિજ્ઞાની અખ્તર હુસેનીને નકલી આઇડી કાર્ડ તથા અન્ય દસ્તાવેજો બનાવી આપવામાં મદદ કરવા બદલ ઝારખંડના જમશેદપુરથી ધરપકડ કરાયેલા સાયબર કૅફેના માલિક મુનાઝીર નઝીમુદ્દીન ખાને અખ્તરના ભાઇ આદિલ હુસેનને પણ બોગસ પાસપોર્ટ બનાવી આપ્યો હતો. આદિલે જ તેના ભાઇની મુલાકાત મુનાઝીર ખાન સાથે કરાવી હતી.

મુનાઝીર ખાનને મંગળવારે સ્થાનિક કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેની પોલીસ કસ્ટડી ૧ નવેમ્બર સુધી લંબાવી અપાઇ હતી. બીજી તરફ અખ્તર હુસેનીને અદાલતી કસ્ટડી ફટકારવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મુનાઝીર ખાને અખ્તરને ૨૦૧૬માં બોગસ દસ્તાવેજો બનાવી આપ્યા હતા, જેને આધારે ૨૦૧૭માં તેણે અખ્તરને બોગસ પાસપોર્ટ બનાવી આપ્યો હતો. એ માટે તેણે ૧૯ હજાર રૂપિયા લીધા હતા. ■

# શિર્ડી જતી એસયુવીને નાશિક નજીક અકસ્માત: સુરતના ત્રણનાં મોત

## પૂરપાટ દોડતી એસયુવી પરથી ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યો: ડિવાઈડર અને પુલના કઠેડાથી અથડાઈ કાર ઊંધી વળતાં ચાર જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિર્ડી જઈ રહેલા સુરતના સાત રહેવાસીની એસયુવીને નાશિક નજીક નડેલા અકસ્માતમાં ત્રણનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ચાર ગંભીર રીતે ઘવાયા હતા. પૂરપાટ દોડતી એસયુવી પરનો ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતાં ડિવાઈડર અને પછી પુલના કઠેડાથી અથડાઈને એસયુવી ઊંધી વળી હતી.

યેવલા તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સંદીપ મંડલિકે જણાવ્યું હતું કે અકસ્માતની ઘટના મંગળવારની મધરાતે ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. અકસ્માતમાં જીવ ગુમાવનારાઓની ઓળખ પલક અજયભાઈ કાપડિયા, પ્રણવ દેસાઈ અને સુરેશચંદ્ર કબીરાજ શાહુ તરીકે થઈ હતી.

ગુજરાતના સુરત શહેરમાં જદાખાડી મૈધરપુરા પરિસરમાં રહેતા એકાઉન્ટન્ટ નીરજ કાપડિયા (૪૪)ની ફરિયાદને આધારે પોલીસે સાગર શાહ (૩૦) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર સાગર, પલક, સુરેશચંદ્ર, પ્રણવ, વિષ્ણુ મનોજકુમાર છકવાલા, વિક્રમ મહેન્દ્રભાઈ ઓસવાલ, બિપિન નવીનચંદ્ર રાણા ફોર્ચ્યુનર નંબર જીજે-૦૫ આરજે ૮૯૦૯માં શિર્ડી જઈ રહ્યા હતા. એસયુવી સાગર ચલાવી રહ્યો હતો. યેવલા તાલુકાના નાશિક-છત્રપતિ સંભાજી નગર હાઈવે પર એરંડગાંવથી રાયતે ગામ દરમિયાન

(જુઓ પાનું ૪) ▶▶



# મુલુંડમાં મંદિરે દર્શન કરવા જઈ રહેલાં કચ્છી વૃદ્ધાનું બેસ્ટ બસની અડફેટમાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડ વિસ્તારમાં મંદિરે દર્શન કરવા માટે જઇ રહેલાં ૮૧ વર્ષના કચ્છી વૃદ્ધાને બેસ્ટની બસે અડફેટમાં લેતાં તેમનું મૃત્યુ થયું હતું. મુલુંડ પોલીસે આ પ્રકરણે બેસ્ટ બસના ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કરીને વધુ તપાસ આદરી હતી.

મુલુંડ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અજય જોશીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મુલુંડ પશ્ચિમમાં પાંચ રસ્તા નજીક મિલ્ક સેન્ટર સામે બુધવારે સવારે ૧૦.૨૦થી ૧૦.૫૦ વાગ્યા દરમિયાન આ અકસ્માત થયો હતો. મૃતકની ઓળખ ઉષા જમનાદાસ ખેરાણી (૮૧) તરીકે થઇ હતી. અકસ્માત બાદ બસચાલક અનિકેત આંબ્રેને તાબામાં લીધો હતો. આંબ્રે વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેને નોટિસ આપવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કચ્છ ગામ મોટી વિરાણીના વતની ઉષાબહેન ખેરાણી તેમના પુત્ર ધીરેન ખેરાણી અને પુત્રવધૂ સાથે મુલુંડ પશ્ચિમમાં એન.એસ. રોડ પર

(જુઓ પાનું ૪) ▶▶

### ડ્રગ નેટવર્કનો પર્દાફાશ

# દાઉદના સાગરીત દાનિશ ચિકનાની ગોવાથી ધરપકડ

મુંબઈ: નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના નિકટવર્તી સાગરીત તેમ જ ડ્રગ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધાર દાનિશ મર્ચન્ટ ઉર્ફે દાનિશ ચિકનાને તેની પત્ની સાથે ગોવાના આલીશાન હોલીડે રિસોર્ટમાંથી ઝડપી પાડ્યો હતો.

દાઉદ ઇબ્રાહિમની ટોળકી સાથે જોડાયેલા ડ્રગ નેટવર્કની કામગીરી જોનારો દાનિશ મર્ચન્ટ ડ્રગ્સના કેસમાં વોન્ટેડ હતો અને તેની શોધ ચલાવવામાં આવી રહી હતી. દાનિશન વારંવાર પોતાનાં ઠેકાણાં બદલતો રહેતો હતો. એનસીબીના અધિકારીઓએ દાનિશ સહિત ચાર જણની ધરપકડ કરી હતી અને ૧.૩૪૧ કિલોગ્રામ મેફેડ્રોન જપ્ત કર્યું હતું.

એનસીબીના મુંબઇ યુનિટે મળેલી માહિતીને આધારે ૧૮ સપ્ટેમ્બરે મોડી રાતે પુણેમાં ડ્રગ પેડલરને ૫૦૨ ગ્રામ મેફેડ્રોન સાથે તાબામાં લીધો હતો. તેની પૂછપરછ બાદ એનસીબીની ટીમે મુંબઈમાંના દાનિશ અને તેના પત્નીના ઘરમાંથી ૮૩૯ ગ્રામ ડ્રગ્સ સાથે વધુ એક પેડલરની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. તપાસ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ પાલિકાના વૉર્ડના રિઝર્વેશનને લગતી લોટરી ૧૧ નવેમ્બરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં ૨૮ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી માટે વોર્ડના રિઝર્વેશનને લગતો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીની પાર્શ્વભૂમિ પર વોર્ડના રિઝર્વેશનને લગતી લોટરીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આગામી ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મુંબઈના ૨૨૭ વોર્ડના રિઝર્વેશનની લોટરી કાઢવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ પહેલા ચૂંટણી યોજવાનો આદેશ આપ્યો છે. તે મુજબ રાજ્યના ચૂંટણી પંચે મુંબઈ સહિત ૨૯ મહાનગરપલિકાની ચૂંટણીના વોર્ડના અનામતને લગતો કાર્યક્રમ જાહેર કર્યો છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડના રિઝર્વેશનમાં એસી, એસટી, મહિલા માટેનું રિઝર્વેશન કરવામાં આવશે. જનસંખ્યાની ટકાવારી અનુસાર

(જુઓ પાનું ૪) ▶▶









# નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુરક્ષા સીઆઈએસએફને હવાલે

નવી દિલ્હી/મુંબઈ : સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઇએસએફ)એ બુધવારે તાજેતરમાં ઉદઘાટન કરાયેલ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુરક્ષાની જવાબદારી સંભાળી છે.

૮ ઓક્ટોબરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૯,૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા દેશના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદઘાટન કર્યું હતું. આ એરપોર્ટ પર ડિસેમ્બરમાં કમર્શિયલ કામગીરી શરૂ થશે.

ઇન્ડક્શન સમારોહમાં સીઆઈએસએફના ડિરેક્ટર જનરલ (ડીજી) પ્રવીર રંજન, ફોર્સના વરિષ્ઠ અધિકારીઓ અને એરપોર્ટ સત્તાવાળાઓએ હાજરી આપી હતી. સીઆઈએસએફના આતંકવાદ વિરોધી સુરક્ષા કવચ હેઠળ આ ૭૧મું એરપોર્ટ છે. જ્યારે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પછી મુંબઈ ક્ષેત્રનું બીજું એરપોર્ટ છે જે ૧,૧૬૦ હેક્ટરમાં ફેલાયેલું છે.

પ્રથમ તબક્કામાં એરપોર્ટમાં ટર્મિનલ અને રનવે હશે જેની વાર્ષિક મુસાફરોની હેન્ડલિંગ ક્ષમતા ૨૦ મિલિયન હશે. આખો પ્રોજેક્ટ નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ દ્વારા અનેક તબક્કામાં વિકસાવવામાં આવી રહ્યો છે, જેમાં અદાણી ગ્રુપનો ૭૪ ટકા હિસ્સો છે અને બાકીનો ૨૬ ટકા હિસ્સો મહારાષ્ટ્ર સરકારની ટાઉન પ્લાનિંગ અને ડેવલપમેન્ટ એજન્સી સિડકો પાસે છે. (પીટીઆઈ)■

# સર્વેલન્સને નામે ત્રણ દિવસ વીડિયો કૉલ સામે બેસાડી રાખી ૫૦ લાખ રૂપિયા પડાવ્યા

## બૅન્કના નિવૃત્ત અધિકારીને ડિજિટલ અરેસ્ટનો ભય દેખાડી નાણાં પડાવનારા બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સર્વેલન્સને નામે બૅન્કના નિવૃત્ત અધિકારીને સતત ત્રણ દિવસ સુધી વ્હૉટ્સઍપ વીડિયો કૉલ સામે બેસાડી રાખી ૫૦.૫૦ લાખ રૂપિયા પડાવવાના કેસમાં સાયબર પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

નૉર્થ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રવિ આનંદા આંબોરે (૩૫) અને વિશ્વપાલ ચંદ્રકાંત જાધવ (૩૭) તરીકે થઈ હતી. ગુનામાં વપરાયેલા બૅન્ક ખાતા વિરુદ્ધ દેશમાં સાત ફરિયાદ નોંધાયેલી હોવાનું અધિકારીનું કહેવું છે.

આ પ્રકરણે સિનિયર સિટીઝનની ફરિયાદને આધારે ૯ ઑક્ટોબરે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બૅન્કના નિવૃત્ત અધિકારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ડિજિટલ અરેસ્ટનો ભય દેખાડી આરોપીએ ૫૦.૫૦ લાખ રૂપિયા પડાવ્યા હતા.

આરોપીએ વ્હૉટ્સઍપ કૉલ અને બાદમાં વીડિયો કૉલથી ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. આરોપીએ પોતાની ઓળખ નાશિકના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે આપી હતી. મની લોન્ડરિંગના કેસમાં ફરિયાદીની સંડોવણી સામે આવી હોવાનું જુઠ્ઠાણું આરોપીએ ચલાવ્યું હતું. ફરિયાદીના બૅન્ક ખાતાનો ઉપયોગ ગેરકાયદે

(જુઓ પાનું ૪) ▶▶

# સ્લો પોઈઝનથી દીકરીને મારી નાખ્યાની ફરિયાદ: સાસરિયાંની ધરપકડ

મુંબઈ: દહેજ માટે ત્રાસ આપીને સ્લો પોઈઝનથી દીકરીને મારી નાખી હોવાનો આક્ષેપ પિતાએ કરતાં ખાર પોલીસે સાસરિયાંની ધરપકડ કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઉત્તર પ્રદેશમાં રહેતી નેહા ગુપ્તા (૨૪)નાં લગ્ન ૧૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મુંબઈમાં રહેતા ૨૭ વર્ષના યુવાન સાથે થયાં હતાં. નેહાનો પતિ ખાનગી બૅન્કમાં કામ કરતો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે લગ્ન સમયે નવ લાખ રૂપિયા, સોનાના દાગીના અને અન્ય વસ્તુઓ આપવામાં આવ્યા છતાં લગ્ન બાદ નેહાનાં સાસરિયાંએ દહેજની માગણી કરી હતી. પિયરથી મોંઘી બાઈક લઈ આવવા તેના પર દબાણ કરાતું હતું. નેહાને ગર્ભપાત કરાવવાની ફરજ પણ પડાઈ હતી.

દહેજ ન મળતાં પતિએ છૂટાછેડાની માગણી કરી હતી. વારંવારના ત્રાસથી કંટાળીને નેહાની માતાએ માર્ચ મહિનામાં ખાર પોલીસ સ્ટેશન તેમ જ રાજ્ય મહિલા પંચમાં ફરિયાદ કરી હતી. બાદમાં પંચાયતની બેઠકમાં નેહાને ત્રાસ નહીં અપાય તેની ખાતરી સાસરિયાંએ આપી હતી. જોકે એપ્રિલ, ૨૦૨૫માં નેહાએ વડીલોને ફરિયાદ

(જુઓ પાનું ૪) ▶▶






# વરસાદની ગેરહાજરીમાં તાપમાનમાં વધારો: મુંબઈ રાજ્યમાં સૌથી ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં છેલ્લાં ચાર-પાંચ દિવસથી હળવાથી મધ્યમ સ્વરૂપના પડી રહેલા વરસાદના ઝાપટાંને કારણે મુંબઈમાં તાપમાનમાં હળવો ઘટાડો જણાયો હતો. જોકે બુધવારના વરસાદની ગેરહાજરીમાં તાપમાનમાં ૩૪.૫ ડિગ્રી જેટલું ઊંચુ નોંધાઈને મુંબઈ સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. ગરમીની સાથે જ હવાની ગુણવત્તા પણ ફરી એક વખત કથળી ગઈ હતી.

વરસાદને કારણે ગરમી અને ઉકળાટમાં થોડી રાહત જણાઈ હતી પણ બુધવારે દિવસ દરમ્યાન વાદળિયા વાતાવરણ અને વરસાદની ગેરહાજરીને કારણે તાપમાનનો પારો ફરી ઊંચો ગયો હતો. બુધવારે મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૩ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૨ ડિગ્રી અને લઘુતમ ૨૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈમાં કમોસમી વરસાદને પગલે હવામાં રહેલું પ્રદૂષણ ધોવાઈ જતા એર ક્વોલિટી ઈન્ડેક્સમાં સુધારો થયો હતો. જોકે બુધવારે ફરી એક વખત એક્યુઆઈ ઊંચો નોંધાયો હતો. સાંજના સમયે મુંબઈમાં સરેરાશ એક્યુઆઈ ૧૦૫ નોંધાયો હતો. બાન્દ્રામાં એક્યુઆઈ ૧૦૭, બીકેસીમાં ૧૦૫, બોરીવલીમાં ૧૧૫, જુહુમાં ૧૦૨, નેવી નગર-કોલાબામાં ૧૦૨, કુર્લામાં ૧૦૫, મઝગાંવમાં ૧૦૫, પવઈમાં ૧૦૫, વિલેપાર્લેમાં ૧૦૫, મુલુંડમાં ૧૧૦ જેટલો ઊંચો નોંધાયો હતો. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.